હિંદુસ્તાનના ઇતિહાસનો

સંક્ષેપ પ્રશ્નોત્તર રૂપે

સરકારે નવા ઠરાવેલા પાંચમા અને છઠ્ઠા ધોરણમાં

અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને સારૂ.

નામદાર મોરિસ, એલફિન્સ્ટન અને બાળગંગાધર

શાસ્ત્રી એઓના ગ્રંથોના ભાષાંતર ઉપરથી

બનાવનાર

વ્યાસ મહાશંકર ઈશ્વર

અ૦ મે૦ વ૦ ટ્રે૦ સ્કૂ૦ અને નં૦ ૨ ની

નિ૦ ના મુખ્ય મેહેતાજી

મેહેતાજી મગનલાલ મહાશંકરની મદદે

છપાવી પ્રસિદ્ધ કર્યો

આવૃત્તિ પેહેલી

અમદાવાદ

છાપનાર "ગુજરાત યુનિયન પ્રેસ" નો માલેક

વાડીલાલ દલીચંદ

ઠેકાણું [illegible] આગળ કાગદીઓળમાં શા૦ મોતી

હીરાચંદનું મકાન

સન ૧૮૭૧ - સંવત ૧૯૨૭

કીંમત ૬ આના.

પ્રસ્તાવના

આ પુસ્તકમાં મિ૦ મોરીસ, એલફીનસ્ટન અને બાળ-ગંગાધર શાસ્ત્રી એઓના ગ્રંથોના ભાષાંતર ઉપરથી સાર કાઢીને લખ્યો છે. પરંતુ વિશેષે કરીને મોરીસ સાહેબના ગ્રંથના ભાષાંતરનો અનુંક્રમ મેં રાખ્યો છે, કારણ કે સરકારી નિશાળમાં નવા પાંચમા અને છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થિયોને ઉપયોગી થઇ પડે.

આ પુસ્તકની વાકય રચનામાં ઘણી એક ભુલ્યો રહી હશે કેમકે આ માહારો પેહેલોજ યત્ન છે. માટે વાંચનાર વિદ્વાન દરગુજર કરશે એવી આશા રાખુ છું. વિશેષે કરીને વિરામ ચિન્હમાં વધારે ભૂલ્યો હશે. કારણ કે એનાં પ્રુફ તપાસવાને મને બરોબર વખત મળ્યો નથી.

તા૦ ૨૩મી અક-)
ટોંબર ૧૮૭૧.) વ્યાસ મહાશંકર ઈશ્વર.

છાપતાં રહી ગએલાં વાક્ય.

૭૧ મા પાનાની પાંચમી ઓળમાં સન ૧૮૧૪ માં પછી. "પેશ્વા તથા ગાયકવાડ વચ્ચે કંઈ બાબતની તકરાર પડી હતી તેનો ફેસલો કરવાને ગાયકવાડે પોતાની તરફથી ગંગાધરશાસ્ત્રીને પુને મોકલ્યા હતા. તેને પેશ્વાના સરદાર ત્રીંબકજીએ છેતરીને પુંઢરપુરમાં મરાવ્યા. આ કૃતની વાત ઈંગ્રેજે જાણી તેથી. પુનાના રેસિડેંટ"

હિંદુસ્તાનનો ઈતિહાસ

પ્રકરણ ૧ લું.

દેશની ભૂગોળ તથા પ્રાચિન ઇતિહાસ ઇ૦ સ૦ ૭૭ સુધી

પ્રશ્નોત્તર.

પ્ર૦ હિંદુસ્તાનની મર્યાદાનું વર્ણન કરો.

ઉ૦ એ દેશની પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમે હિંદી મહાસાગર તથા ઉત્તરે હિમાળો પર્વત છે.

પ્ર૦ હિંદુસ્થાનના કેટલા ભાગ છે?

ઉ૦ ઉત્તર અને દક્ષિણ, એવા બે ભાગછે.ને તે બે ભાગની વચ્ચે વિંધ્યાચળ પર્વત આવેલો છે.

પ્ર૦ ઉત્તર હિંદુસ્તાનના પ્રદેશનું વર્ણન કરો.

ઉ૦ એમાં સિંધુ અને ગંગા નદિયોનો સપાટ પ્રદેશછે તેમાં ગંગા નદીના પ્રદેશની જમીન બહુ રસાળ છે.

પ્ર૦ સિંધુ નદી પાસે કયા કયા દેશ આવે છે?

ઉ૦ પંજાબ, મુલતાન અને સિંધ.

પ્ર૦ હિંદુ લોક પહેલ વહેલા ક્યાં આગળ વસ્યા?

ઉ૦ ગંગા નદીના વિસ્તરણ અને ફળદ્રુપ પ્રદેશમાં આવી ને એ લોક વસ્યા.

પ્ર૦ હિંદુસ્તાનમાં મોટું રણ કયું છે ને તે કયાં છે?

ઉ૦ સિંધનું, એજ નામના પ્રાંતની પૂર્વે આવેલું છે.

પ્ર૦ દક્ષિણ હિંદુસ્તાનનાં પ્રદેશનું વર્ણન કરો.

ઉ૦ એમાં પહાડો ઘણા છે, તેથી જમીન ટેકરા ટેકરી વાળી છે પણ છેક દક્ષિણ તરફનો ભાગ કાંઈક રસાળ ને ફળદ્રુપ છે.

પ્ર૦ હિંદુસ્તાનમાં ઉપ્યોગી વનસ્પતિ કેઈ કેઈ છે?

ઉ૦ સાગ, સીસવ, તેજાનાના, ચંદનનાં અને ગુંદરનાં ઝાડ તથા ઘણા પ્રકારની ઔષધી સાગુ[1]અને તૃણ વક્ષ[2] ઠામ ઠામ ઉત્પન થાય છે.

પ્ર૦ હિંદુસ્તાનમાં કયા પ્રકારનાં અનાજ થાય છે?

ઉ૦ ડાંગર, ઘઊં, ચણા, મકાઈ તથા બાજરી.

પ્ર૦ હિંદુસ્તાનની જમીનમાંથી કયા ખનીજ પદાર્થો નિકળે છે?

ઉ૦ ઘણું કરીને લોઢું, [3]હિરા અને બીજાં રત્ન.

પ્ર૦ આગળ હિંદુસ્તાનમાં વેપાર કેઈ વસ્તુનો ચાલતો હતો?

---

[1]સાગુ ચોખ્ખા એને કાંજી કહે છે.

[2]સોપારીનું તાડનું, નાળિયેરીનું અને ખજુરીનું એ૦ ત્રણ વૃક્ષ છે.

[3]હાલ લોહું વિલાયતથી આવે છે.

ઉ૦ તેજાના, જવાહિર અને કિમતી વસ્ત્રોનો.

પ્ર૦ હિંદુ લોક વહેલાના સુધરેલા હોય એવું આ ઉપરથી માલમ પડે છે?

ઉ૦ એ લોકના પ્રાચિન ઈતિહાસની તો આપણને પુરી ખબર નથી પણ એઓની જૂની શિલ્પ કળાઓ તથા કવિતાઓ જોતાં માલમ પડેછે કે, યહુદી લોક શિવાય એશીઆ ખંડમાં સઘળા દેશનાલોક કરતાં વિદ્વતામાં, આચાર વિચારમાં અને સંપત્તિમાં ચડિયાતા હતા.

પ્ર૦ એ લોક વહેલાના સુધરેલા છતાં અદ્યાપી જગણ પૂર્વની સ્થિતિમાં કેમ રહ્યા?

ઉ૦ તેમના દેશના વિલક્ષણ સ્વરૂપને લીધે તથા બીજી પ્રજાઓથી અળગા રહેવાને લીધે બીજા દેશના લોકથી ઘણા કાળ પર્યંત ન્યારા રહી બીજા પ્રકારનો સંબંધ બાંધ્યો નહીં તેથી.

પ્ર૦ હિંદના કાયદા તથા શિખામણ કયા પુસ્તકમાં લખી છે?

ઉ૦ હિંદુ લોકના અનેક પ્રકારના કાયદા મનુસ્મૃતિ નામે પુસ્તકમાં વર્ણવેલા છે.

પ્ર૦ એ પુસ્તક કોણે અને કયારે રચ્યું?

ઉ૦ મનું નામના સુજ્ઞ પુરૂષે ઈ૦ સ૦ પૂ૦ ૯૦૦ વર્ષ ઉપર રચ્યું હોય એવો સંભવ છે.

પ્ર૦ પૂર્વે હિંદુઓમાં કયા પ્રકારની જાતિયો હતી?

ઉ૦ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય તથા શુદ્ર, એ ચાર જ્ઞાતિયો હતી તેમાં પેહેલી ત્રણ જ્ઞાતિયો દ્વિજ કહેવાતી.

પ્ર૦ પુરાતન કાળમાં રાજ કારભાર કેવી રીતે કરતા?

ઉ૦ રાજ્ય કારભાર રાજા તથા તેઓના અધિકારીઓ કરતા અને ન્યાય ધર્મશાસ્ત્ર પ્રમાણે બ્રાહ્મણોને પુછી ને કરતા.

પ્ર૦ પૂર્વે રાજ્ય કર શાના ઉપર લેતા?

ઉ૦ કૃશી[1] પદાર્થો તથા વેપારના માલ ઉપર.

પ્ર૦ મનુસ્મૃતિ પછી લોકમાં શો વિકાર થયો?

ઉ૦ ઘણા પ્રકારની જાતિયો બંધાઇ અને શુદ્રમાં જાત ખડાઈઓ વિગેરેની નવી નાતો ઉત્પંન થઇ.[2]

પ્ર૦ હિંદુલોક કેવી પ્રકૃતિના છે?

ઉ૦ હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગના લોક જૂદા જૂદી પ્રકૃતિના છે. બંગાળી નિર્બળ, રજપૂત શૂરવીર, મદ્રાશી અને તામિલ ભોળા, માહાષ્ટી પ્રપંચી અને તૈલંગણ તથા પશ્ચિમ કાંઠાના લોક જૂદીજ પ્રકૃતિના છે.

પ્ર૦ હિંદુ લોકમાં સદ્‌ગુણ તથા દુર્ગુણ કયા છે?

ઉ૦ સાદાઈ, સગા સંબંધી હેત, સુજનતા ઇ૦ સદગુણ અને બીકણપણું, આળસુપણું, વિવાદ બુધિ તથા અસત્યતા એ દુર્ગુણ છે.

---

1. ખેતીની ઉપજ ઉપર. 2. ઢેડ, ચામર ઇત્યાદિ.

પ્ર૦ હિંદુઓનાં ઘણાં પુસ્તકો છતાં આપણને તેનો પ્રાચિન ઇતિહાસ કેમ મળતો નથી?

ઉ૦ પ્રાચિન હિંદુ રાજાઓનાં જે વૃત્તાંત આપણને મળ્યાં છે તે કલ્પિત અને ધર્મની દંત કથાઓ સાથે એટલાં મળી ગયાંછે કે, એમાંથી દેહધારી શૂરવીર પુરૂષોનું વૃત્તાંત કયું અને કલ્પિત દેવોનું વૃત્તાંત કયું એ શોધી કહાડવું બહુ કઠણ છે.

પ્ર૦ હિંદુલોક કયાંથી આવીને આ દેશમાં વશ્યા?

ઉ૦ હિંદુસ્તાનની વાયવ્યકોણ ભણીથી આવી પ્રથમ તે ઓ ઉત્તરના ભાગમાં વશ્યા ને ત્યાંથી પછી દક્ષિણ હિંદુસ્તાનમાં ગયા.

પ્ર૦ હિંદુસ્તાનમાં પૂર્વે કયું વિખ્યાત રાજ થયું?

ઉ૦ હિંદુ ગ્રંથકારોએ જૂનામાં જૂનું અયોધ્યાનું રાજ લખ્યું છે૧ તેમાં લખવા યોગ્ય પ્રથમ રામચંદ્ર થયા તે દક્ષિણે લંકાં ઉપર સ્વારી કરી પોતાના યુધ્ધ ચાતુર્યથી એટલા પ્રખ્યાત થયા કે,પાછળના લોકોએ તેમને પુજનીક તથા દેવાંશી કરી માન્યા.

પ્ર૦ રામચંદ્ર પછી કયું વિખ્યાત રાજ થયું?

ઉ૦ હસ્તિનાપૂરમાં૨ કૌરવ પાંડવનું રાજ થયું તેમ

---

૧. એ વંશમાં સૂર્ય અને ચંદ્ર વંશની ઉત્પત્તિ થઇ હશે એવો સંભવછે. ૨. એ જગાએ હાલ દિલ્લી છે.

ણે રાજ ગાદી માટે ઈ૦ સ૦પૂ૦ ચોદસેંના સૈકામાં પ્રાય લ્પ યુદ્ધ કર્યું; તેમાં કૃષ્ણ જે ગુજરાતના રાજા તેની યુકતી વડે પાંડવો જીત્યા પરંતુ કુટંબ કળહ કીધો તેથી પરતાઇ ને પાંડવોએ હિમાળે જઈ દેહ છોડ્યા. તેવારે ગંગા નદીના પ્રદેશમાં છ સ્વતંત્ર રાજ હતાં, તેઓમાં મગધના રાજાના વંશમાં ઇસવીસનના પાંચમા સૈકા લગી રાજ ચાલ્યું. આવંશમાં ચંદ્રગુપ્ત તથા આસોક એ બે રાજાઓ ઘણાં નામાંકિત થયા તેમાં ચંદ્રગુપ્તને ગ્રીક લોક સાન્ડ્રાકોટસ કહેતા. તેની જોડે સિકંદરના સેલ્યુકસ નામે સરદારે પ્રીતિ બાંધી હતી, ચંદ્રગુપ્ત પછી થનારા આસોકે રાજનો વિસ્તાર કરી રૂડી રીતે રાજ ચલાવ્યું.

પ્ર૦ આસોક પછી કયો વિખ્યાત રાજા થયો?

ઉ૦ એના સમયમાં બીજાં સંસ્થાન હતાં, તેમના સંબંધી પૂરો વૃત્તાંત મળતો નથી પણ ત્યાર પછી કેટલેક વર્ષે માળવ દેશના ઉજ્જયણ નગરમાં મોટો શૂરવીર અને પરમાર્થી રાજા વિક્રમ થયો, તેણે ઈ૦ સ૦ પૂ૦ ૫૬ વર્ષ ઉપર પોતાના નામથી શક વરતાવ્યો, તે શક હજુ ઉત્તર હિંદુસ્તાનમાં ચાલે છે, વળી એજ પ્રાંતમાં અગિયારમા સૈકાની સમાપ્તીમાં ભોજ રાજા થયો. તે પણ હિંદુ લોકને બહું વહાલો હતો.

પ્ર૦ દક્ષિણ હિંદુસ્તાનમાં કયાં પ્રખ્યાત રાજ થયાં?

ઉ૦ એ દેશમાં ઘણાં સંસ્થાન હતાં, તેમાં સૌથી

પાંડ્ય તથા ચોળ સંસ્થાનના રાજા પ્રખ્યાત થયા. તેઓમા પાંડ્ય સંસ્થાનના રાજા ચોળ દેશના રાજા જોડે વારંવાર વિરોધ કરતા, તેમની રાજધાની મધુરામાં હતી, અને ચોળની રાજધાની કાંજેવરમાં હતી, એ સંસ્થાનનો વિસ્તાર ગોદાવરી પર્યંત પસરેલો હતો.

પ્ર૦ દક્ષિણ હિંદુસ્તાનમાં કયો શક કરતા રાજા થયો?

ઉ૦ ઈ૦ સ૦ ૭૭ વર્ષે શાળીવાહન નામે રાજા થયો, તેણે માહારાષ્ટ્રમાં રાજ કર્યું. તેના વિષે લોક એવું કહે છે કે, એણે વિક્રમ રાજાને જીત્યો હતો પણ એ અસંભવીત વાત છે.

પ્રકરણ ૨ જું

મુસલમાન રાજાઓના રાજ કારભાર.

ઈ૦ સ૦ પૂ૦ ૩૨૮થી ઈ૦ સ૦ ૧૭૪૪ સુધી.

પ્ર૦ પૂર્વે ઈરાનના કયા રાજાએ આ દેશ ઉપર ચઢાઈ કરી?

ઉ૦ હિંદુસ્તાનની દોલતથી મોહ પામી પરદેશી બળવાન રાજાઓ જેમ આ દેશ ઉપર આવતા તેજ પ્રમાણે

ઘણા મોકા ઉપર ઈરાનના દારા રાજાએ સ્વારી કરી કેટલોક ભાગ જીત્યો પણ તેની સત્તા ઝાઝી ટકી નહી.

પ્ર૦ દારા પછી કોણે ચઢાઈ કરી?

ઉ૦ ગ્રિક દેશના સિકંદર પાદશાહે ઈરાન જીતી મોટા દળ સાથે હિંદુસ્તાના પંજાબ પ્રાંતપર ચઢાઈ કરી, તેના સામો પોરસ નામે હિંદુરાજા લઢ્યો પણ તેમાં તેની હાર થઈ. પછી તે સતલજ સુધી આવ્યો. અહિં તેની ફોજના લોકે બંડ કર્યું તેથી તે સિંધ તથા બલુચિસ્તાનને રસ્તે આસિરિયા ગયો ત્યાં મરણ પામ્યો. પછી તેના રાજનો કેટલોક ભાગ તેના સરદાર સેલ્યુકસને મળ્યો. તેણે ચંદ્રગુપ્ત જોડે સલાહ કરી હતી. વળી એના તાબામાં કાબુલની ઉતરનો બાકત્રિયા (બલખ) પ્રાંત હતો, ત્યાંના લોક કેટલેક વર્ષે સ્વતંત્ર થયા ને હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી દારા તથા સિકંદર કરતાં વધારે મુલક જીત્યો, અને તેમની સત્તા પણ વધારે વર્ષ ટકી.

પ્ર૦ બાકત્રીઅન પછી હિંદુસ્તાન ઉપર કોણે સ્વારી કરી?

ઉ૦ હિંદુસ્તાનની વાયવ્ય દિશાએ અફગાનીસ્તાનમાં ગજની કરીને શેહેર છે, ત્યાં મહમદ કરી કોઈ મુસલમાન રાજ કરતો હતો તેણે હિંદુસ્તાન ઉપર ઈ૦ સ૦ ૧૦૦૧ થી બાર સ્વારીઓ કરી ઘણી લૂટ મેળવી સ્વદેશ ગયો. તેની છેલી સ્વારી સોમનાથના દેવળ ઉપર હતી.

પ્ર૦ મહમદ ગિઝનવી[1] પછી હિંદુસ્તાન ઉપર કોણે ને કેઈ સાલમાં ચઢાઈ કરી?

ઉ૦ મહમદ (શાહાબુદ્દીન) ગોરી[2] નામનો ગિઝનીમાં એક બળવાન રાજા થયો તેણે મહમદ ગિઝનવીના વંસના છેલ્લા પાદશાહને પદભ્રષ્ટ કરી ઈ૦ સ૦ ૧૧૭૬ માં હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી દિલ્લી તથા અજમેર લગણ મુલક જીત્યો અને એ બે શેહેર તેના સરદાર કુતબુદ્દીને જીતી લીધાં. વળી શાહાબુદ્દીને દીલ્લીના રાજા પૃથ્વુરાજને પાણીપતના મેદાનમાં ઈ૦ સ૦ ૧૧૯૨ માં હરાવ્યો હતો.

પ્ર૦ દિલ્લીમાં કયા મુસલમાન રાજાએ પહેલા પેહેલી રાજધાની કરી?

ઉ૦ શાહાબુદ્દીનને કાંઈ છોકરૂં ન હોવાને લીધે ગુલામો રાખી તેઓને ઉછેરતો હતો. એ રીતે તેણે કુતબુદ્દીનને ઊછેરીને મોટી પદવીએ ચઢાવ્યો હતો, માટે તેના મુવા પછી હિંદુસ્તાનની ગાદી તેને મળી, ઈ૦ સ૦ ૧૨૦૬ (એના વંશના પુરૂષોને ગુલામ રાજા એ સંજ્ઞાથી

---

૧ આ ઇતિહાસમાં માત્ર હિંદુસ્તાનમાં થએલા રાજાઓનું વર્ણન કર્યું છે.

૨ એ નામ હિંદુકુશ પર્વતની પાસેના ગોર નામના પરગણા ઉપરથી પડ્યું છે.

ઓળખે છે.)

પ્ર૦ ગુલામ વંશ પછી કયો વંશ થયો?

ઉ૦ ખીલજી. એ વંશના બીજા રાજા અલાઉદ્દીન ખુનીએ પોતાનો અમલ દક્ષિણ હિંદુસ્તાનમાં ફેલાવ્યો હતો.

પ્ર૦ ત્યાર પછી દિલ્લીની ગાદીએ કયા વંસની સ્થાપના થઇ?

ઉ૦ તગલખ વંશના રાજા થયા, તેમાં ઇ૦ સ૦ ૧૩૨૫ માં મહમદ (જુમાખાં)તગલખ કરીને એક રાજા થયો, તે બેવકુફને અવિચારી હતો તેનાં બેવકુફીનાં કામ સાંભળો. એણે વગર વિચારે ચિન ફોજ મોકલી તે રસ્તામાં આવતાં હિમાળા આગળ મરી ગઇ, વળી દક્ષિણમાંના એક શેહેરમાં ગાદી કરવાનો મનસુબો કરી દિલ્લીના લોકોને ત્યાં જવાનો હુકમ કરયો. એ જાઆવમાં હજારો માણસ મારયાં ગયાં. એ સિવાય તાંબા નાણું ચલાવી દ્રવ્ય માટે લોકો પર જુલમ કરી પોતાની મૂર્ખતા બતાવી.

પ્ર૦ મહમદ પછી થનારઃ ફિરોજશાહે કેવી રીતે રાજ ચલાવ્યું?

ઉ૦ એના પેહેલા થઇ ગએલા મુસલમાન રાજાઓ કરતાં સૌનાથી એ શ્રેષ્ઠ થયો, તેણે રૈયતના સુખને અર્થે દવાખાનાં, પુલ અને અનેક પ્રકારનાં જળાશય બંધાવ્યાં, તેના કરેલા કામમાંથી એક નેહેર અદ્યાપીલગણ રેહેલી છે, તે ઇંગ્રેજ સરકાર વાપરે છે, એ રાજા

ઈ૦સ૦૧૩૮૮માં ૩૭ વર્ષ રાજ કરી ૯૦ વર્ષની વયે મરણ પામ્યો.

પ્ર૦ તૈમુરલંગ કયા પાદશાહના વખતમાં આવ્યો?

ઉ૦ ફિરોજશાહથી છઠ્ઠો રાજા મહમદ તગલખ નામે થયો, તેના વખતમાં ક્રુર અને જંગલી તૈમુરલંગે ઈ૦ સ૦ ૧૩૯૮માં હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરી. તેણે દિલ્લી આવતાં રસ્તામાં અનેક ગામડાં બાળ્યાં, લૂટ્યાં અને તેઓના લોકને ઠાર મારયા તથા કેટલાકને બંધીવાન કરી સાથે લાવ્યો[1], દિલ્લી આવી કપટથી શેહેર સ્વાધીન લેઇ અતિ ઘણા લોકોનો ઘાત કરી પોતે દિલ્લીનો રાજા કહેવડાવી સ્વદેશ ગયો.

પ્ર૦ તૈમુર ગયા પછી કેવી રીતે રાજ ચાલ્યું?

ઉ૦ એના ગયા પુઠે દિલ્લીના રાજમાં કેવળ અધાધૂમ વળી ગયું હતું ને ઠેકાણે ઠેકાણે સ્વતંત્ર રાજા ઉત્પંન થયા. વળી દિલ્લીની ગાદી ઉપર તે વખતમાં જે રાજા હતો તેના તાબામાં ઘણોજ થોડો મુલક હતો, તેવારે તૈમૂરની વંશના છઠ્ઠા પુરૂષ બાબરે ઈ૦ સ૦ ૧૫૨૪ માં હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરી.

---

(૧) એની પાસે અતિ ઘણા બંધીવાન હોવાથી તેણે પંદર વરસથી વધારે ઊંમરના બંધીવાનોને મારી નંખાવ્યા.

પ્ર૦ બાબરની સ્વારીનું વર્ણન કરો.

ઉ૦ દિલ્લીની ગાદી ઉપર ઇબ્રાહિમ લોદી કરીને રાજા કરતો હતો. તેના સામે પંજાબના સુબાએ બંડ કરી પોતાની મદદે બાબરને બોલાવ્યો. બાબર વાયવ્ય કોણ ભણીના ઘણા પ્રાંતોમાં લઢાઇઓ કરી દિલ્લી આવ્યો, તેના સામે ઇબ્રાહિમે લશ્કર સાથે પાણીપતના મેદાનમાં મહાભારથ યુદ્ધ કરયું તા૦૨૧મી અપ્રેલઇ૦સ૦ ૧૫૨૬. આ લઢાઇમાં બાબર પાસે ઘણું થોડું લશ્કર હતું તેથી તેણે પહેલો હુમલો કરચો નહીં પણ ઇબ્રાહિમે પહેલો બાબરના ફોજ ઉપર હુમલો કરચો તેમાં તેની હારથઇ ને મરચો ગયો.

પ્ર૦ બાબરે ગાદીએ બેઠા પછી કયાં કયાં અને કોની કોની સાથે લઢાઇઓ કરી?

ઉ૦ એ પાદશાહને હિંદુસ્તાનનાં મુસલમાની રાજાઓ જીતતાં તો વાર લાગી નહીં પણ શૂરવીર રજપૂત લોકોને જીતવા બહુ કઠણ પડ્યા. મેવાડના રાજા સંગ તેણે રજપૂતની મોટી ફોજ સાથે બાબર ઉપર ચઢાઇ કરી. તેની અને બાબરની આગ્રા પાસે શિકરી ગામ આગળ લઢાઇ થઇ, તેમાં પહેલાં તો થોડી વાર સુધી બાબરની હાર થઇ પણ ધૈર્યથી બાબરે પોતના સરદારોને ઉસ્કેરી રજપૂતો સામો હુમલો કરી તેમનો પરાભવ કરચો. તારીખ ૧૬મી માર્ચઇ૦ સ૦ ૧૫૨૭. પછી બાબરે ચંદેરી ઉપર ચઢાઇ કરી ઇ૦ સ૦ ૧૫૨૮માં તે શેહેર જીતી લીધું. એ

લડાઈમાં ત્યાંના રજપૂતનો પોતાના પ્રાણ જતા લગી લડ્યા.

પ્ર૦ બાબર ક્યારે મરણ પામ્યો?

ઉ૦ એ રાજા દિલ્લીની ગાદી લીધા પછી ચાર વર્ષ રાજ્ય કરી પોતાના પુત્ર સારૂ એક વહેમી ક્રિયા કરી ઈ૦ સ૦ ૧૫૩૦ માં મરણ પામ્યો.

પ્ર૦ બાબર પછી કોણે રાજ્ય કર્યું?

ઉ૦ એ રાજાના મરણ પછી તેના મોટા દીકરા હુમાયુને ગાદી મળી, તેણે ગુજરાતના રાજા બહાદુરશાહને મંદસર આગળ હરાવ્યો. એનો એક શત્રુ શિરશાહ દગીનો હતો તેણે એને બકસર તથા કનોજ આગળ લડાઈઓ કરી ગાદી ઉપરથી ઈ૦ સ૦ ૧૫૪૦ માં ઉઠાડી મુક્યો.

પ્ર૦ શિરશાહે કેવી રીતે રાજ્ય કર્યું?

ઉ૦ એ રાજાએ બહુ સારી રીતે રાજ્ય ચલાવ્યું. એણે થોડી મુદત રાજ્ય કર્યું એટલામાં લોકના સુખને અર્થે અનેક મકાનો, રસ્તા વિગેરે બાંધ્યા. વળી વસુલ લેવાની રીતમાં તથા ન્યાય પ્રકરણમાં ઘણો સુધારો કર્યો.

પ્ર૦ શિરશાહનું શી રીતે અને ક્યારે મૃત્યુ થયું?

ઉ૦ એણે રજપૂતના એક શેહેરને ઘેરો ઘાલ્યો હતો, ત્યાં તે દાઝ્યો ને તારીખ ૨૨ મી મે ઈ૦ સ૦ ૧૫૪૫ માં મરણ પામ્યો. તેના પછી તેના વંશના માણસોએ બહુ નઠારી રીતે રાજ્ય ચલાવ્યું.

પ્ર૦ પદભ્રષ્ટ થએલા હુમાયુની શી વલે થઈ?

ઉ૦ તે હિંદુસ્તાનમાંથી નાશી ઇરાન ગયો, ત્યાંના પાદશાહે તેની પાસે સુન્ની પંથ છોડાવી શિયા પંથ પળાવી કેટલીક ફોજ મદદમાં આપી, તે મદદ વડે તેણે પોતાનું રાજ ઇ૦ સ૦ ૧૫૫૫ માં શિરશાહના કુટંબીઓ પાસેથી લેઇ લીધું તથા પોતાના ભાઇ કામરાન પાસેથી કાબુલ અને કંદહાર એ પ્રાંતો લીધા. ત્યાર પછી થોડે દહાડે તે નિસરણી ઉપરથી પડી મરણ પામ્યો. તેના પછી તેનો દિકરો અકબર ગાદિયે બેઠો. ઇ૦ સ૦ ૧૫૫૬.

પ્ર૦ અકબરે કેવી રીતે રાજ કર્યું?

ઉ૦ એ પાદશાહ ગાદીએ બેઠો તે વખતે તેની ઉમર ઘણી નાની હતી માટે રાજ કારભાર તેના વજીર બેહેરામના હાથમાં હતો. એ વજીર ડાહ્યો હતો પરંતુ તેનામાં સ્વચ્છિક પણું એ મોટો અવગુણ હતો. અકબરે મોટા થતામાં રાજ કારભાર પોતાના હાથમાં લેઇ ઘણી રૂડી રીતે રાજ કર્યું તેણે રૈયતના સુખને અર્થે અનેક પ્રકારના ઉપાઓ યોજ્યા; હિંદુમાં સતી થવાનો ચાલ બંધ કર્યો તથા વસુલાત ઉઘરાવવામાં સુધારો કર્યો. વળી તેની સઘળા પ્રકારના ધર્મની રૈયત ઉપર બરાબર પ્રીતિ હતી. આ ઉપરથી જોતાં માલંમ પડે છે કે, હિંદુસ્તાનમાં જે મુસલમાન રાજાઓ થયા તેમાં એ સર્વોત્તમ રાજા થઇ ગયો.

પ્ર૦ અકબર પછી કોણે રાજ કર્યું?

ઉ૦ તેનો દિકરો સિલીમ એ જહાંગિર (દુનિયાં-જીતનાર) એવું નામ ધારણ કરી સન ૧૬૦૫ માં ગાદી-એ બેઠો ત્યાર પછી તેણે નૂરજહાં બેગમની સાથે ઈ૦ સ૦ ૧૬૧૧ માં લગ્ન કર્યું. એ બેગમે રાજ સત્તા પોતા-ના હાથમાં રાખવા ઉપાય યોજ્યો, તેથી છેવટે બંડ થયાં. તેણે મહોબતખાં સરદાર ઉપર દ્વેષ રાખી તેને કનડવા માંડ્યો. તેથી તેણે બંડ ઉઠાવી પાદશાહને કેદ કરયો. તે કે-દમાંથી છુટ્યા પછી થોડે દહાડે મરણ પામ્યો. ત્યાર પછી તેનો દીકરો શાહજહાં ગાદિયે બેઠો તારીખ ૨૭ મી અ-કટોબર ઈ૦ સ૦ ૧૬૨૭.

પ્ર૦ શાહજહાંના રાજમાં શી હકિકત બની?

ઉ૦ એના રાજના આરંભમાંજ દક્ષિણ તથા કા-બુલમાં લઢાઈ ચાલી હતી. એ રાજાને દારા, સુજા, મુરાદ અને ઔરંગજેબ એ ચાર દિકરા હતા, તેના ઉપર એનો બહુ ભરોંસો હોવાને લીધે તેણે તેઓને મોટા મોટા અધિ-કાર સોંપ્યા. પણ સઘળા પુત્ર જૂદા જૂદા સ્વભાવના હતા, જ્યારે શાહજહાં ઈ૦ સ૦ ૧૬૫૭માં માંદો પડ્યો. ત્યારે રાજ કારભાર પોતાના મોટા દીકરા દારાને સોંપ્યો; તેથી તે-ના બીજા છોકરાએ ગાદી માટે કળહ આરંભી તેના સા-મે લઢવા ઉભા થયા. સુજાએ બંગાળેથી આવી દારા સામી પ્રથમ ચઢાઈ કરી પણ એટલામાં પાદશાહ સાજો થયો ને રાજ કારભાર પોતે કરવા માંડ્યો.

પ્ર૦ આ વેળા શાહજહાંના બીજા દીકરા શું કરતા હતા.

ઉ૦ તેનો એક શાહજાદો જે ઔરંગઝેબ તે દક્ષિણમાં હતો તેણે કપટથી મુરાદને પોતાના પક્ષમાં લેઈ દારાના સરદાર જસવંતસિંગને ઈ૦ સ૦ ૧૬૫૮ માં હરાવી દારા જોડે આગ્રાના મેદાનમાં મહાભારથ યુદ્ધ કર્યું તેમાં દારા હાર્યો. ને નાશી ગયો. પછી ઔરંગઝેબ આગ્રે જઈ પોતાના બાપ શાહજહાં તથા પોતના ભાઈ મુરાદને કેદ કરી તખ્તસીન થયો તા૦ ૨૦મી અગષ્ટ ઈ૦ સ૦ ૧૬૫૮.

પ્ર૦ ઔરંગઝેબ ગાદીએ બેઠા પછી કોની જોડે યુદ્ધ કર્યું?

ઉ૦ એનો ભાઈ જે સુજા બંગાળામાં હતો તે એના સામો ફોજ લઈને લડવા આવ્યો. તેનો એણે લડીને કેવળ પરાભવ કર્યો. તારીખ ૩જી જાન્યુઆરી ઈ૦ સ૦ ૧૬૫૯. ત્યાર પછી ઔરંગઝેબ પોતાના દીકરાને હરાવી કેદમાં નાખ્યો તથા દારાને પકડીને મારી નાખ્યો. વળી એનો બાપ પણ ઈ૦ સ૦ ૧૬૬૬માં મરી ગયો તેથી ઉત્તર હિંદુસ્તાનમાં એના સામું કોઈ ફીતુર કરનાર રહ્યું નહી, પણ દક્ષિણ હિંદુસ્તાનમાં એના શત્રુ મરેઠા વિર ઉત્પન્ન થયા હતા.

પ્ર૦ મરેઠી રાજની સ્થાપના કોણે ને ક્યારે કરી?

ઉ૦ શિવાજીએ. ઈ૦ સ૦ ૧૬૬૫માં.

પ્ર૦ એણે કેઇ રીતે રાજ્ય સંપાદન કર્યું?

ઉ૦ એ રાજાએ પહેલ વહેલાં લૂટારાની ટોળીઓ જમાવીને કેટલાક મુલક જીત્યો, અને આખરે વિજાપૂરના રાજાના સરદારને કપટથી મારીને રાયઘઢમાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો.

પ્ર૦ શિવાજી ક્યારે મરણ પામ્યો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૬૮૦ માં. તેના મરણપછી તેનો દીકરો શંભાજી ગાદીએ બેઠો. એનામાં કાંઇ શૌર્ય નહોતું તેથી ઔરંગઝેબના સરદારે તેને તથા તેના વહાલા કલુશાહને મારી નાખ્યો.

પ્ર૦ ઔરંગઝેબ ક્યારે મરણ પામ્યો તથા તેણે હિંદુઓ ઉપર શો જુલમ કર્યો ને તેથી શાં ફળ ઉત્પન્ન થયાં?

ઉ૦ ઇ૦ સ૦ ૧૭૦૭ ના ફેબ્રુઆરીની ૭ મી તારીખે, એ રાજાએ પોતાનો ધર્મ મનાવવા સારૂ હિંદુઓ ઉપર જજિયા વેરો બેસાડ્યો એટલુંજ નહીં પણ રજપૂતો ઉપર અનેક પ્રકારનો જુલમ કર્યો. તેથી તેમણે તેને તથા તેના વંશના રાજાઓને જંપવા દીધા નહીં.

પ્ર૦ નાદિરશાહ ક્યારે ને કોના વખતમાં આવ્યો તથા તેણે શું કર્યું?

ઉ૦ ઔરંગઝેબ પછી તેની કેટલીક પેઢીએ મહમદશાહ નામે રાજા થયો તેના વખતમાં જુલમી નાદિર-

શાહે ઈ૦ સ૦ ૧૭૩૮ ના નવેંબર માસમાં ચઢાઈ કરી દિલ્લીના લોકને કતલ કરી પુષ્કળ દ્રવ્ય લેઈ સ્વદેશ ગયો.

પ્ર૦ નાદિરશાહ પછી દેશની કેવી અવસ્થા થઈ?

ઉ૦ એ ક્રુર રાજા ગયા પુઠે દેશની બહુજ ખરાબ હાલત થઈ ગઈ અને ઠેકાણે ઠેકાણે સ્વતંત્ર રાજા ઉત્પન્ન થયા. તેઓમાં નિજામ, પેશ્વા અને નાગપૂરનો સરદાર એ મુખ્ય હતા. વળી સોળમા સૈકામાં થએલા શિખ લોકો પણ પુષ્કળ જોરપર આવેલા હતા

પ્ર૦ મોગલ વંશનો શી રીતે અંત આવ્યો?

ઉ૦ એ વંશમાં ઈ૦ સ૦ ૧૭૫૮ માં બીજો આલમગીર કરીને બાદશાહ થયો તેના વખતમાં અહમદ દુરાની એ (જાતે અફ્ગાન) ચઢાઈ કરીને દિલ્લી જીત્યું ત્યારથી મોગલ વંશની પૂર્ણાવતી થઈ.

પ્ર૦ તારીખ ૬ જાન્યુઆરી ઈ૦ સ૦ ૧૭૬૧ માં પાણીપતના મેદાનમાં કોનું કોનું યુદ્ધ થયું ને તેમાં શો પરિણામ થયો?

ઉ૦ અહમદ દુરાની અને મરેઠાનો રાજા જે પેશ્વા તેનો દીકરો વિશ્વાસરાવ તથા તેનો સરદાર ભાઉસાહેબ એઓની લઢાઈ થઈ તેમાં વિશ્વાસરાવ મરાયો અને મરેઠા હારયા.

પ્ર૦ મુસલમાન રાજાઓના વખતમાં હિંદુસ્તાનની રૈયતની કેવી અવસ્થા હતી?

ઉ० ફીરોજશુદ્દીન, શિરશાહ અને અકબર એ સિવાય સઘળા મુસલમાન રાજાઓના વખતમાં રૈયતને પૂર્ણ દુઃખ હતું. અભાગ્યે કોઇ કોઇ રાજાઓના વખતમાં જરા જરા સુખ મળ્યું હશે પણ હમણાં કેટલાંક વર્ષ થયાં ઇશ્વરે કૃપા કરીને માયાળુ ઇંગ્રેજ સરકારનું રાજ દર્શાવ્યું છે. કે, જે રાજ્યમાં રૈયત પાના ફુલાંમાં દિવસ નિર્ગમન કરે છે.

પ્રકરણ ૩ જું.

યુરોપીઅનોનું આ દેશમાં આવવું, ઇંગ્રેજોનું સ્થીર થવું, બંગાળાના નવાબનો ફેર, અને ઇંગ્રેજોનું કર્ણાટક લેવું તથા બંગાળના રાજમાં ફેરફાર ઇ० સ० ૧૭૬૭ સુધી.

પ્ર० યુરોપ ખંડના કયા માણસને અને ક્યારે કેપ આવ ગુડ હોપનો પેહેલ વહેલો શોધ લાગ્યો?

ઉ० પોર્તુગાલ દેશનો બાર્થોલોમ્યુડિજ નામના વહાણવટીને એ પ્રખ્યાત ભૂશિરનો ઇ० સ० ૧૪૮૭ માં શોધ લાગ્યો. તેવારે તેણે એનું નામ તોફાની ભૂશિર પાડ્યું હતું. ત્યાર પછી વાસ્કોડી ગામા ઇ० સ० ૧૪૯૮ માં પોર્તુગાલથી વહાણમાં બેશી એ ભૂશિરની પ્રદક્ષિણા કરી

દક્ષિણ હિંદુસ્તાનના કલીકટ બંદરે આવીને ઉતરયો. ત્યારથી એ ભૂશિરનું નામ કેપ આવ ગુડ હોપ (સારી આશાની ભૂશિર) પાડ્યું.

પ્ર૦ વાસકોડી ગામાને હિંદુસ્તાનમાં શું થયું?

ઉ૦ એ સરદારને મલબારના રાજા ઝામોરિન જોડે પહેલાંતો પ્રીતિ થઈ પણ પછીથી અણબનાવ થયો તેથી તે સ્વદેશ ગયો, ત્યાં તેનો સારી પેઠે આવકાર થયો. ત્યાર પછી ત્યાંના રાજા ઇમાન્યુલે વેહેપારમાં નફો જોઈ ફરીથી ઈ૦ સ૦ ૧૫૦૦માં કાબ્રાલ નામના સરદારને પહેલાં કરતાં વધારે વહાણ આપી હિંદુસ્તાનમાં મોકલ્યો.

પ્ર૦ કાબ્રાલની સફરમાં શી બિના બની?

ઉ૦ એ સરદારને પણ વાસકોડીની પેઠે ઝામોરિન જોડે પહેલાં પ્રીત થઈ ને પછીથી અણબનાવ થયો તેથી તે કોચીન બંદરથી માલ ભરી સ્વદેશ ગયો. આ બીજી વારની સફરમાં તેમને બ્રઝીલ દેશનો શોધ લાગ્યો.

પ્ર૦ પોર્તુગાલથી ત્રીજી વાર કોણ આવ્યું તથા તેણે શું કર્યું?

ઉ૦ પોર્તુગાલના રાજા ઇમાન્યુલે વહેપાર તથા રાજ સ્થાપવાને મનસુબે ત્રીજી વાર વધારે સ્વારી સાથે વાસકોડીગામાને મોકલ્યો. તેણે વેહેપારને અર્થે કોચીન તથા કાનાનોર બંદર પસંદ કરયાં અને કોચીનના રાજાને મદદ કરી ઝામોરિનને હરાવ્યો.

પ્ર૦ પોર્તુગાલથી ચોથી વાર કોણ અને કયારે આવ્યો તથા તેણે શું કર્યું?

ઉ૦ ઓલફોન્સો ઓલબુકર્ક ઈ૦ સ૦ ૧૫૧૦ માં આવી તેણે કલીકટ લેવાનો પ્રયત્ન કરયો પણ તેમાં તે નિષ્ફળ થયો. ત્યાર પછી તેણે ગોવા સુનુ દેખીને તે લઈ લીધું. તે અદ્યાપી લગણ તેઓનાજ તાબામાં છે.

પ્ર૦ ગોવા સિવાય તેઓના તાબામાં બીજી કઈ કઈ જગાઓ આવી.

ઉ૦ નિગાપટણ, મલિયાપૂર સિંહલદ્વિપનાં કેટલાંક બંદરો, ગુજરાતમાં દમણ તથા દીવ, મલાકા, કંબોજા, સુમાત્રા, જાવા, સિલિબ્બાસ અને બોર્નીઓ. એ સિવાય ચીન તથા જાપાન દેશમાં, અને ઈરાની અખાતમાંના બેટામાં તેઓનાં થાણાં હતાં.

પ્ર૦ પોર્તુગીજ (ફિરંગી) પછી યુરોપ ખંડના કયા લોક આ દેશમાં આવ્યા અને તેઓના તાબામાં કઈ કઈ જગાઓ હતી?

ઉ૦ હોલાંડના રહેવાસી ડચ (વલંદા) લોકોએ ઈ૦ સ૦ ૧૬૦૨ ના માર્ચ મહીનાની ૨૯ મી તારીખે પોતાના સરકાર પાસેથી સનદ મેળવી આ દેશમાં આવ્યા. પછી તેમણે ઈ૦ સ૦ ૧૬૧૯ માં જાવા બેટમાં બતેનવિયા શેહેર વસાવીને પૂર્વના દેશમાં પોતાની રાજધાની કરી. વળી તેમના તાબામાં હિંદુસ્તાનનાં નેગાપાટલ પુલિકાટ, અને

ચિ·સુરા ઈ૦ શેહેરો હતાં.

પ્ર૦ ડચ પછી કયા લોકો આ દેશમાં આવ્યા અને તેમણે પોતાની કોઠી કયાં અને કેઈ સાલમાં કરી તથા તે વખતે ઈંગ્લાંડ તથા હિંદુસ્તાનમાં કોણ રાજ કરતું હતું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૫૯૯ના ડીસેમ્બરની ૩૧મી તારીખે ઈંગ્લાંડના લોકોએ પોતાની સરકાર પાસેથી હિંદુસ્તાનમાં વેપાર કરવાની પરવાનગી મેળવી ઈ૦ સ૦ ૧૬૧૨માં તેઓએ સુરતમાં લાતી બાંધી. જે વેળા ઈંગ્રેજો સનદ મેળવી આ દેશમાં આવ્યા તે વેળા ઈંગ્લાંડમાં રાણી ઈ-લીઝાબેથ અને હિંદુસ્તાનમાં પાદશાહ અકબર રાજ કર તો હતો.

પ્ર૦ ઈ૦ સ૦ ૧૬૨૧[1]માં આંબોયનામાં શો બના વ બન્યો?

ઉ૦ ઈંગ્રેજ ડચ અને પોર્તુગીજ લોકો વચ્ચે વેહે પારને અર્થે બહુ દહાડા તકરાર ચાલી બાદ ઈંગ્રેજ તથા ડચ લોકે સંપીને વેહેપાર કરવો ઠરાવ્યો તે છતાં આ બોયનાના ડચ લોકે કેટલાએક ઈંગ્રેજોને મસાલાના બે ટોમાંથી કાઢી મુકયા તથા મારી નાખ્યા.

પ્ર૦ ઈંગ્રેજ લોકોએ પહેલ વહેલાં આ દેશમાં કયાં અને કયારે થાણાં કરયાં

---

૧ બી૦ ગ્રં ૨૩ છે.

ઉ૦ ચંદ્રગિરના રાજાની પરવાનગી લેઇ ઇ૦ સ૦ ૧૬૩૯રમાં મદ્રાસમાં થાણું કરયું ત્યાર પછી ઇંગલંડના બીજા ચાર્લસ રાજાએ પોતાને પોર્તુગીજ પાસેથી ઇ૦ સ૦ ૧૬૬૧ માં પહેરામણીમાં મળેલો બેટ ઇ૦ સ૦ ૧૬૮૦ માં કંપનીને સ્વાધીન કરયો તેનું બંદર વેહેપારમાં ઇંગ્રેજોને સુલભ પડ્યું.

પ્ર૦ યુનૈટેડ ઇસ્ટઇંડિયા કંપની કયારે ને કેઇ રીતે સ્થપાઇ?

ઉ૦ ઇસ્ટઇંડિયા કંપનીના અવ્યવસ્થા જોઇ લંડનના બીજા વેહેપારીઓએ એક નવી કંપની ઉભી કરી બે કરોડ રૂપીઆ આપી પોતાના રાજા પાસેથી હિંદુસ્તાનમાં વેહેપાર કરવાની ઇ૦ સ૦ ૧૬૯૩માં પરવાનગી મેળવી. આ બે કંપનીઓમાં અદેખાઇ અને કજીઓ કેટલાક વર્ષ ચાલ્યો. છેલ્લે ઇ૦ સ૦ ૧૭૦૨ના જુલાઇની ૨૨મી તારીખે બંને કંપનીઓ મળીને એક થઇ તેનું "યુનૈટેડ ઇસ્ટઇંડિયા કંપની" એવું નામ પાડ્યું તે કંપનીનો કારભાર ઇ૦ સ૦ ૧૮૫૮ સુધી ચાલ્યો. ત્યાર પછી કંપનીના તાબાનો મુલક રાણીએ પોતાના સ્વાધીનમાં લીધો.

પ્ર૦ ઇંગ્રેજો પછી કયા લોકો આવ્યા અને તેઓએ વેપારના સ્થળ કયાં ઠરાવ્યાં?

---

૧ બી૦ ગ્રં૦ ગોવળકોંડાછે. ૨ બી ગ્રં ૪૦

ઉ૦ ફ્રેંચ એ લોકોએ ઈ૦ સ૦ ૧૭૦૦[1] માં આવી સુરતમાં કોઠી બાંધી ત્યાર પછી ચાર વર્ષ તેઓએ પાંડીચેરીમાં થાણું ઘાલ્યું અને પાસેનાં મહી અને ચંદ્રનગર એ બે નાનાં સંસ્થાનો લેઈ લીધાં.

પ્ર૦ ફ્રેંચો પછી કયા લોકો આવ્યા ને તેમનો શો પરિણામ થયો?

ઉ૦ ડેન્માર્કના લોકોએ ઈ૦ સ૦ ૧૬૧૮ માં પોતાના રાજાની પરવાનગી મેળવીને હિંદુસ્તાન સાથે વેહેપાર કરવા માંડ્યો અને તંજાવરના રાજા પાસેથી ત્રાંકિવબાર લીધું. પણ તેમનો વેહેપાર ઠીક ચાલ્યો નહીં તેથા ઈ૦ સ૦ ૧૭૨૯ માં એ કંપનીએ વેહેપાર કરવો મુકી દીધો.

પ્ર૦ ફોર્તસેંત દેવિદનો કિલ્લો કયાં અને કોણે બાંધ્યો?

ઉ૦ કરમાંડલ કાંઠા ઉપર કડાલોર પાસે નેગના પટણમાં ઈંગ્રેજોએ બાંધ્યો.

પ્ર૦ ફોર્તસેંત વિલિયમનો કિલ્લો કયાં કયારે અને કોણે બાંધ્યો.

ઉ૦ બંગાળામાં. જ્યાં હાલ કલકત્તા શેહેર છે તે જગા વેચાથી લેઈ ઈ૦ સ૦ ૧૭૦૦માં ઈંગ્રેજોએ બાંધ્યો

---

૧ બીં૦ ગ્રં૦ ૧૬૭૫ લખ્યા છે.

તે વેળા કલકત્તા એક નાનું સરખું ગામડું હતું.

પ્ર૦ મદ્રાસના ફોર્તસેંત જ્યોર્જના કિલ્લા ઉપર કોણે અને ક્યારે ચઢાઇ કરી તથા તેમાં શું થયું?

ઉ૦ ફ્રેંચ સરદાર લાબર્દોને ઈ૦ સ૦ ૧૭૪૬ માં પોતાની સરકારના હુકમથી એ કિલ્લા ઉપર પાંચ દિવસ ઘેરો ઘાલી તા૦ ૧૦ સપ્તેંબરે સ્વાધિન લીધો. પણ પછીથી એ કીલ્લો કંઇ દ્રવ્ય લેઇ પાછો આપવો એવો ઠરાવ કરચો. એ ઠરાવ ફ્રેંચના ગવર્નર ડુપ્લેને ગમ્યો નહીં તેથી તેણે લાબર્દોન ઉપર દ્વેષ કરવા માંડ્યો.

પ્ર૦ ફોર્તસેંત દેવિદ ઉપર કોણે અને ક્યારે હુમલો કરચો તથા તેમાં શું થયું?

ઉ૦ એ કિલ્લા ઉપર ડુપ્લેએ નવેંબર ઈ૦ સ૦ ૧૭૪૬માં અને માર્ચ ઈ૦ સ૦ ૧૭૪૭માં કર્ણાટકના નવાબની સહાયતાથી બે હુમલા કરચા પણ એટલામાં ઇંગ્લાંડથી એક ફોજ જળમાર્ગે આવી પહોંચી તેથી ફ્રેંચોને પાછા પાંદીચેરી જવું પડ્યું.

પ્ર૦ દેવિદકોટા ઇંગ્રેજોને શી રીતે પ્રાપ્ત થયું?

ઉ૦ ઈ૦ સ૦ ૧૭૪૯ માં તંજાવરમાં લડાઇ ચાલતી હતી એ લડનારમાંના એક જણને ઇંગ્રેજે મદદ કરી તેમાં તે જીત્યો માટે દેવિદકોટા ઇંગ્રેજોને ઇનામ દાખલ આપ્યો.

પ્ર૦ આર્કાટ તથા હૈદરાબાદની લઢાઇનું વર્ણન કરો?

ઉ૦ આર્કાટ તથા હૈદરાબાદના રાજા મરણ પામ્યા ત્યાર પછી આર્કાટની ગાદિએ નવાબ અનવરૂદ્દીન અને હૈદ્રાબાદની ગાદીએ નિજામ નાસીરજંગ બેઠો. આ બે રાજાના શત્રુ અનુક્રમે ચંદા સાહેબ અને મીરજાફરજંગ હતા. તેમણે પોતાની મદદે ફરેંચ લોકોને બોલાવ્યા તેઓએ ઈ૦ સ૦ ૧૭૫૦ માં ઉપર કહેલા બે રાજાઓ સાથે લડાઈ કરીને તેમને હરાવી પદભ્રષ્ટ કર્યા અને રાજ ગાદી એ ચંદાસાહેબ તથા નાશીરજંગને આપી. આ બિનહક રાજાઓને રાજ અપાવનાર ફરેંચ સરદાર બુસી ઘણો શૂરવિર અને બહાદુર પુરૂષ હતો. આ રીતે ઠેરઠેર ડુપ્લીની જીત થવાથી તેને દક્ષિણ હિંદુસ્તાનનો સુબો એવી પદવી પ્રાપ્ત થઈ તેથી તેણે હરખાઈને પોતાની જીતની જગાએ કિર્તિ સ્થંભો તથા ડુપ્લી આબાદ નામે શહેરો વસાવ્યાં.

પ્ર૦ જે રીતે ફરેંચો દેશી રાજાઓને મદદ કરતા તે રીતે ઈંગ્રેજો મદદ કરતા કે નહી?

ઉ૦ ઈંગ્રેજોએ સામા પક્ષવાળા (અનવરૂદ્દીન અને નાસીરજંગ) ને મદદ કરી હતી પણ તેઓની હાર થઈ ને શત્રુએ તેમને ત્રિચીના પલીમાં ઘેરી લીધા.

પ્ર૦ ઈંગ્રેજોના કયા સરદારે અને કયારે આર્કાટ ઉપર ચઢાઈ કરી અને તે સરદારમાં કયા સારા ગુણ હતા?

ઉ૦ રોબર્ટ કલાઈવ સાહેબે તારીખ ૨૬ મી અગષ્ટ ઈ૦ સ૦ ૧૭૫૧ માં ૨૦૦ ઈંગ્રેજ તથા ૩૦૦ કાળા

લોક સાથે એ દેશ ઉપર ચઢાઈ કરી દિલ્લી ગયો. તે શે હેર જીતી લેઈ તેનો કોટ સુધરાવવા માંડ્યો. એ સરદારમાં ધૈરચતા, ચતુરાઈ અને અગમ વિચાર ઇત્યાદિ સારા ગુણ હતા.

પ્ર૦ જે વખતે કલાઈવ સાહેબે આર્કાટ ઉપર ચઢાઈ કરી તે વખતે તેના સામું કોણ થયું તથા તેમાં શો પરિણામ થયો?

ઉ૦ એ શેહેર ઉપર કલાઈવે ચઢાઈ કરી તે વખતે ત્યાંનો નવાબ ચંદા સાહેબ ત્રિચીના પલીમાં હતો, તેણે આર્કાટ લીધાની વાત સાંભળી પોતાના દિકરા રાજા સાહેબને ૧૬૦ ફ્રેંચ સુધાં ૧૦૦૦૦ ફોજ સાથે આર્કાટની વાહારે મોકલ્યો તારીખ ૨૨ મી અગષ્ટ ઇ૦ સ૦ ૧૭૫૧. તે ૫૦ દહાડા સુધી ઘેરો ઘાલી ઈંગ્રેજી સૈન્ય જોડે લઢ્યો. પરંતુ હિમતવાન ઈંગ્રેજી ફોજ અતિ દુઃખી થતા લગી હઠી નહિ. વળી તેમના મદદને સારૂ મદ્રાસથી કાંઈ લશ્કર મોકલવામાં આવ્યું પણ તે નિષ્ફળ ગયું. રાજા સાહેબે કિલ્લાના લોકોને હામ, દામ ઇત્યાદિથી છળ ભેદ કરી તેમને તાબે કરવાનો મનસુબો કરચો. પણ જ્યારે કાંઈ ન ફાવ્યું ત્યારે તારીખ ૧૪ મી નવેંબરે મુસલમાનનો મોટો તેહેવાર જે મોહોરમ તે દહાડે રાજા સાહેબે પસારો કરચો. તેની ફોજને કલાઈવે ઠામ ઠામથી હઠાવી દીધી બાદ મધરાત્રી સુધી તોપો મારી તેથી વેરાઈ ગયા. આ લઢાઈ

માં મરેઠા સરદાર મોરારીરાવે ઈંગ્રેજોને મદદ કરી હતી. પછી મદ્રાસથી મદદ આવી એટલે કલાઈવે રાજા સાહેબની પાછળ પડી આર્નો ગામ આગળ તેને હરાવ્યો. તેમાં શત્રુનો ખજાનો પોતાને હાથ આવ્યો; એટલુંજ નહીં પણ ફ્રેંચ લોકોના કવાયત શિખેલા ૬૦૦ દેશી માણસો આવીને ઈંગ્રેજની નોકરીમાં રહ્યાં.

પ્ર૦ કલાઈવે રાજા સાહેબને બીજી વાર કયાં આગળ હરાવ્યો?

ઉ૦ એ સરદારે આર્નીથી આવતાં રસ્તામાં ફ્રેંચના તાબાનું કાંજીવરનું દેવળ હસ્તગત કર્યું. બાદ ત્રણ મહિને રાજા સાહેબે ૪૦૦ ફ્રેંચ લોક સહવર્તમાન ફોર્ત સેંત જ્યોર્જ ઉપર હલ્લો કર્યો. આ વખત કલાઈવ મદ્રાસમાં આવ્યો એવું સાંભળી તે ઉભી પુછડીએ પાછો નાઠો. કલાઈવે તેમની પાછળ પડી કાવરપાર આગળ હરાવ્યો ફેબ્રુઆરી ઈ૦ સ૦ ૧૭૫૨. પછી તે ડુપ્લીના કિર્તિ સ્થંભો ભાગી તથા ડુપ્લી આબાદનો નાશ કરી ફોર્તસેંત દેવિદ ગયો.

પ્ર૦ સિરંગહામમાં શા કારણથી ફ્રેંચ લોકો ઈંગ્રેજોને સ્વાધિન થયા?

ઉ૦ ઈંગ્રેજોએ ત્રિચિનાપલીને ઘેરો ઘાલ્યો હતો તે ઘેરાની ફોજમાં પ્રતિદિન માણસનો ઘટારો થતો ચાલ્યો માટે તેની મદદને સારૂ લશકર મોકલવાનો નિશ્ચય તા૦ ૧૭ મી માર્ચે કર્યો. આ વખતે મેજર લારેન્સ ઈંગ્લાંડથી

પાછો આવ્યો હતો. તે વખતે કર્ણાટકનો નવાબ મહમદ-અલ્લી પોતાની ગદ્દે ૧૦૦૦ મહિશૂરથી અને ૬૦૦૦ તંજાવરથી મરેઠાનું લશ્કર લેઇ ફ્રેંચ સામો તૈયાર થયો. આ રીતે પોતાના બે શત્રુ જોઇ ફ્રેંચ લશ્કર સિરંગહામ બેટમાં નાશી જઇ એજર નામના દેવળમાં રહ્યા, ત્યાં તેમને શત્રુએ ઘેરી લીધા, તેથી થોડા વાર લઢ્યા બાદ ઈંગ્રેજને સ્વાધિન થયા.

પ્ર૦ ચંદાસાહેબનું શી રીતે મૃત્યું થયું?

ઉ૦ એ નવાબના સલ્હકાર ફ્રેંચોએ તેને મુકી દીધો તેથી તે તંજાવરના સેન્યાપતીને શરણે થયો. તેણે તેને અભય વચન આપી ઈ૦ સ૦ ૧૭૫૨માં મારી નાખ્યો.

પ્ર૦ બાહુર ગામ આગળ ઈંગ્રેજોને કોની સાથે લઢાઇ થઇ?

ઉ૦ ત્રિચિના પલી જીતી જિંજિનો કિલ્લો તાબે કરયા પછી જનરલ લોરેન્શને સેંત દેવિદ જતાં રસ્તામાં બાહુર ગામ આગળ ફ્રેંચ લશ્કર સાથે લઢાઇ થઇ તેમાં ઈંગ્રેજોનો વિજય થયો. વળી કલાઇવ સાહેબને મદ્રાસ પાસેના કોવેલાંગ તથા ચંગલીપટ એ બે કિલ્લા લેવાને મોકલ્યો હતો તે તેણે શુરવિરતાથી સપ્ટેમ્બર તથા અકટોંબરમાં સ્વાધિન કરયા. પછી તેની તબિયત બગડવાથી તે પાછો ઇંગ્લાંડ ગયો.

પ્ર૦ ડુપ્લી કેવી અવસ્થાએ મરણ પામ્યો?

ઉ૦ એ ગવર્નરના કામથી ફ્રેંચ સરકાર નાખુશ થઇ માટે તેને તેની જીતને ઠેકાણેથી પાછો બોલાવી બહુ દુખ દીધું, તેથી તે ઇ૦ સ૦ ૧૭૫૪ માં મરણ પામ્યો.

પ્ર૦ ફ્રેંચે ઇંગ્રેજો જોડે કેવી રીતે સલાહ કરી?

ઉ૦ એ સરકારના ગોધુમ નામના અમલદારે આ દેશથી અજાણ્યા હોવાને લીધે ઇંગ્રેજને માફક આવે એવા કોલ કરાર કરી સહુલા કરી.

પ્ર૦ કલાઇવે બીજી વાર ઇંગ્લાંડથી આવી શું કર્યું?

ઉ૦ ઇંગ્રેજ સરકારે હિંદુસ્તાનમાં પોતાના દેશના રક્ષણને અર્થે એ સરદારને ફોર્તસેંતદેવિદનો ગવર્નર અને ફોજનો લેફ્ટેનેન્ટ કર્નલ એવો અધિકાર આપી, હિંદુસ્તાનમાં મોકલ્યો તેણે આવી મરેઠાનો તારીખ ૧૩ મી ફેબ્રુઆરી ઇ૦ સ૦ ૧૭૫૬માં ઘેરીઆનો કિલ્લો તોડી જળ માર્ગે ચોરીઓ કરનાર મરેઠાઓનો નાશ કર્યો.

પ્ર૦ ઇંગ્રેજ પાસેથી કલકત્તા કોણે લીધું તથા તેણે બીજું શું કર્યું?

ઉ૦ બંગાળા બહાર તથા ઓઢીઆં પ્રાંતમાં નવાબ અલીવર્દીખાંન રાજ કરતો હતો. તે જ્યારે મરી ગયો ત્યારે તેનો છોકરો સુરાજ ઉદ્દવલ્લા ગાદીએ બેઠો. તે સ્વાર્થિ અને ઘાતકી હતો. તેણે ઇંગ્રેજ ઉપર દ્વેષ રાખી નજીવાં બાનાં કાઢી ઇ૦ સ૦ ૧૭૫૬ના જુન મહિ-

નાની તારીખ ૧૮મીથી ૨૦મી સુધી કલકત્તાને ઘેરો ઘાલી તે શેહેર જીતી કબજે લેઇ ૧૧૯ માણસ કેદ પકડી તેમને એક સાંકડી ઓરડીમાં પુરયા. તે બાપડા તેમાં ગુંગળાઇને મરણ પામ્યા.

પ્ર૦ ઇંગ્રેજોને કલકત્તા પાછું શી રીતે મળ્યું?

ઉ૦ કલકત્તાના ઇંગ્રેજોની હાર થઇ એવી વાત સાંભળી મદ્રાસના ઇંગ્રેજો ક્રોધે ભરાયા તેથી ફોર્તસેન્ત દેવિદના ગવર્નર કલાઇવે કલકત્તા ઉપર ચઢાઇ કરી, તેણે રસ્તામાં જતાં કેટલાક કિલ્લા જીતી લીધા બાદ કલકત્તા સ્વાધિન કરયું તારીખ ૨જી જાન્યુઆરી ઇ૦ સ૦ ૧૭૫૭. આ ખબર નવાબ સાંભળતાં મોટું દળ લેઇ કલકત્તાની વાહારે આવ્યો, તેને કલાઇવ સાહેબે હરાવ્યો, તેથી તેણે સલાહ કરવાની મરજી બતાવી. કલાઇવ સાહેબને સલાહ કરવાની મરજી નહોતી પણ કંઇ કારણસર તે કબુલ કરવી પડી. તે સલાહમાં નવાબે બંગાળામાં જે ઇંગ્રેજોનાં જે થાણાં હતાં તે તેમને સ્વાધીન કરયાં તથા ઇંગ્રેજો પાસેથી માલ ઉપર જકાત લેવી બંધ કરી અને કલકત્તામાં કિલ્લો બાંધવાની તેમને પરવાનગી આપી.

ઉ૦ ફરેંચ લોકોનું ચંદ્રનગર કોણે અને કયારે જીત્યું?

ઉ૦ કલાઇવ સાહેબે કલકત્તા લીધા પછી એ શેહેર ઉપર ઇ૦ સ૦ ૧૮૫૭ના માર્ચ મહિનાની ૨૩મી તા

શાંએંબું ચઢાઈ કરી જીતી લીધું.

પ્ર૦ કલાઈવ સાહેબે પ્લાસી આગળ સુરાજા ઉદ્દવલ્લા સાથે ક્યારે અને ક્યા કારણથી યુદ્ધ કર્યું?

ઉ૦ એ નવાબના અપ્રમાણિકપણાને લીધે એની રૈયત એનાથી કંટાળી હતી તેથી તેમણે એવો નિશ્ચય કર્યો કે એ નવાબની ગાદિ તેના સેનાપતિ મિરજાફરને આપવી એ વાત તેમણે ઈંગ્રેજોને જણાવ્યાથી તેમણે એ તર્કટમાં ભળવાની હા કહી. અને મિરજાફરની મદદ કરી સુરાજા ઉદ્દવલ્લાને પ્લાસી આગળ દારૂણ યુદ્ધ કરી હરાવ્યો તારીખ ૨૩ મી જુન ઇ૦ સ૦ ૧૭૫૭. ત્યાર પછી કલાઈવ સાહેબે પોતાને હાથે મિરજાફરને નવાબની ગાદિએ બેસાડ્યો.

પ્ર૦ પ્લાસીની લઢાઈમાં ઈંગ્રેજોએ કોની કોની સાથે કપટ કર્યું?

ઉ૦ સુરાજા ઉદ્દવલ્લા તથા એક સદગૃહસ્થ અમીચંદ જોડે કલાઈવે સુરાજા ઉદ્દવલ્લાને લખી મોકલ્યું કે તમારે અમારા વિષે કાંઈ વહેમ આણવો નહીં, અને અમીચંદને ત્રીશ લાખ રૂપીયાનું ખોટું ખત કરી આપ્યું કે તમારે આ તર્કટની વાત કોઈને કહેવી નહીં આપડો વાણીઓ લઢાઈ બંધ થઇ અને ઈંગ્રેજોની જીત થઇ ત્યારે રૂપીઆ લેવા ગયો ત્યાં ખત ખોટું પડ્યું તેથી હબક ખાઈ દીવાનો થઇ થોડે દહાડે મરણ પામ્યો.

પ્ર૦ સુરાજા ઉદ્દવલ્લાની શી વલે થઇ?

ઉ૦ એ નવા પ્લાસી આગળથી નાશી મુર્શિદાબાદ ગયો ને ત્યાંથી નાઠો તે કોઇ શત્રુએ પકડી મીરજાફરને સોંપ્યો. ત્યાં મીરજાફરના દિકરાએ તેને ઘાતકી રીતે મારી નાખ્યો.

પ્ર૦ આ વેળા દક્ષિણના ઇંગ્રેજોએ શું કર્યું?

ઉ૦ કર્ણાટકમાં નવાબ મહમદઅલ્લી કરીને રાજા કરતો હતો, તેના રાજ્યમાં તેના ભાઇ તથા ભાણેજોએ બંડ ઉઠાવ્યાં તે સમાવવાને તેનામાં શક્તિ નહોતી માટે તેને કરમાંડળ કાંઠા ઉપરના ઇંગ્રેજોએ મદદ કરી મદુરા તથા તિનવેલ્લીમાં ફોજ મોકલી. પણ એ પ્રાંતના જંગલી તથા પોલીગાર લોકે ઇંગ્રેજોનુંકંઇ ચાલવા દીધું નહીં. વળી તેમણે નેલોર ફોજ મોકલી હતી તે પણ હારીને પાછી આવી.

પ્ર૦ ત્રિચિનાપલ્લી ઉપર કોણે હલ્લો કર્યો?

ઉ૦ ઉપર પ્રમાણે ઇંગ્રેજો લઢાઇમાં પડ્યા હતા તે વખતે ફ્રેંચ લોકે ત્રિચિનાપલ્લી ઉપર હલ્લો કર્યો તેથી મદુરાના લશ્કરી સરદાર કપતાન કાલિયડે ઉતાવળથી ત્રિચિનાપલ્લી જઇ તે શેહેરનું રક્ષણ કર્યું. તા૦ ૨૬મી મે ઇ૦ સ૦ ૧૭૫૭.

પ્ર૦ ફ્રેંચ લોકોના કયા સરદારે ફોર્ત સેંત દેવિદનો કિલ્લો લીધો?

ઉ૦ ઉપરની બિના બન્યા પછી કેટલાક દહાડા

બંને પક્ષવાળાઓ નિવૃત્તાએ બેશી રહ્યા પરંતુ ફ્રેંચ સરકારે કૌંટડી લાલી[1] નામે સરદારને કેટલુંક લશ્કર આપી હિંદુસ્તાનમાં મોકલ્યો તા૦ ૨૦મી એપ્રિલ ઈ૦સ૦૧૭૫૯. એ સરદારે આવી ફોર્તસેંત દેવિદ જીતી લેઇ કિલ્લો તોડી પાડ્યો.

પ્ર૦ લાલીએ તંજાવર ઉપર શા કારણથી હુમલો કરચો અને કેઇ સાલમાં?

ઉ૦ આ સરદારનો ઇંગ્રેજોને હિંદુસ્તાનમાંથી કાઢવાનો ઇરાદો હતો પણ એ લઢાઈ કરવા જેટલું તેની પાસે દ્રવ્ય હતું નહીં તેથી તેણે દ્રવ્યની આશાએ તંજાવર ઉપર ચઢાઈ કરી ઈ૦ સ૦ ૧૭૫૯ની ૧૮મી જુનથી ૧૮મી અગષ્ટ સુધી ઘેરો ઘાલ્યો પણ ત્યાંથી હારીને પાછું આવવું પડ્યું.

પ્ર૦ તંજાવરથી હારચા પછી લાલીએ મદ્રાસ ઉપર ચઢાઇ કરી તેમાં તેને શું થયું?

ઉ૦ પાંડીચેરીના ગૃહસ્થો પાસેથી બળાત્કારે થોડું દ્રવ્ય મેળવી લાલીએ મદ્રાસના ફોર્તસેંત જ્યોર્જ ઉપર ૬૭૦૦ ફોજ સાથે ચઢી આવી ઈ૦સ૦૧૭૫૯ના ડીસેંબરની તા૦ ૧૨મીથી ૧૭૬૦ના ફેબ્રુવારીની તા૦ ૧૭મી સુધી કિલ્લાને ઘેરો ઘાલી ઈંગ્રેજોને ઘણાખરા હરાવ્યા.

---

૧ આ માણસ જાતે આયરીશ હતો.

પણ એટલામાં ઈંગ્રેજોને કેટલીક ફોજ આવી મળવાથી તેમને હારી પાછું પાંડીચેરી જવું પડ્યું.

પ્ર૦ વાંદેવાસનો કિલ્લો કોણે ને કયારે જીત્યો?

ઉ૦ તારીખ ૨૭ મી અક્ટોબર સ૦ ૧૭૫૯ માં કર્નલ કુટ્સનું સૈન્ય સહ ઈંગ્લાંડથી આવ્યો. તેણે પ્રથમ વાંદેવાસ ઉપર હલ્લો કરી તારીખ ૨૨મી જાન્યુવારી સ૦ ૧૭૬૦ માં કિલ્લો હાથ કર્યો. ત્યાર પછી કરંગોળીના કિલ્લા ઉપર ચઢાઈ કરી. આ વખત ફરેંચો એ કાંજેવરામનો કિલ્લો સ્વાધિન કરી વાંદેવાસ ઉપર જવાનો મનસુબો કરયો હતો. તેવામાં કિલ્લાના રક્ષણાર્થે ઈંગ્રેજી સૈન્ય આવી પહોચ્યું.

પ્ર૦ પાંડીચેરી ઈંગ્રેજોએ કયારે જીતી લીધું ને ત્યાં કોની જોડે યુદ્દ કર્યું?

ઉ૦ તા૦ ૧૬ મી જાન્યુવારી ઈ૦ સ૦ ૧૭૬૧માં. ત્યાંના સરદાર કોંટડી લાલી જોડે યુદ્ધ કરી તેને હરાવ્યો.

પ્ર૦ ઈંગ્રેજના કયા સરદારે ઉત્તર સરકાર પ્રાંત જીતી લીધો?

ઉ૦ કલાઇવના મોકલેલા કર્નલફોર્ડ એ પ્રાંતમાં ખુસી પછી પચેલા કાન્ફલાન્સને કંડોર ગામ આગળ હરાવ્યો તારીખ ૯મી ડીસેંબર. પછીથી ઈંગ્રેજે મછલીપટણને બે માસ ઘેરો ઘાલી તે સ્વાધિન કર્યું. એ રીતે ઉત્તર સરકાર પ્રાંત સલાબતજંગે ફરેંચોને આપ્યો હતો તે ઈંગ્રેજો

એ જીતી લીધો.

પ્ર૦ ફરેંચોના કયા કિલ્લા છેલવહેલા ઈંગ્રેજોને હાથ આવ્યા?

ઉ૦ હવે હિંદુસ્તાનમાં ફરેંચના તાબામાં થિવાગર તથા ગિંજિ એ બેજ ગઢ રહ્યા હતા, તે પણ સ૦ ૧૭૬૧ ના એપ્રેલમાં ઈંગ્રેજોએ જીતી લીધા.

પ્ર૦ કૌંટડી લાલીનું શી રીતે ને કયારે મૃત્યું થયું?

ઉ૦ પાંડીચેરીની લડાઇમાં હારયા પછી એ સરદાર તરતજ પાછો સ્વદેશ ગયો. ત્યાં તેના ઉપર સરકારે રાજદ્રોહ તથા અનિતિથી દ્રવ્ય મેળવવાનાં તહોંમત મુકી તારીખ ૬ઠી મે સ૦ ૧૭૬૬ માં ફાંશીએ દીધો.

પ્ર૦ બંગાળાના નવાબ ઉપર કોણે ચડાઇ કરી?

ઉ૦ દિલ્લીના પાદશાહના વડા દિકરાએ મિરજાફરના તાબાના બહાર પ્રાંત ઉપર ચડાઈ કરી પટણાને ઘેરો ઘાલ્યો. એ શાહાજાદાને અયોધ્યાના નવાબ સુરાજઉદ્દવલ્લાએ અને બીજાઓએ મદદ કરી હતી. તેથી મિરજાફરે ઘભરાઇને ઈંગ્રેજની મદદ માગી. આ વખતે કલાઇવ સાહેબ પાસે થોડું લશ્કર હતું, તોપણ મિરજાફરની મદદે જઇ પહોંચ્યો. કલાઇવનું નામ સાંભળતાંમાંજ શત્રુઓ ઘેરા છોડી નાશી ગયા. અત્યાર લગી પટણાનું રક્ષણ રામનારાયણ નામે હિંદુએ કરયું હતું.

પ્ર૦ મીરજાફરે શું કૃતઘ્નતાનું કામ કરયું તથા તેનું

શું થયું?

ઉ૦ એ નવાબે ઈંગ્રેજના કરેલા ઉપકારો ભૂલી જઈને તેમનો નાશ કરવા માટે પોતાની મદદે ગુપ્ત રીતે વલંદા લોકોને તેડ્યા. આ કપટની વાત કલાઈવના જાણ- વામાં આવી તેથી તેણે એકદમ લડાઈની ગોઠવણ કરી તારીખ ૨૪ મી નવેંબર ઈ૦ સ૦ ૧૮૫૯ માં વલંદાના વહાણના લશ્કરનો પરાભવ કર્યો અને કર્નલ ફોર્ડને થો ડું લશ્કર આપી ચિન્સુરા તરફ મોકલ્યો. કારણ કે વલંદા લોકો હારીને ચિન્સુરે જતા હતા. રસ્તામાં વલંદા લોક મુ કામ રાખીને પડ્યા હતા તેમનો ફોર્ડે હરાવી નાશ કર્યો. પછી તેણે ચિન્સુરા ઉપર ચઢાઈ કરી તે સ્વાધિન કર્યું. તારીખ ૨૫મી નવેંબર ઈ૦ સ૦ ૧૭૫૯.

પ્ર૦ કલાઈવ બીજી વાર ક્યારે વિલાયત ગયો?

ઉ૦ ચિન્સુરાની લઢાઈ થયા પછી ત્રણ મહિને એ સ્વદેશ ગયો. ત્યાં તેનો સારી રીતે આદર સત્કાર થયો ને બહુ માન મળ્યું.

પ્ર૦ દિલ્લીના પાદશાહ શાહઆલમની બંગાળા ઉ- પરની ચઢાઈનું વર્ણન કરો?

ઉ૦ એ રાજાએ પોતાના વજીર સુજાઉદવલ્લાને મદદે લેઈ પટણા ઉપર ઈ૦ સ૦ ૧૭૬૦ માં ચઢાઈ કરી ત્યાંના સરદાર રામનારાયણને હરાવ્યો. તેથી મીરજાફરે પોતાના દીકરા મિરાનને તેની વહારે મોકલ્યો. તેણે ઈંગ્રે

ળી સરદાર કર્નલ કાલિયડને મદદે લેઈ પાદશાહની ફોજને ખદેડી મૂકી. પછી પાદશાહે મુર્શિદાબાદ ઉપર હલ્લો કરચો તેને કાલિયડે ફાવવા ન દીધો. તેથી ફરી તે પટણા ઉપર આવ્યો. એ વખતે દાકતર ફુલટને બાહાદુરીથી શેહેરનું રક્ષણ કર્યું એવામાં મુર્શિદાબાદથી કપતાન નોકસે આવી શત્રુઓને હાકી કાઢ્યા બાદ પટણા આગળ પાદશાહ જોડે દારૂણ યુદ્ધ કરી તેને હરાવ્યો. અને કર્નલ કાલિયડ આવી પાદશાહની પાછળ પડ્યો. ત્યાં રસ્તામાં મીરાન ઉપર વિજળી પડવાથી તે મરણ પામ્યો.

પ્ર૦ મીર કાસિમને બંગળાના નવાબની ગાદી શી રીતે મળી?

ઉ૦ નવાબ મિરજાફરના રાજમાં સિપાઈઓને ચડેલો પગાર ન મળ્યો તેથી તેમણે હુલડ કર્યું. તે મિરજાફરથી સમાવાયું નહીં અને પગાર પણ અપાયો નહીં. એ વખતે નવાબના જમાઈ મિરકાસીમે પોતાની ગાંઠના રૂપિયા કાઢી તેઓનું મન મનાવ્યું. આ વેળા ઈંગ્રેજોને પણ નાણાની ખરેખરી ભીડ હતી, માટે નવા આવેલા ગવર્નર વાન્સીતાર્તે મિરજાફરને ગાદીએ બેસાડ્યો તે દહાડાના રૂપીઆ સંબંધી કહ્યું તેથી તેણે નવાબની પદ્વિ તા૦ ૧૬ મી અક્ટોબર ઈ૦ સ૦ ૧૭૬૦ માં છોડી. પછી તેની જગા ઈંગ્રેજોએ ત્રણ પ્રાંતની ઉપજ લેવાનો ઠરાવ કરી મિરકાસીમને આપી.

પ્ર૦ શાહઆલમને કોણે હરાવ્યો?

ઉ૦ કર્નલ કાલીયડની જગાએ મેજર કર્નાક કરી-ને સરદાર આવ્યો હતો તેણે દિલ્લી જઈ તેના સાથે યુદ્ધ કરી તેને હરાવ્યો. અને પોતાની મરજી મુજબ સરતો કબુલ કરાવી.

પ્ર૦ મુર્શિદાબાદ છોડી મિરકાસીમે શા કારણથી રાજ ગાદી મોંગીરમાં કરી તથા તેણે કોને મારી નાખ્યો?

ઉ૦ બંગાળાના નવાબ મિરકાસીમે ઈંગ્રેજોને અ-ળગા કરવા તથા પોતાનો ખાલી પડેલો ભંડાર પાછો ભરવો એવો ઈરાદો કરી આર્મિનયન જાતના સરદારને પોતાની ફોજનો સરદાર બનાવી રાજ ગાદી મુર્શિદાબાદ છોડી મોંગીરમાં સ્થાપી, અને પટણાના સરદાર રામનારાયણને પોતે દ્રવ્ય મેળવવાની આશાએ ગવર્નર વાન્સિતાર્તના અ-નુમતથી ઘરબાર લૂંટી લેઈ મારી નાખ્યો.

પ્ર૦ પોતાના તાબાના નવાબ મિરકાસીમ પાસેથી ઈંગ્રેજોએ પટણા કેમ લેઈ લીધું?

ઉ૦ ઉપર લખ્યું છે કે નવાબે ઈંગ્રેજોને અળગા કરવાનો વિચાર કરયો. માટે તેણે ઈંગ્રેજો પાસેથી માલ ઉપર જકાત લેવાનો વાંધો કાઢયો. ઈંગ્રેજે જકાત આપવાની ચોખી ના કહી તેથી તેણે રીસ કરી બધા લોકનું દાણ માફ કરી નાકાં ઉઠાડી મુકયાં. આથી ઈંગ્રેજે તેના ઉપર ક્રોધાયમાન થઈ પટણા સ્વાધિન કરયું. તે વાત જયા

૨ મિરકાસીમે જાણી ત્યારે તેણે અતી ઘણો કોપ કરી બીજે દહાડે ઈંગ્રેજો પાસેથી પટણા લેઇ લીધું તારીખ ૨૪ અને ૨૫મી જુન ઇ૦ સ૦ ૧૭૬૧.

પ્ર૦ મિરજાફરને પોતાની ગાદી શી રીતે પ્રાપ્ત થઇ?

ઉ૦ મિરકાસીમ ઈંગ્રેજોથી વિરૂધ્ધ ચાલ્યો માટે તે મણે તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકી માજી નવાબ મિર જાફરને ફરી તખ્તનસીન કરયો તારીખ ૭ મી જુલાઇ ઇ૦ સ૦ ૧૭૬૧. એ વખત એની ઉમ્મર ૭૦ વર્ષની હતી.

પ્ર૦ ઘેરીઆના કિલ્લા આગળ કોની કોની અને ક્યારે લડાઇ થઇ તથા તેમાં શું થયું?

ઉ૦ મિરકાસીમ અને ઈંગ્રેજ એઓએ વચ્ચે નાની નાની બે ત્રણ લડાઇઓ થઇ, પછી મોટી લડાઇ ઘેરી આના કિલ્લા આગળ ઇ૦ સ૦ ૧૭૬૩માં થઇ. તેમાં મિરકાસીમનો પરાભવ થયો. (આ લડાઇમાં મિરકાસીમ ની ફોજમાં સમરૂ નામે યુરોપીઅન હતો, તે ઘણોજ બા હાદુર હતો.) ત્યાર પછી ઈંગ્રેજોએ તેની રાજધાની મોંગીર ઉપર ચઢાઇ કરીને તે જીતી લીધું તા૦ ૧ અકટોંબર.

પ્ર૦ ચાલતા વર્ષની તા૦ ૩જી અકટોંબરે પટણા માં શો બનાવ બન્યો

ઉ૦ મોંગીર જીત્યાની વાત મિરકાસીમે જાણી, તેથી તેને બહુજ ગુસ્સો આવ્યો માટે તેણે પટણામાં જે ઈંગ્રેજો હતા તેમને કપટથી મારી નાખ્યા. આથી ઈંગ્રેજે

ગુસ્સે થઇ તા૦ ૬ઠી નવેંબરે પટણા લેઇ લીધું. તેથી મિરકાસીમ અયોધ્યામાં જ્યાં દીલ્લીનો પાદશાહ હતો ત્યાં નાશી જઇ રહ્યો.

પ્ર૦ આ ત્રણ એકઠા મળેલા રાજાઓએ શું કર્યું?

ઉ૦ બીજે વર્ષે તેમણે પટણા ઉપર ચઢાઇ કરી મેજર કર્નાક જોડે યુદ્ધ કર્યું, તેમાં એમનો પરાભવ થયો તારીખ ૧૩ મી મે ઈ૦ સ૦ ૧૭૬૪.

પ્ર૦ ઈંગ્રેજની ફોજમાં દેશી સિપાઇઓએ શા માટે બંડ કર્યું?

ઉ૦ એ લોકોએ પોતાનો પગાર વધારવા વિષે અરજ કરી પણ તેમની ઉમેદ બર ન આવી તેથી તેમણે હુલ્લડ કરી એક મોટું બંડ કર્યું, તે બંડ મેજરની જગાએ આવેલા મિ૦ હેક્ટર મનોરોએ સમાવી દીધું.

પ્ર૦ ચાલતા વર્ષની તા૦ ૨૩મી અક્ટોંબરે બક્સર આગળ કોની કોની લઢાઇ થઇ અને તેમાં શું થયું?

ઉ૦ અયોધ્યામાં ભરાઇ બેઠેલા ત્રણ રાજાઓની સાથે હેક્ટર મનરોએ યુદ્ધ કરી તેમને હરાવ્યા તા૦ ૨૩ મી અક્ટોંબર. તેથી પાદશાહ ઈંગ્રેજોને સ્વાધિન થયો. ત્યાર પછી અયોધ્યા ઉપર ચઢાઇ કરી અલહાબાદ તથા લખનોર લેઇ સુજાઉદ્દવલ્લાને કોરા ગામ આગળ તા૦૩ જી મે ઈ૦ સ૦ ૧૭૬૫ માં હરાવ્યો તેથી તે પણ ઈંગ્રેજને શરણે આવ્યો.

પ્ર૦ રોબર્ટ કલાઈવે ત્રીજી વાર વિલાયતથી આવી શાં શાં કામ કરયાં?

ઉ૦ એ સાહેબે ઈ૦ સ૦ ૧૭૬૫ ના મે મહિનાની ત્રીજી તારીખે હિંદુસ્તાનમાં આવી બંગાળા, બહાર તથા ઓઢીઆ પ્રાંતની ઉપજ પોતે લેવી એવો દિલ્લીના પાદશાહ જોડે ઠરાવ કરયો તથા સિવિલ સરવાઈમાં સુધારો કરી તેમના અધિકારીઓનો પગાર વધારયો અને ભેટ લેવાની તથા ખાનગી રીતે વેપાર કરવાની તેમને મને કરી.

પ્ર૦ ઈ૦ સ૦ ૧૭૬૬ માં કોણે બંડ કરયું?

ઉ૦ કલાઈવ સાહેબે મુલકી ખાતામાં સુધારો કરી લશ્કરી ખાતામાં મન ધાલ્યું. તેણે લશ્કરી ખાતાના અમલદારોને માટે એવો ઠરાવ કર્યો કે તેમને જે બમણું ભથ્થુ મળેછે તે હવેથી નહીં મળે ફક્ત લઢાઈમાં હશો એટલીજવાર મળશે. આ ઠરાવ લશ્કરી અમલદારોને પસંદ ન આવ્યાથી તેમણે બંડ કરયું. તે પોતે પોતાની બાહાદુરીથી સમાવી જાન્યુવારી ઈ૦સ૦ ૧૭૬૭ માં પાછો વિલાયત ગયો. ત્યાં તે રાજા તરફથી બહુ દુખ ભોગવી મરણ પામ્યો. એ સરદાર બાહાદુર હતો પરંતુ એનામાં સુનીતિ નહોતી. આ વેળા ઈંગ્રેજોનો હૈદર કરીને એક શત્રુ જોર પર આવ્યો હતો.

પ્રકરણ ૪ થું.

હૈદર જોડે તંટો, રાજમાં ફેરફાર, મરેઠા જોડે વિરોદ્ધ, બનારસના રાજા ઉપર ચઢાઈ અને ટિપુ સાથે યુદ્ધ ઈ૦ સ૦ ૧૭૬૬થી ૧૭૯૯ સુધી.

પ્ર૦ હૈદરની ઉત્પત્તિ બતાવો.

ઉ૦ દક્ષિણમાં વિજયનગરનું રાજ્ય તુટ્યા પછી મ્હૈસૂરમાં માંડલીક (ખંડીઆ) કૃષ્ણરાય કરીને રાજા થયો. તેના કારભારી દેવરાજ અને નંદરાજ કરીને બે ભાઈઓ હતા. તેઓમાંના નંદરાજના તાબામાં મજકુર હૈદર કેટલાક સિપાઈઓનો સરદાર હતો. હૈદરનાં માબાપ ઘણાં જ દુર્બલ અવસ્થામાં હતાં પણ એ જાતે નાનપણમાં ઘણોજ ચંચળ અને ઉત્પાતિયો હતો. એને પહેલાં લશ્કરી ખાતામાં નોકરી મળી. તે એણે આશુ ઉમેદથી કબુલ કરી. પછી એણે આગળ વધતાં લૂંટારાની ટોળીઓ જમાવી લૂંટ શરૂ કરી અને આખરે એણે ઘણું કપટ કરી પોતાના રાજાને ગાદી ઉપરથી ઉઠાડી મુકી પોતે રાજ્યાસન ઉપર બેઠો. સન ૧૭૬૧. એ રાજ્યનું જોર સન ૧૭૬૭માં એટલું બધું વધી ગયું કે ઈંગ્રેજોને તેનું જોર અટકાવવાની ફરજ પડી.

પ્ર૦ ઈંગ્રેજે હૈદરનું જોર અટકાવવાને શું કર્યું?

ઉ૦ એ રાજાનું બળ અટકાવવા માટે ઈંગ્રેજે હૈદ્રાબાદના રાજા નિજામઅલ્લીને તથા મરેઠાઓને પોતાના પક્ષમાં લેઈ કર્ણાટકના રાજા મહમદઅલ્લી જોડે પ્રીતિ કરી.

પ્ર૦ હૈદર ઉપર પહેલી કોણે સ્વારી કરી?

ઉ૦ જેમને પૈસાનીજ જરૂર એવા મરેઠા લોકોએ હૈદર ઉપર ચઢાઈ કરી. તેમને તેણે દ્રવ્ય આપ્યું એટલે તેમણે ઈંગ્રેજનો પક્ષ છોડી દીધો,

પ્ર૦ ઈંગ્રેજ તથા નિજામે મ્હૈસૂર ઉપર ચઢાઈ કરી તેનું શું થયું!

ઉ૦ હૈદરે નિજામને લાંચ આપી ફોડ્યો એટલે ઈંગ્રેજ સરદાર સ્મિથ પાછો ફર્યો. તેના ઉપર શત્રુએ તા૦ ૩ શપ્તેંબર ઇ૦ સ૦ ૧૭૬૭ ને રોજે સંગામ આગળ ધસારો કર્યો. તેમાં તેની હાર થઈ.

પ્ર૦ બીજી વાર હૈદર જોડે ક્યાં આગળ લઢાઈ થઈ?

ઉ૦ ત્રિનોમાલીના મેદાનમાં હૈદર પોતાની જોડે નિજામને લેઈ ચઢી આવ્યો તા૦ ૨૬ મી સપ્તેંબર. ત્યાં આગળ કળાણની જગા હતી. તેથી તેણે ધાર્યું કે ઈંગ્રેજની ફોજ કળાંણમાં પડશે પણ ઈંગ્રેજની ફોજે કળાંણમાં ન પડતાં કર્નલ સ્મિથની યોજનાથી શત્રુ ઉપર તુટી પડી તેમને નસાડ્યા. આ વખતે નિજામ પોતાની જીત થવાની આશાએ પોતાની રાણીઓને યુદ્ધ દેખાડવા સાથે લાવ્યો

હતો. તેના ઉપર પણ અત્યંત દારૂ ગોળીની વૃષ્ટિ થઇ. એ હારથી હૈદરને ઈંગ્રેજોનો ભય લાગ્યો માટે તેણે સલાહનું કેણ મોકલ્યું તે તેમણે થોડા દહાડા પછી કબુલ કર્યું.

પ્ર૦ આ વખતે હૈદરના દિકરા ટિપુએ કયાં ચઢાઈ કરી હતી ને તેમાં શું થયું?

ઉ૦ એણે મદ્રાસ ઉપર ચઢાઈ કરી ફોર્તસેંત જ્યોર્જની ભાગોળ સુધી તે લૂટયું. એવામાં પોતાના બાપને હારયાની ખબર એણી તેથી પાછો આવી હૈદરના લશ્કરને મળ્યો.

પ્ર૦ ત્રીજી વાર હૈદર જોડે યુદ્ધ થયું તેનો શો પરિણામ થયો?

ઉ૦ હૈદરે ઈંગ્રેજના કેટલાક કિલ્લા લેઇ વેલોરની પાસેના અંબુરના કિલ્લા ઉપર ચઢાઈ કરી, તે કિલ્લા ઉપર કપતાન કાલવર્ટ કરી સરદાર હતો તેને હૈદરે ઘણા પ્રકારના છળભેદ કરી શરણે આવવાનું કહ્યું પણ તેનું કહ્યું સઘળુ વ્યર્થ ગયું અને સ્મિથ મદદે આવતાં પહેલાં તેને હરાવી તા૦ ૧૦ નવેંબરથી તા૦ ૭મી ડીસેંબર સુધી કિલ્લાનું રક્ષણ કર્યું. ત્યાંથા હૈદર પશ્ચિમ તરફ નાશી ગયો.

પ્ર૦ હૈદર પશ્ચિમ કાંઠા તરફ ગયો તે વખતે ઈંગ્રેજોએ શું કર્યું?

ઉ૦ એ વખત તેમણે મ્હૈસૂર ઉપર ચઢાઈ કરી કેટલાક કિલ્લા જીતી લીધા અને મ્હૈસૂરની બીજા નંબર

ની રાજધાનીનું શેહેર જે બેંગલોર તેને ઘેરો ઘાલ્યો. પાછ ળ હૈદરે આવી મહમદઅલ્લીના લશ્કરને હરાવી પોતાના ગએલા કિલ્લા પાછા જીતી લીધા. આ વખતે કર્નલ સ્મિથ ઉપર મદ્રાસ સરકાર નારાજી થવાથી તેને તેની જગાએથી બતરફ કરચો ઈ૦ સ૦ ૧૭૬૮.

પ્ર૦ હૈદર તથા ઈંગ્રેજ વચ્ચે શી રીતે સલાહ થઈ?

ઉ૦ ઉપરની બિના બન્યા પછી મદ્રાસ સરકારનો સલાહ કરવાનો વિચાર થયો. પણ હૈદરે કેટલીક શરતો કહી તે ન પસંદ આવ્યાથી કર્નલ સ્મિથ જેને ફરીને સેનાપતિ ઠરાવ્યો હતો તેને તેના સામો લઢવાને મોકલ્યો. પણ પછી થી હૈદરે લઢવાની ના કહી ને સલાહ કરવાનું ઠરાવ્યું. તે એવી રીતે કે એક બીજાએ લીધેલો મુલક પાછો આપવો અને એક એકને સહાય કરવી૦ તા૦ ૪ થી એપ્રિલ ઈ૦ સ૦ ૧૭૬૯.

પ્ર૦ હિંદુસ્તાનના રાજ કારભારમાં શો ફેરફાર થયો?

ઉ૦ બંગાળાના ગવર્નર વારનહેસ્ટિંગે કોરટ ઓફ ડાયરેકટરના અભીપ્રાયથી રાજ કારભારમાં કેટલોક ફેરફાર કરી બંગાળાની વસુલ લેવાનું કામ ઈંગ્રેજ અહસ્થોને સોપ્યું તા૦ ૧૧મી મે ઈ૦ સ૦ ૧૭૭૨.

પ્ર૦ "રેગ્યુલેટીંગ આકટ"(રાજ ચલાવવાનો કાયદો) એ નામના કાયદામાં શું ફરમાવેલું છે?

ઉ૦ તા૦ ૧લી જુલાઈ ઈ૦ સ૦ ૧૭૭૩માં ઈંગ્લાં

ડની પાર્લામેંટે એ કાયદો કાઢી તેમાં એવું ફરમાવ્યું કે હિં દુસ્તાનનો રાજ કારભાર બંગાળાના ગવર્નર જનરલના હુકમ પ્રમાણે ચલાવવો અને તેને મદદ કરવા સારૂ ચાર મંત્રીઓ (કૌંસિલરો) નિમી એક સભા ઠરાવવી.

પ્ર૦ એ સભાએ કેવી રીતે કારભાર ચલાવ્યો?

ઉ૦ તા૦ ૧૧ મી અકટોબર ઈ૦ સ૦ ૧૭૭૪ ને રોજે જ્યારથી એ સભા ચાલું થઈ ત્યારથી ગવર્નર વારન હેસ્ટિંગ્સ અને કૌંસિલરો વચ્ચે જૂદા જૂદા મત બંધાઇ એક બીજાના મનમાં દ્વેશ ઉત્પન્ન થયો.

પ્ર૦ આ પ્રકારે વિરોધ થવાનું કારણ શું?

ઉ૦ કેટલાક અફગાન લોકો રોહીલ ખંડમાં હતા તેમને મારી કાઢવામાં હેસ્ટિંગે મદદ કરી હતી તે ત્રણ કૌંસિલરોને પસંદ નહો પડવાથી તે તેના સામાવાળીઆ થયા ને ફકત એકજ કૌંસિલર એના પક્ષમાં રહ્યો. વળી આ ગવર્નરના શત્રુઓના પક્ષમાં બંગાળાનો સદગ્રહસ્થ નંદકુમાર પણ હતો.

પ્ર૦ કોરા તથા અલાહબાદ વિશે તમે જાણતા હો તે કહો?

ઉ૦ ગવર્નરે બંગાળાના નવાબ સુજાઉડવલ્લાજોડે એવો ઠરાવ કરચો કે એ બે શેહેર અમે દિલ્લીના પાદશાહ પાસેથી લેઈને તમને આપીએ તેના બદલામાં તમારે અમને ૫૦ લાખ રૂપીઆ આપવા. એ વાત પેલા ત્રણ

કૌંસિલરોને પસંદ પડી નહીં, એવામાં સુજાઉદવલ્લા મરણ પામ્યો. તેની ગાદીએ તેનો દીકરો બેઠો, તેની સાથે એ બે શેહેરના બદલામાં કાશી લેવાનો ઠરાવ કરચો.

પ્ર૦ નંદકુમાર કોણ હતો તથા તેણે શું કરયું?

ઉ૦ એ બંગાળાના એક સદ ગૃહસ્થ બ્રાહ્મણનો દિકરો હતો. તેને ગવર્નર ઉપર બહુ અરિષા હતી તેથી તેણે હેસ્ટિંગ ઉપર સુજાઉદવલ્લાની રાણી પાસેથી લાંચ લીધી એવો જૂઠો દોષ મૂકયો. એ તહોમતથી એના શત્રુઓનું જોર વધ્યું. એવામાં નંદકુમાર ઉપર ખોટા દસ્તાવેજ બનાવ્યા બાબત ફરીઆદી થઈ તેમાં તેના ઉપર તહોમત સાબીત થયાથી તેને ફાંશીએ દીધો તા૦ ૫ મી અગષ્ટ ઈ૦ સ૦ ૧૭૫૭.

પ્ર૦ મરેઠા લોકના જગડાનું વર્ણન કરો.

ઉ૦ દક્ષિણમાં પેશ્વાના અધિકાર માટે, રાઘોબા (રગુનાથરાવ) એ હુલડ કરી ઈંગ્રેજની મદદ માગી. ઈંગ્રેજ સાષ્ટિ તથા બીજી જગાઓ તેના પાસે લેવાનો ઠરાવ કરી તેને મદદ કરી. આ વેળા સામા પક્ષવાળે એવો ઠરાવ કરચો કે મુંબાઈ સરકાર રાઘોબાનો પક્ષ છોડે તો અમે તેના કરતાં વિશેષ મુલક આપીએ તેથી બંગાળા સરકારે તેની જોડે સલાહ કરવાનો વિચાર કરચો પણ થોડી વારમાં એવું માલમ પડ્યું કે મરેઠા ઈંગ્રેજ જોડે લડવાની યુક્તિ કરે છે અને તેમની ફોજને એક ફરેંચ

અધિકારી લડાઇની કળા શિખવેલી છે માટે વડી સરકારે રાઘોબાની મદદે થોડું લશ્કર મોકલી મુંબાઇ સરકારને લખ્યું કે તેની મદદે તમારે બીજી ફોજ મોકલવી; તેથી એ સરકારે થોડી ફોજ આપી રાઘોબાની મદદે ઇગાર્ટનને મોકલ્યો. પણ તેણે માંદગીના કારણથી અધિકાર છોડી દીધો તેની જગાએ કર્નલ કોક બર્ગન આવ્યો. આ વેળા રાઘોબા છડી સ્વારીએ આવ્યો હતો તેથી ઇંગ્રેજોને ડર લાગ્યો માટે તે પાછા ફર્યા. અને રાઘોબા શત્રુને સ્વાધીન થયો.

પ્ર૦ ઈંગ્રેજોને અમદાવાદ પહેલ વહેલું શી રીતે પ્રાપ્ત થયું?

ઉ૦ મરેઠાની સામે બંગાળેથી આવેલી ફોજનો સરદાર કર્નલ લેસ્લી તે કામ લાયક ન ઠર્યાથી તેની જગાએ કર્નલ ગોદર્દને ઠરાવ્યો, તેણે સુરતમાં મરેઠા જોડે સલાહ કરવામાં એક વર્ષ ગાળ્યું. અંતે ઈ૦ સ૦ ૧૭૮૦ના જાનેવારી મહિનામાં લઢાઇનો આરંભ કરી ફેબ્રુવારીની ૧૫ મી તારીખે અમદાવાદ સ્વાધિન કર્યું ને એપ્રેલ મહિનામાં મરેઠાની ફોજનો પરાભવ કર્યો.

પ્ર૦ ઈંગ્રેજને લાહોર ને ગોવાલિયર શી રીતે મલ્યાં?

ઉ૦ જે વેળા મરેઠાનો ઝગડો ચાલતો હતો તે વેળા ગવર્નર જનરલ લેકે કપતાન પોફામને સૈન્ય આપી આગ્રા પ્રાંતમાંના ગોહદના રાણાની મદદે મોકલ્યો. એ રા-

ણાને મરેઠા તથા સિંધિયા જોડે વેર હતું, તેમજ ઈંગ્રેજો ને પણ સિંધિયા જોડે વેર હતું. પોફામે મરેઠા જોડે બાહદુરીથી યુધ્ધ કરી તા૦ ૨૧મી એપ્રેલ ઈ૦ સ૦ ૧૭૮૦માં લાહોર કબજે કરયું, ત્યાર પછી તેણે ઓચિંતો પસારો કરી તા૦ ૩ અગષ્ટ ઈ૦ સ૦ ૧૭૮૦માં ગોવાલીયરનો કિલ્લો પણ સ્વાધિન કરયો.

પ્ર૦ હૈદરઅલીના કર્ણાટકના ચડાઈનું વર્ણન કરો.

ઉ૦ એ રાજાએ નિજામ તથા બીજા મુસલમાન રાજાઓ અને કેટલાક લડવઈઆ લોકોનો જમાવ કરી ઈ૦ સ૦ ૧૭૮૦ ના જુલાઈ માસમાં કર્ણાટક ઉપર ચઢાઈ કરી મદ્રાસની આસ પાસનાં ગામ લૂટયાં, તથા કાંજેવરમ લેઈ લીધું અને પોર્તોનોવા બાળવું, ત્યાં સુધી મદ્રાસ સરકારને ખબર પડી નહીં. જ્યારે એ સરકારે જાણ્યું ત્યારે સરહેકટર મનરોને કાંજેવરમ મોકલ્યો અને કર્નલબેલીને ગંતુર માટે નિજામપર મોકલ્યો હતો પણ તેને કાંઈ કારણથી પાછો બોલાવ્યો, તે મનરોને મળવા ચાલ્યો, પણ તેને નિજામે અટકાવ્યો, તેટલા સારૂ બેલીની મદદે એક હજાર માણસ મનરોએ મોકલ્યાં, ને વડે તેણે મનરોની છાવણીથી પાંચ સાત ગાઉ ઉપર મુકામ નાંખ્યો અને બીજે દહાડે વહાંણામાં હુમલો કરયો, પણ ટિપુના લશ્કરે તેને ઘેરી લીધો, તે વખતે બેલીની ફોજે જોર મારી શત્રુની તોપો લેઈ લીધી. પણ દુશમનનાઅપ

ર દળ આગળ તેની જીત થઇ નહીં. આગળ જઇ ફરી મોટી લઢાઇ કરી તેમાં ખેલી હારચો, તેથી તેને દુશ્મનને શરણે થવું પડ્યું. તે શરણે આવેલાં માણસોને હૈદરે ઘાતકીપણાથી મારી નાંખ્યાં.

પ્ર૦ મદ્રાસ સરકારની મદદે બંગાળેથી કોણ આવ્યું તથા તેણે શું કરયું?

ઉ૦ બંગાળેથી સરઇકુટે તા૦ ૫ મી નવેંબરે આવી બીજે વર્ષે એટલે તા૦ ૧૭ મી જાનેવારી સન ૧૭૮૧ માં લઢાઈ આરંભી સિંગલપર તથા વાંદિવાસના કિલ્લેદારોને મદદ કરી, પછી ફરેંચે પાંડીચેરી લેવાનો મનસુબો કરચો હતો માટે સરઇકુટ ત્યાં ગયો ને ત્યાંથી કડાલોર ગયો, ત્યાં થોડા દહાડા રહી તા૦ ૮ મી જુન માસમાં ચિલાંબરમ કરીને દેવાળય હતું તે ઉપર હલ્લાં કરી પણ તેમાં તેની હાર થઇ. પછી તેણે પોર્તાનોવો આગળ હૈદર જોડે તા૦ ૧ લી જુલાઇએ મહાભારત યુદ્ધ કરી તેનો પરાભવ કરચો.

પ્ર૦ પોલીલોર તથા સોલિંગર આગળ હૈદર જોડે કોણે કોણે યુદ્ધ કરયું ને તેમાં શું થયું?

ઉ૦ કુટ તથા બંગાળેથી મદ્રાસ સરકારની મદદે આવેલો કર્નલપર્સ એઓએ તા૦ ૨૧ મી અગસ્ટે પોલીલોર આગળ લઢાઇ કરી. પણ તેમાં એકેની હાર જીત થઇ નહી. ત્યાર પછી તા૦૨૬મી સપ્તેંબરે સોલિંગ

ટના ડુંગર આગળ બીજી લડાઈ કરી. તેમાં ઈંગ્રેજો-ની જીત થઈ અને શત્રુનાં ૫૦૦૦ માણસો મરાયાં.

પ્ર૦ સરઈકુટ ક્યારે વિલાયત ગયો?

ઉ૦ ઈ૦ સ૦ ૧૭૮૯ના જાનેવારી માસમાં હૈદર જોડે ચોથી વાર લડાઈ કરી મદ્રાસ થઈ વિલાયત ગયો.

પ્ર૦ કર્નલ બ્રાથવેટે કોની સાથે લડાઈ કરીને તેનો શો પરિણામ થયો?

ઉ૦ મદ્રાસ સરકારે કુટ વિલાયત ગયા પછી કર્નલ બ્રાથવેટને લશ્કર આપી તંજાવર ઉપર મોકલ્યો. તેણે એક મેદાનમાં હૈદરના દિકરા ટિપુ જોડે લડાઈ કરી. તેમાં ટિપુના લશ્કરમાં અતિઘણાં માણસ તથા કવાઈતી ફ્રેંચ લોક હોવાથી બ્રાથવેટની હાર થઇ તા૦ ૧૮ મી ફેબ્રુવારી ઈ૦ સ૦ ૧૭૮૨. આ લડાઈ બે દાહાડા ચાલી તેમાં ટિપુએ અતિઘણી ક્રૂરતા બતાવી.

પ્ર૦ પબા આગળ કોની કોની લડાઇ થઈ ને તેમાં શો પરિણામ થયો.

ઉ૦ ટાલીચેરીમાં નાયર તથા ઈંગ્રેજ લોકો ર-હેતા હતા તેમણે બે વરસ લગી હૈદરના હુમલાથી પોતાનો બચાવ કરયો તેમની મદદે મદ્રાસ સરકારે મેજર એ-બિગટને મોકલ્યો. ટિપુએ તેની જોડે તા૦ ૨૯મી નવેંબર પબાં આગળ લડાઇ કરી, પણ તેમાં તેની હાર થઈ.

પ્ર૦ હોનોર તથા બેદનુર ઈંગ્રેજોને શી રીતે હા-

થ આવ્યા?

ઉ૦ હૈદર ગરી ગયા પછી ટિપુ ગાદીએ બેઠો હતો, તે વખતે મદ્રાસ સરકારે માથ્યુસ નામના સરદારને ફોજ આપી મ્હેસૂર ઉપર મોકલ્યો હતો, તેણે ટિપુના રાજ ઉપર હુમલો કરી ઇ૦ સ૦ ૧૭૮૩ ના જાનેવારી માસમાં હોનોર અને બેદનુર હાથ કરયાં. પણ પછીથી ટિપુએ તા૦ ૩૦ મી એપ્રિલે બેદનુર જીતી અતિ ઘણી ક્રૂરતા બતાવી મેંગલોર ઉપર ચઢાઇ કરી. તે શેહેરનું ઇંગ્રેજોએ બાહાદુરીથી રક્ષણ કર્યું, પછી કેટલેક દહાડે તેજ મુકામે તા૦ ૧૧મી માર્ચ ઇ૦ સ૦ ૧૭૮૪ને રોજ ટિપુને ઇંગ્રેજો જોડે સલાહ થઇ.

પ્ર૦ બંગાળાના ગવર્નરે કાશી ઉપર ચઢાઇ કરી તેનું વર્ણન કરો?

ઉ૦ જનરલ હેસ્ટિંગે કાશીના રાજા પાસે દ્રવ્ય માગ્યું તે તેણે ન આપ્યું તેથી ગવર્નરે તા૦ ૧૪ મી અગષ્ટ ઇ૦ સ૦ ૧૭૯૨ માં કાશી ઉપર ચઢાઇ કરી રાજા ચેતસિંગને કેદ કરયો. તેથી શેહેરના બ્રાહ્મણે તથા સંન્યાસીઓએ ઉલટી ઇંગ્રેજી લશ્કરને હરાવી રાજાને છોડાવ્યો, તે નાશિને ગંગા નદીની પેલી પાર જતો રહ્યો, પછી ઉપર કહેલા બ્રાહ્મણે, સંન્યાસીઓએ અને બીજા હિંદુ લોકે મળી હેસ્ટિંગને એટલો પીડ્યો કે તેને જીવવાની આશા રહી નહીં, પણ તે પોતાના ચાતુર્ય બળથી મુકતી બંધ પત્ર

લખી બંગાળેથી મદદ મંગાવી રતોવધ ચુનારને કિલ્લે જા તો રહ્યો. પછી ચેતસિંગે બંડ કર્યું તેમાં તે મરાયો, તેનો વારસો તેના ભત્રીજાને આપી કાશીની ઉપજ ઘણી વધારી હેસ્ટિંગ વિલાયત ગયો.

પ્ર૦ ટિપુએ તખ્તનસિન થયા પછી પેહેલ વહેલી કોના ઉપર ચઢાઈ કરી?

ઉ૦ એ સુલતાને ત્રાવણકોરના રાજા ઉપર તા૦ ૯મી ડીસેમ્બરે ચડાઈ કરી તેમાં તેનો પરાભવ થયો. માટે ત્યાંથી નાશીને મ્હેસૂર તથા ત્રાવણકોરની સીમ વચ્ચે રાજાએ એક ભીંત ચણાવી હતી તેમાં ગબારૂ પાડી સૈન્ય સહ વર્તમાન પેલી પાસા ગયો, ત્યાં એક મોટા ઘરો હતો, તેમાં પોતે તથા સૈન્ય પડ્યું પણ કોઈનો નાશ થયો નંહી. આ હારથી ટિપુને અતિ ઘણો ક્રોધ થયો માટે તા૦ ૭મી મે ઈ૦ સ૦ ૧૭૯૦માં બીજીવાર ત્રાવણકોર ઉપર ચઢાઈ કરી એવાં તો ઘાતકી કામ કર્યાં કે તે સાંભળતાં કમકમાટ ઉત્પન્ન થાય.

પ્ર૦ ગવર્નર કાર્નવાલીસે ટિપુ ઉપર હલ્લો કર્યો તેમાં તેનું શું થયું?

ઉ૦ ઘાટની તળેટીમાં ઈંગ્રેજી લશ્કર પડ્યું હતું તેના ઉપર તા૦ ૧૩મી સપ્ટેમ્બરે ટિપુએ હલ્લો કરી તેમાં તેની હાર થઈ. ત્યાર પછી નવા આવેલા ગવર્નર લોર્ડ કાર્ન વાલીસે મદ્રાસ આવી ઈ૦ સ૦ ૧૭૯૧માં ટિપુ ઉપર

હલ્લો કરી તેને હરાવ્યો. પણ તેવામાં તેની ફોજમાં મંદવાડ આવ્યાથી તથા દુકાળ પડવાથી તેને પાછા ફરવું પડ્યું, ત્યાર પછી એ લાર્ડ બંગાળે ગયો. ત્યાંથી તેણે તા૦ ૨૦ મી અકટોંબરે નંદી દૂર્ગનો વિકટ કિલ્લો જીતી લીધો.

પ્ર૦ કોર્ન વાલીસે બીજી વાર ટિપુ ઉપર ચઢાઈ કરી તેમાં શું થયું?

ઉ૦ એ જનરલને ધાન્યાદિક સામગ્રી મળવાથી ટિપુના નગ્ર ઉપર બીજીવાર તા૦ ૫ મી ફેબ્રુવારી ઈ૦સ૦ ૧૭૯૨ માં હુમલો કર્યો તેમાં તે ફત્તે પામ્યો. અને ટિપુ શહેરમાં ભરાઈ બેઠો. એની ફોજને લઢાઈની બહુ ઉમેદ હતી. પણ એણે ભયભીત થઈ સમાધાન કરવાનું કહેણ મોકલ્યું. તે ઈંગ્રેજે સ્વિકારી પોતાની મરજી મુજબ સરતો કબુલ કરાવી.

પ્ર૦ ઈ૦ સ૦ ૧૭૯૫ ના માર્ચ માસમાં નિજામ ઉપર કોણે ચઢાઈ કરી?

ઉ૦ મરેઠા લોકોએ ચઢાઈ કરી તેને હરાવી એવો ઠરાવ કર્યો કે તમારે પોતાના રાજનો ઘણોક ભાગ મરેઠાને આપવો એટલુંજ નહીં પરંતુ તેની સાથે પુષ્કળ દ્રવ્ય પણ આપવું. આ લડાઈમાં નિજામે ઈંગ્રેજની મદદ માગી હતી પણ તેણે મદદ કરી નહી, તેથી નિજામે રીસાઈને ઈંગ્રેજને લખ્યું કે સિકંદરાબાદમાંથી તમારૂ લશ્કર પાછું બોલાવી લ્યો. અને પોતે ફ્રેંચને ઉત્તેજન આપવા માંડ્યું.

પ્ર૦ મિરજાઅલ્લીને કોણે ગાદી ઉપરથી ઉઠાડી મુક્યો?

ઉ૦ ઇ૦ સ૦ ૧૭૯૭ માં અયોધ્યાનો નવાબ અસોફોદદલા મરણ પામ્યો, તેની પછી તેનો દિકરો મિરજાઅલી ગાદીએ બેઠો. એ નવાબમાં કંઇ સારા ગુણ ન હોતા, તેથી કાર્નાવાલીસ પછી થએલા ગવર્નર જનરલ સરજાન સોરે ઇ૦ સ૦ ૧૭૯૮ ના જાનેવારી માસની ૨૧ મી તારીખે તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકી એના કાકા સાદતઅલીને ગાદી આપી તેથી મિરજાઅલી પછી કાશીએ જઇ રહ્યા.

પ્ર૦ ટિપુ સુલતાનના મૃત્યુ સંબંધી સંક્ષેપ હેવાલ કહો?

ઉ૦ ગવર્નર સરજાન શોર પછી થયેલા લોર્ડ મોર્નિંગટન જનરલે ટિપુ ઉપર ચઢાઇ કરી પ્રથમ સિડાસુર આગળ ગવર્નરની મદદે મુંબાઇથી આવેલા જનરલ સ્ટુઅર્ટે તેને તા. ૬ઠીએ હરાવ્યો. ત્યાર પછી તા૦ ૧૭ મી માર્ચ ઇ૦ સ૦ ૧૭૯૯માં બીજી વાર જનરલ હારીસ સાહેબે માલવેલી આગળ તેને હરાવ્યો. એ પ્રમાણે બે વાર હરાવી એકદમ પસારો કરી શ્રીરંગપટણને તા૦ ૫મી એપ્રીલે ઘેરી લીધું અને જનરલ બેયર્ડે તા૦ ૪ થી મે ઇ૦ સ૦ ૧૭૯૯ માં ટિપુ જોડે મહા પ્રાબલ્ય યુદ્ધ કર્યું. તેમાં કોઇ ઇંગ્રેજે ટિપુને મારી નાખ્યો. તેનું મડદુ તેના

બાપની ઘોરમાં ડટાવ્યું, અને ગાદી તેની વંશના કોઇ માં-
ણસને આપી રાજ ત્રણ ભાગે વહેંચી લીધું. એક ભાગ
જેને ગાદીએ બેસાડ્યો તેને આપ્યો. બીજો ઈંગ્રેજે
રાખ્યો અને ત્રીજો ભાગ પોતાને મદદ કરનાર નિજામને
આપ્યો. આ ગોઠવણ કરનારનું નામ કર્નલ વેલ્સલી હ-
તું એ સાહેબે શ્રીરંગપટણ પાસે કાવેરી નદી ઉપર એ-
ક ભલો પુલ બંધાવ્યો છે તે બહુ વખાણવા યોગ્ય છે.

પ્રકરણ ૫ મું

મરેઠા તથા ગુરખા જોડે લઢાઈ ઈ૦ સ૦ ૧૭૯૯થી ૧૮૧૭ સુધી.

પ્ર૦ ઈંગ્રેજે નિઝામ જોડે નવો કરાર શો કર્યો?

ઉ૦ સિકંદરાબાદમાં નિઝામની મદદ સારૂ ઈંગ્રેજ
નું જે લશ્કર રહેતું હતું, તેનો ખર્ચ નિઝામ આપતો પ
રંતુ હમણાં તે ખરચ ન આપતાં વાયદા કરતો હતો તેથી
એ માથાકુટ નિકળી જાય એટલા માટે નિઝામ પાસે તે
ખરચ બદલ વહેંચણમાં આવેલો ટિપુનો મુલક લેવાનો
ઠરાવ કર્યો. તા૦ ૧૨ મી આકટોબર ઈ૦ સ૦ ૧૮૦૧.

પ્ર૦ ઇંગ્રેજોને કર્ણાટક શી રીતે મળ્યું?

ઉ૦ જે વખતે ટિપુ જોડે છેલી લડાઇ ચાલતી હતી તે વખતે કર્ણાટકના નવાબ મહમદઅલીના દીકરા ઓમદત ઉમરાએ ઇંગ્રેજથી વિરૂધ ચાલી ટિપુ જોડે પ્રપંચથી કાગળ પત્રે વ્યવહાર ચલાવ્યો હતો. તે વાત ઇંગ્રેજોને પસંદ ન પડી તેથી એનામાં રાજ ચલાવવાના હોસ નથી એવો અભીશ્રાપ મુકી ઇંગ્રેજોએ કર્ણાટક લેઇ લેવાનું નકી કર્યું, એવામાં ઓમદત મરણ પામ્યો. એટલે કર્ણાટકની ગાદી એની વંશનાકોઇ માણસને આપી વર્ષાશન બાંધી આપ્યું અને રાજ પોતાના સ્વાધિનમાં લીધું.

પ્ર૦ ઝેમાનશાહ કોણ ને તેણે શું કર્યું?

ઉ૦ અફગાનીસ્તાનના પાદશાહ ઝેહમાનશાહે હિંદુસ્તાન ઉપર સ્વારી કરવાનો મનસુબો કર્યો હતો. તે વાત ગવર્નરે જાણી તેથી તેણેઇરાનના રાજાને સમજાવ્યો કે તમે અફગાનીસ્તાનપર ચડાઇ કરો. આ વાત તેણે કબુલ કરી તેથી ઝેમાનશાહનો હિંદુસ્તાનપર આવવાનો વિચાર ભાગી પડ્યો.

પ્ર૦ આ વખતે કાશીમા શું થયું?

ઉ૦ અયોધ્યાની ગાદીથી ભ્રષ્ટ કરેલો જે મીરજાઅલી તેણે ઝેમાનશાહ આવવાની વાત સાંભળી દગો કરી રસિડેંટને તથા બે ઇંગ્રેજોને મારી નાખ્યા. એ વખતે ઇંગ્રેજોનો વધારે ઘાત થાત પણ એટલામાં છાવણીથી મદ

ક આવી પોહોંચી તેથી મીરજાઅલ્લી નાશી ગયો. તેને ઝાલીને કેદ કરચો.

પ્ર૦ ઈંગ્રેજે અયોધ્યાના નવાબ જોડે શો ઠરાવ કર્યો?

ઉ૦ અયોધ્યાના નવાબ જોડે એવો ઠરાવ કરચો કે તમારૂં રાજ ઈંગ્રેજો જાળવશે માટે તમારે પ્રજાનું ભલું પાપ એ રીતે રાજ ચલવવું તા૦ ૧૦ મી નવેંબર સન ૧૮૦૧.

પ્ર૦ સિંધિયા તથા પેશ્વાને કોણે હરાવ્યા?

ઉ૦ એ બે જણને હોલકર નામે સરદારે તા૦ ૨૫ મી અકટોંબર સન ૧૮૦૨ને રોજે હરાવ્યા. તેથી પેશ્વા નાશીને ઈંગ્રેજને આસરે જઈને રહ્યા ને ઈંગ્રેજને એવા કોલ કરાર કરી આપ્યા કે, મારે પુનામાં તમારી છાવણી રહે તેનું ખર્ચ પુરૂં પાડવું તથા મારા દરબારમાંના બીજા યુરોપિયનોને કાઢી મૂકવા, અને સુરત તથા મુંબાઈની પાસેનાં કેટલાંક ગામ જે ઈંગ્રેજના તાબામાં છે તે પરથી મારે દાવો ઉઠાવવો. તેથી તા૦ ૧૩મી મેઈ૦ સ૦ ૧૮૦૩ ને રોજ ઈંગ્રેજે ફરી તેને પુનાની ગાદીએ બેસાડ્યો.

પ્ર૦, સિંધિયાની નિઝામ ઉપરની ચઢાઈનું શું થયું?

ઉ૦ એ રાજાએ વરાડના મરેઠા સરદાર રાઘોજી ભોંસલાની મદદ લેઈ નિઝામના રાજ ઉપર ચઢાઈ કરી, તેના સામા ઈંગ્રેજી સરદાર સ્ટિવંનસન સહીત નિઝામે હુમલો કરચો. તેમની આસઈ ગામ અને

કેટના નદીની પાસે મોહાભારથ લડાઇ થઇ તેમાં નિઝામનો જય થયો. તા૦ ૨૩મી સપ્ટેંબર સ૦ ૧૮૦૩.

પ્ર૦ સિંધિયા પાસેથી આંલી ગઢનો કિલ્લો કોણે ને ક્યારે લીધો?

ઉ૦ અંગ્રેજી સરદાર જનરલ લેક સાહેબે તા૦ ૪ સપ્તેંબરે કિલ્લો લડાઇ કરીને જીતી લીધો.

પ્ર૦ જનરલ લેકે દિલ્લી આગળ કોની જોડે યુધ્ધ કર્યું?

ઉ૦ એ સાહેબ મરેઠા જોડે યુધ્ધ કરી દિલ્લી તથા આગ્રા જીતી લેઇ શાહઆલમ પાદશાહને કેદના દુખથી છોડવ્યો.

પ્ર૦ લેક સાહેબે આગ્રા તથા. દિલ્લી લીધા પછી કોની સાથે લડાઇ કરી?

ઉ૦ દક્ષિણથી "અજીત લશ્કર" એવું નામ ધારણ કરી આવેલી ફોજની સાથે લાસવારીગામ આગળ તા૦ ૧લી નવેંબરે મરેઠા જોડે મહાશૂરવીર પણાથી યુધ્ધ કરી એ સાહેબ તેઓને હરાવ્યા. આ લડાઇમાં મિ૦ લેકસાહેબનો છોકરો મરાયો અને મરેઠા લોકોની બધી તોપો ઇંગ્રેજોએ લેઇ લીધી.

પ્ર૦ સિંધિયા તથા હોલકરને આરગામ આગળ કયારે ને કોણે હરાવ્યા?

ઉ૦ તા૦ ૨૭મી નવેંબરે ઇંગ્રેજી સરદાર વેલ્સલી

સાહેબ હરાવી ગોવાલ્યરનો કિલ્લો હાથ કરચો.

પ્ર૦ રાઘોજી તથા સિંધિયાએ હારચા પછી શી રીતે સંધી કરી?

ઉ૦ વરાડના રાજા રાઘોજીએ કટક પ્રાંત ઈંગ્રેજને અને વરાડનો કેટલોક ભાગ નિઝામને આપી ઈંગ્રેજ જોડે સંધી કરી, અને સિંધિયાએ ગંગા અને જુમના વચ્ચેનો મુલક આપી સંધી કરી. તેની સાથે એવું પણ કબુલ કરચું કે ઈંગ્રેજ સરકાર તથા તેમના મળતીઆ નિઝામ, ગાયકવાડ તથા પેશ્વા એઓની સાથે અમારે રાઢ કરવી નહીં, અને પેશ્વાને અમારા વચ્ચેના વાંધાની પંચાત ઈંગ્રેજ પાસે કરાવવી.

પ્ર૦ હોલકર જોડે ફરી શા માટે લઢાઈ કરવી પડી?

ઉ૦ ઈંગ્રેજોનો જય થતો જોઇ હોલકર બાભરો બની ગયો. તેણે બીજા રાજાઓને ઈંગ્રેજ જોડે યુદ્ધ કરવા ઉશ્કેરચા,-એટલુંજ નહીં પણ ઈંગ્રેજોના મળતિયા રાજાઓના મુલકમાં લૂટ કરવા માંડી. તે જોઇને જનરલ લેક સાહેબે તેને લખી જણાવ્યું કે, તમારી આવી બે અદબી ચાલ અમે જોઇ રહેનાર નથી માટે તમે વિચારીને ચાલજો. તેનો જવાબ હોલકરે મગરૂરીભરેલો આપ્યો તેથી કર્નલ લેકસાહેબ સૈન્ય લેઇ હોલકરની પાછળ પડ્યો, અને ગુજરાતના કર્નલ મરને લખ્યું કે તમારે કો

ના મેઘને ઉજ્જનીય ઉપર આવવું. આ વેળા હોલકર ઈં
ગ્રેજના મળતિયા જેપુરના રાજાના મુલકમાં લૂટ કરતો હ
તો માટે ત્યાં થોડી ફોજ આપીને કર્નલ માનસનને મો
કલ્યો; એટલે હોલકર દક્ષિણમાં નાશી ગયો. પછી રામપુર
નો કિલ્લો લેઇ ઈંગ્રેજો એની પાછળ પડ્યા પણ પકડી
શક્યા નહીં.

પ્ર૦ આખરે હોલકરની શી રીતે હાર થઇ?

ઉ૦ હોલકરની ફોજ કોટા તથા નિમચ વચેના મુ
કુંદ્રા નામની નેળ સુધી પહોંચી હતી. તેના ઉપર ઈંગ્રેજની
ફોજે હલો કરયો, તેમાં ઈંગ્રેજની હાર થઇ. આગળ જતાં
રસ્તામાં બીજી લડાઇ કરી તેમાં હોલકરનો પરાભવ કરયો.

પ્ર૦ હોલકરની ફોજને દિલ્લી આગળ કોણે હ-
રાવી?

ઉ૦ હોલકરે મથુરાં જઇ પોતાની ફોજને દિલ્લી
લેવા મોકલી. તેની સાથે કર્નલ ઓકટર્લનીએ તથા કર્નલ
બર્નસે બહાદુરીથી લડી તેમનો પરાભવ કરયો તા૦
૧૫મી અક્ટોબર સ૦ ૧૮૦૪.

પ્ર૦ હોલકરને ફરી ક્યાં અને ક્યારે હરાવ્યો?

ઉ૦ એ રાજાએ દિલ્લી આગળ હારયા પછી ફ
રૂક્કાબાદ આગળ મુકામ નાખી આસપાસના મુલકનો ના
શ કરવા માંડ્યો હતો, તે વેળા ઈંગ્રેજી સરદાર લેક સાહે
બે ઓચિંતાં જઇ હોલકરની છાવણી પર છાપો મારયો;

તેથી હોલકર તથા તેનું સૈન્ય નાશી ગયું તા૦ ૧૭ મી નવેંબર.

પ્ર૦ ઇંગ્રેજ તથા હોલકર વચ્ચે ડિગ આગળ સંગ્રામ થયો તેનું વર્ણન કરો.

ઉ૦ જે વારે હોલકર ડિગને કિલ્લે છાવણી નાંખી પડ્યો હતો તે વારે ઇંગ્રેજી સેનાએ તેના ઉપર કુચ કરી. ત્યાં પાસે એક કીચડ વાળી જગા હતી, તેની ડાબે પાસવે થઇ શત્રુના પહેલા મોરચાની તોપો લેઇ લીધી, અને બીજા મોરચા આગળ લઢાઇ સારી પેઠે મચાવી; તેમાં જનરલ ફ્રેજર મરણ પામ્યો. તેની જગાએ કર્નલ માન્સન આવ્યો, તેણે હોલકરનો છેલ્લો મોરચો તોડ્યો, અને તેની પાછળ પડ્યો તેથી ઉપર કહેલા કીચડમાં શત્રુના હોજનાં માણસો પડ્યાં, તેમાં કેટલાંક મરણ પામ્યાં ને જે બચ્યા તે ડિગમાં ભરાયાં. એ રીતે તા૦ ૧૩મી નવેંબરે ઇંગ્રેજી સેનાએ જય મેળવ્યો, ત્યાર પછી કર્નલ વાલેસે ચંદોર તથા ગુલના લીધાં, અને કર્નલ મરે આખો માળવા પ્રાંત જીતી લીધો.

પ્ર૦ ઇંગ્રેજે ડિગનો કિલ્લો કોની પાસેથી જીતી લીધો?

ઉ૦ એ કિલ્લો ભરતપુરના રાજાને તાબે હતો અને એ રાજા પહેલાં ઇંગ્રેજના પક્ષમાં હતો, પણ પછીથી હોલકરને મદદ આપવા માંડ્યા તેથી ઇંગ્રેજે એના પર ગુ

રસે થઇ તા૦ ૧૬મીથી ૨૩મી ડીસેંબર સુધી ઘેરો ઘાલી એ કિલ્લો હસ્તગત કર્યો.

પ્ર૦ ભરતપુરની ચઢાઈનું વર્ણન કરો?

ઉ૦ ઈંગ્રેજોએ એ શેહેર ઉપર ચઢાઈ કરી કિલ્લો તોડવાનું યત્ન કર્યું પણ નિષ્ફળ ગયું. આ વેળા હોલકરે અમિરખાને કેટલુંક લશ્કર આપી ઈંગ્રેજના મુલક ઉપર મોકલ્યો, તેને ઈંગ્રેજી ફોજે હરાવ્યો ને ખ.જી ફોજ સાથે ભરતપુરને ઘેરી લીધું. ભરતપુરનો રાજા લઢાઈથી કાયર હતો માટે સલાહનું કેહેણ મોકલ્યું, તેથી ઈંગ્રેજે પોતાની મરજી મુજબ સરતો કબુલ કરાવી તા૦ ૧૯મી અપ્રેલ સ૦ ૧૮૦૫ને રોજ સલાહ કરી. પછી સિંધિયાએ સલાહ કર્યા છતાં હુલડ કર્યું હતું માટે તા૦ ૨૧મીએ લાર્ડ લેક સાહેબે તેને હરાવ્યો.

પ્ર૦ સિંધિયા તથા હોલકર જોડે ફરીથી કોણે ક્યારે અને કેઈ રીતે સંધી કરી?

ઉ૦ લોર્ડ કાર્નવાલીસને ઈંગ્લાંડની સરકારે ફરીથી ગવર્નર જનરલની પદવી આપી સિંધિયા તથા હોલકર જોડે સંધી કરવાનું ફરમાવી તા૦ ૩૦મી જુલાઈ ઈ૦ સ૦ ૧૮૦૫માં હિંદુસ્તાનમાં મોકલ્યો. તે આવતાં રસ્તામાં કાશી પાશેના ઘાજીપુરમાં મરણ પામ્યો. તેની જગા વડી સભાના મુખ્ય મંત્રીસરજાર્જ બારોલને મળી. તેણે તા૦ ૨૩મી નવેંબરે આગળના કરેલા કોલ કરાર કબુલ રાખી તથા ઇનામ

દાખન કેટલાક નવા પ્રાંતો આપી સિંધિયા જોડે સલાહ ક રી અને હોલકરને તેનો જીતેલો મુલક પાછો આપવો ક બુલ કરી તેની જોડે તા૦ ૨૪મી ડીસેંબરે સલાહ કરી.

પ્ર૦ મિ૦ બારેલે કયાં કયાં અયોગ્ય કામ કર્યાં

ઉ૦ દક્ષિણના લોકો જ્યારે જયપુર તથા બુંદીના રાજા સાથે લડવા આવ્યા ત્યારે તેઓને એ ગવર્નરે મદ દ આપી નહીં, વળી તેજ રીતે ભરતપુર તથા માકરીના રાજાઓને મદદ આપી નહી, એ તેનાં અયોગ્ય કામ હતાં.

પ્ર૦ વેલોરમાં કોણે બંડ કર્યું?

ઉ૦ એ ગામના હિંદુ લોકોએ સન ૧૮૦૬માં ટિપુ ના છોકરાને ગાદીએ બેસાડવાના મનસુબાથી તથા ઇંગ્રે- જો આપણને બળાત્કારે ખ્રિસ્તિ કરશે[1], એવા ભયથી બં ડ કરી ગોરા લોક ઉપર તોપોનો માર ચલાવ્યો અને ઘ- ણાં માણસોનો નાશ કર્યો. એટલામાં આર્કોટથી ઇંગ્રેજની સાહ્ય આવી પહોંચી, તે ફોજના સરદારે સર્વથી આ- ગળ જઇ વેલોરના કોટ ઉપર ચઢવાનો પ્રયત્ન કર્યો. તે વખતે બધા કોટ ઉપરના સિપાઇઓએ પોતાની કેડના પટા સંધાડી નીચે ફાંસ્યા. તેના આધારથી કોટ ઉપર ચઢી જઇ શત્રુપર

---

૧ દેશી પલટણને ઇંગ્રેજે એવો હુકમ કર્યો હતો કે કોઇએ ધર્મના ટીલા ન કરવાં તથા પાઘડાનો ડોળ અને દાઢી મુછો કતરાવી એક ઘાટના રાખવા

હુમલો કરચો, એટલામાં તોપો આવી પહોંચી, તે વડે શત્રુનો ઘાણ કહાડી નાંખ્યો અને ટિપુના છોકરાને પકડી કલકત્તે મોકલી ત્યાં નજરકેદ રાખ્યો. બંડખોરામાંના કેટલાકને ઠાર મારચા તથા કેટલાકને નોકરીમાંથી કાઢી મૂકયા.

પ્ર૦ એ વેળા બીજે કયાંકયાં બંડ ઉઠવાનાં હતાં?

ઉ૦ સિકંદરાબાદ, વળાજાબાદ, નંદી દૂર્ગ અને બીજા ગામના લશ્કરી લોકોએ ઉપરના ધર્મના કારણને લીધે બંડ ઉઠાવવાની તૈયારીમાં હતા પણ તેમના ઉપરીઓએ યુકતી બંધ તેઓને શાંત પાડ્યા.

પ્ર૦ સરજાર્જ બારોલની જગાએ કયો ગવર્નર નિમાયો અને બારોલનું શું થયું?

ઉ૦ એ ગવર્નર જનરલની જગાએ લોર્ડ મિન્ટો નિમાયો અને બારોલને મદ્રાસના ગવર્નરની જગા મળી.

પ્ર૦ વરાડના રાજા ઉપર કોણે હુમલો કરચો?

ઉ૦ અમિરખાં નામના લૂટારૂ સરદારે સન ૧૮૦૭ માં ઈંગ્રેજો દેશી રાજાને મદદ નથી કરતા એવું ધારી વરાડ ઉપર ચઢાઈ કરી. આ વેળા નવા આવેલા ગવર્નરે વરાડના રાજાની મદદ કરી અમિરખાં સામે લઢવા માટે થોડી ફોજ મોકલી તેથી એ લૂટારો નાશીને દુરના પ્રગણામાં લૂટ કરવા લાગ્યો.

પ્ર૦ એ શિવાય એ ગવર્નરે બીજા કોને મદદ કરી હતી?

ઉ૦ પેશ્વાના લોકો નિઝામને નડતા હતા તેથી નિઝામની મદદ કરી તેમનો બંદો બસ્ત કરયો, અને પોતાને મનગમતો નિઝામના રાજમાં એક પ્રધાન નિમી આપ્યો.

પ્ર૦ મિન્ટોએ કાબુલ તથા ઇરાન વકીલો શા માટે મોકલ્યા હતા?

ઉ૦ એ ગવર્નરે એવી વાત સાંભળીકે ફ્રેંચ અને રૂશીઅન લોક ઇંગ્રેજ ઉપર ચઢાઇ કરનાર છે તેથી ઇરાન તથા કાબુલ મોટા ઠમાક સાથે વકીલો મોકલ્યા. ઇરાનના વકીલે પોતાનો હેતુ પાર પાડયો પણ કાબુલના વકીલથી એમ બન્યું નહી. કારણ કે તે દેશમાં માંહો માંહી લઢાઇઓ ચાલતી હતી.

પ્ર૦ સન ૧૮૦૯માં કયાં કયાં બંડ થયાં ને તે બંડ થવાનું શું કારણ?

ઉ૦ સીરંગપટણ, મછલી પટણ, સિકંદરાબાદ. એ ઠેકાણે બંડ ઉઠયાં હતાં તેનું કારણ એ કે મદ્રાસના ગવર્નર બારોલે લશ્કરી માણસોને તંબુનું ખર્ચ આપવું બંધ કરયું તેથી તથા કેટલાક અમલદારોને કાઢી મુકયા તેથી તેમણે બંડ કરયાં.

પ્ર૦ એ બંડનું શી રીતે સમાધાન થયું?

ઉ૦ સિકંદરાબાદના બંડ માટે પુનાના રેસીડેન્ટને મોકલ્યો હતો તેણે બંડ સમાધાન કરયું, તેને જોઇને બી

જુ બંડો સમી ગયા. એ વેળા લોર્ડમીન્ટોએ મદ્રાસ જઈ સઘળું થાળે પાડ્યું હતું.

પ્ર૦ મીન્ટોના વખતમાં કયા કયા બેટો હાથ આવ્યા?

ઉ૦ જાવા, બુર્બો, અને આઇલ ઓફ ફ્રાંસ.

પ્ર૦ મીન્ટો પછી કયો ગવર્નર આવ્યો ને તેણે શું કર્યું?

ઉ૦ એ ગવર્નર પછી લોર્ડ માયરા ઉર્ફે માર્કવિસ આફ વેલસલી આવ્યો, તેના વખતમાં ગુરખા લોકે લૂટ ફાટ કરી ભોપાળની સરહદ ઉપર ઈંગ્રેજી ફોજનો નાશ કર્યો. તેને સારૂ ગવર્નરે પોતાના લસ્કરના ચાર ભાગ કરી પેહેલો ભાગ નેપાળના પશ્ચિમે, બીજો નેપાળ ઉપર ત્રીજો વેગળો પૂર્વમાં અને ચોથો કટમંડુ ઉપર મોકલ્યો.

પ્ર૦ પેહેલા ભાગની ફોજે ક્યારે અને શું શું પરાક્રમ કર્યું?

ઉ૦ ગુરખા લોકનો સરદાર અમિરસિંગ કરીને હતો (તેના પક્ષમાં વિલાસ[1] પુરીનો રાજા પણ હતો,) તેને સારૂ તા૦ ૫મી નવેમ્બરે સન ૧૮૧૪માં એ ફોજે નળ ગ

---

૧ એ શેહેર નેપાળની પશ્ચિમ તરફના ત્રણ ડુંગરાની પેધી પાશે હતું ડુંગરા ઉપર અનુક્રમે તલગઢ, રામગઢ, અને માલોનગઢ એ કિલ્લા હતા.

ઢના રક્ષપાળને નસાડી રામગઢને કિલ્લે થોડાં માણસ-મૂકી માલોનગઢ ઉપર ચઢાઈ કરી(કારણ કે તેમાં અમીર સિંગ ભરાઈ બેઠો હતો) તેને ઘેરો ઘાલી ગુરખા લોકના થોડાંક થાણાં હાથ કરયાં એટલે વિલાસ પુરીનો રાજા ઈંગ્રેજોને સ્વાધિન થયો અને માલોનગઢ ગુરખા લોક સાથે ભારે યુદ્ધ કરીને સ્વાધિન કરયો તથા સરદાર અમિરસિંગને મારી નાખ્યો તા૦ ૧૫મી અપ્રિલ સન ૧૮૧૫.

પ્ર૦ બીજા ભાગના ફોજનું શું થયું?

ઉ૦ એ ફોજે કલંગાના કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો, તેમાં પેહેલી વારતો તેમની હાર થઇ પણ પછીથી બહુ જોર મારયું એટલે તા૦ ૨૯મી અકટોંબર સન ૧૮૧૫. માં તે કિલ્લો હાથ આવ્યો ને કિલ્લાના ગુરખા લોક-હારયા. ત્યાર પછી તા૦ ૨૭મી ડીસેંબરે જૈટકના કિલ્લાને ઘેરો ઘાલ્યો, ને ત્યાંના ગુરખા લોકને હરાવી તે કિલ્લો સ્વાધિન કરયો. એ શિવાય ગુરખા લોક સાથે એક બી-જી ફોજે યુદ્ધ કરી કુમાયન પ્રાંત જીત્યો હતો.

પ્ર૦ ઈંગ્રેજની નેપાળની ચઢાઈનું વર્ણન કરો?

ઉ૦ ઉપરની લઢાઈઓ સાંભળી તેથી નેપાળના રાજાએ ભયભીત થઇ ઈંગ્રેજને સલાહનું કહેવડાવ્યુંપણ પછીથી તેણે ના પાડી, તેથી ગવર્નરે સરડેવિડને ફોજ આપી નેપાળ ઉપર મોકલ્યો. તેણે પોતાની ફોજના કડકા કરીને નેપાળની ચાર દિશાએ મોકલ્યા. અને પોતે મહ

કઠણ પાડી થઇને મકવાનપુર ઉપર હલ્લાં કરી; ત્યાં આ ગળ તા૦ ૨૮મી ફેબ્રુવારી સન ૧૮૧૬માં ઈંગ્રેજોને ગુરખ્ખા વચ્ચે ભારે યુદ્ધ થયું.તેમાં ગુરખ્ખા હાર્‍યા ને બીજી ટુકડીના સરદાર કર્નલ કેલીએ બહુ જોર મારી હરીપુર લેઇ લી-ધું. આ પ્રમાણે ઈંગ્રેજોની ચઢતી જોઇને નેપાળના રાજા એ પુન સલાહ કરવાની મરજી બતાવી તેથી ઈંગ્રેજે પો તાના જીતેલા મુલકમાંથી થોડો મુલક તેને પાછો આપી સલા કરી.

પ્ર૦ એ વિના ઈંગ્રેજોએ પોતાના કયા શત્રુનો ના શ કર્યો?

ઉ૦ હિંદુસ્તાનના મધ્ય ભાગમાં પિંઢારા² તથા બીજા લૂટારૂ લોકો ઈંગ્રેજી મુલકમાં લૂટ કરતા હતા તેમનો મે-જર લસિંગ્ટને સન ૧૮૧૭ ના અકટોબર માસ સુધીમાં લઢીને કેવળ નાશ કર્યો.

પ્ર૦ ત્રિંબકજી કોણ અને તેણે શું કર્યું?

---

૧ આ રસ્તા ઉપર ગુરખ્ખા લોકોએ એક પછી એક એમ અનુક્રમે લાકડાના ત્રણ કોટ બાંધ્યા હતા.

૨ આ લોકો પહેલાં મરેઠાની ફોજમાં નોકર હતા પણ જ્યારથી તેમની પડતી દશા થઇ ત્યારથી પોતે એક સરદાર ઠરાવી લૂટ શરૂ કરી. એઓની એવી રીત હતીકે જે નાયક વધારે લુટ મેળવે તેની જોડે રહેવું.

ઉ૦ એ એક પેશ્વાનો માનીતો સરદાર હતો તે ઈંગ્રેજના સામી બાકરી બાંધવાને પેશ્વાને ઉશ્કેરતો હતો એટલુજ નહીં પણ પેશ્વા પાસે બીજા દેશી રાજાઓને ઉશ્કેરાવતો હતો. અને પોતે પણ બહુ કાળાં કર્મનો કરનાર હતો, તેનો દાખલો એક જ્યારે સન ૧૮૧૪ માં મોનસ્ટુઅર્ટ એલફિન્સ્ટન સાહેબે પેશ્વાને ફરમાવ્યું કે, તમારે ત્રિબકજીને ઈંગ્રેજ સરકારને સોંપવો. આ વાત પેશ્વાને ન પસંદ પડ્યા છતાં ત્રિબકજીને ઈંગ્રેજને સોંપવો પડ્યો, તેને ઈંગ્રેજે થાણામાં કેદ રાખ્યો,ત્યાંથી તેણે નાશી જઈ બંડ કર્યું, તે બંડખોરોને ઈંગ્રેજે હરાવ્યા, તેથી તે બીજી વાર ડુંગરમાં નાશી ગયો. માટે ફરીથી પેસ્વાને એવો સખત હુકમ કર્યો કે તમારે ત્રણ કિલ્લા તથા ત્રિબકજીને કોઈ પણ પ્રકારે અમારે સ્વાધિન કરવા એટલુજ નહીં પણ તેના જોડે બીજા બહુ સખત કરાર કરી લીધા. તા૦ ૧૩ મી જુન ઈ૦ સ૦ ૧૮૧૭.

પ્ર૦ દક્ષિણમાં ખડકી ગામ આગળ કોનું કોનું યુદ્ધ થયું તથા તે યુદ્ધમાં શો પરિણામ નિપજ્યો?

ઉ૦ ઉપરના સખત કરારથી પેશ્વાએ અકળાઈ જઈ પિંઢારા સામા લઢવાને સૈન્ય તૈયાર કરૂછું એવું ડોળ બતાવી મોટું સૈન્ય એકઠું કર્યું. એ વેળા રેસિડેંતે થોડીક ફોજ આપી કર્નલ સ્મિથને પિંઢારા ઉપર મોકલ્યો હતો. એવામાં પેશ્વાએ ઓચિંતો રેસિડેંતની છાવણી ઉપર પસારો

કરી છાપો મારચો તા૦ ૫મી નવેંબર. તેથી રેસિડેંત પ લાપણ કરી જઇ ખડકી આગળ એક સૈન્ય હતું તેને મળ્યો, ત્યાં આગળ ભારે લઢાઇ થઇ તેમાં ઈંગ્રેજોને બાજી મદદ મુંબાઇથી આવી તે વડે જીત્યા. અને કર્નલ સ્મિથે આવી પુના લઇ લીધું.

પ્ર૦ આપાસાહેબ કોણ તથા તેણે શું કર્યું?

ઉ૦ નાગપુરમાં એક મરેઠો રાજા હતો, તે મરણ પામ્યો તેના પછી તેનો એક ગાંડો છોકરો ગાદીએ બેઠો તેના રક્ષણને અર્થે ઈંગ્રેજે માધવજી ભોસલ (આપા સાહેબ) ને ઠરાવ્યો, તેણે ઈંગ્રેજ જોડે નિઝામ તથા હોલકરની માફક સલાહ કરી પ્રીતી બાંધી હતી. આગળ જ્યારે ગાદીએ બેસાડેલો રાજા મરી ગયો ત્યારે તેની ગાદી આપાસાહેબને મળી ત્યારથી તેણે પેશ્વાની પેઠે કાવતરાં કરવા માંડ્યાં એટલુંજ નહીં પણ તેઓના ઉપર ચડી જઇ સિતાબાલ્ડીના ડુંગર ઉપરની ઈંગ્રેજી ફોજને હરાવી (તા૦ ૨૭ મી નવેંબર સ૦ ૧૮૧૭.) એટલામાં કપતાન ફીટજ રાલ્ડે આવી મરેઠાઓનો પરાભવ કરચો.

પ્ર૦ નાગપૂર કેઇ રીતે કબજે આવ્યું?

ઉ૦ આપાશાહેબ ઈંગ્રેજને સ્વાધિન થયો પણ તેની મરેઠાની ફોજે બહુ જોર મારી ઈંગ્રેજ સામી ટકર જીલી પરંતુ આખરે તેમનો પરાભવ થયો તા૦ ૧૫મી ડીસેંબર. તેથી તા૦ ૩૦ ડીસેંબર સન ૧૮૧૭માં નાગપુર કબજે કરચું.

પ્ર૦ સ્વાધિન થએલા માધવજી ભોંસલાનું શું થયું?

ઉ૦ રેસિડેંત સાહેબ એના ઉપર દયા લાવી ગાદી પાછી સોંપી પણ તેની કાવતરાં કરવાની ટેવ ગઈ નહોતી.

પ્રકરણ ૬ ઠું

પિંઢારાની સમાપ્તિ, બ્રહ્મી લોક જોડે લઢાઈ અને ગવર્નર જનરલ ઓક્લેંડની કારકીર્દી ઈ૦ સ૦ ૧૮૧૭થી ૧૮૪૨ સુધી.

પ્ર૦ ઈંગ્રેજોને માહિદપૂર આગળ કોની જોડે લઢાઈ થઇ?

ઉ૦ ઈંગ્રેજનો આગલો શત્રુ સિંધિયા જીવતો હતો ને હોલકર દીવાનો થઇ મરણ પામ્યો હતો, તેની ગાદીએ તેનો પુત્ર મલ્હારાવ બેઠો હતો. તે નાનો હોવાથી રાજ કારભાર હોલકરની રાખેલી તુલસીબાઇ કરતી હતી. આ વેળા સિંધિયાએ લઢાઈનો ડોળ દેખાડ્યો, પણ ઈંગ્રેજની બીહીક લાગી તેથી તેમને વશ થવું પડ્યું, પરંતુ એના સરદાર બરાબર વશ થયા નહીં. તુળસીબાઇની ઈંગ્રેજ સાથે સલાહ કરવાની મરજી હતી તેથી કેટલાક અમલદારોએ તેને મારીને લઢાઈનો આરંભ કર્યો, તેના સામા ઈંગ્રેજી સરદાર ટામસ હિસ્લોપ તથા સરજાન માલકમે માહિદપૂર આગ-

ળ તા. ૨૧મી ડીસેંબરે માહાભારત યુધ્ધ કરી તેમનો પરાભવ કરયો,અને હોલકર તરફથી રાજ ચલાવનાર જોડે મંદેસર આગળ સલાહ કરી.

પ્ર૦ પિંડારાનું ઉછેદન શી રીતે થયું?

ઉ૦ પિંઢારા લોકના મુખ્ય સરદાર ચીતુ તથા કરીમખાન કરીને હતા, તેમાં કરીમખાન ઘણીક વાર ઇંગ્રેજો થી હારયો, તેથી તેમને તાબે થયો અને ખાંજો ઉદ્યમ કરવા માંડ્યો. પણ હજુ ચીતુ જંપીને બેઠો નહોતો, તેણે ઈંગ્રેજને એવું કહાવ્યું કે,"તમે મને એક જાગીર આપો તો હું તમારે હવાલે થાઉ"પણ તે વાતની ઈંગ્રેજે ના કહી તેથી લૂટ શરૂ કરીને અંહીથી તહીં ભટકવા લાગ્યો તે એક દહાડો ઝાડીમાં થઇને જતો હતો ત્યાં રસ્તામાં તેને વાઘે ફાડી ખાધો.

પ્ર૦ પેશ્વાની કયારેને શી રીતે પુર્ણાવતી કરી?

ઉ૦ એ રાજા સાથે કોરે ગામ આગળ તા. ૧૮ મી જાન્યુવારી સન ૧૮૧૮માં દારૂણ સંગ્રામ કરી તેની પૂર્ણાવતી કરી તેથી પેશ્વા તા. ૩જી જુને ઈંગ્રેજી સરદાર સરજોન માલકમને તાબે થયો. માલકમે તેને ૮૦૦૦૦ રૂપીઆનું વરખાસન બાંધી આપી બાથુર નામના ગામમાં રાખ્યો. આ લઢાઇમાં પેશ્વાના લશ્કરમાં આરબ લોકો હતા તેમણે બહુ જોર મારી ઈંગ્રેજોને હરાવ્યા. એટલુંજ નહીં પણ તેમને બહુજ પીડા કરી. યુધ્ધ બપોરથી પા

હોર રાત લગી આવ્યું ત્યાં લગણ ઈંગ્રેજી ફોજમાંના કેટલા
લોકોને પીવા પાણી સરખુ પણ ન મળ્યું. જ્યારે શત્રુઓ
કોરે ગામથી નાશી ગયા ત્યારે તેમને જરા નિરાંત વળી.

પ્ર૦ પેશ્વા આટલું બધું કોના બળ વડે ઝુઝતો હ-
તો?

ઉ૦ એ રાજા પોતેતો કાયર હતો પણ તેની ફો-
જનો સરદાર બાપુ ગોખલા નામે મહાશૂરાવેર પુરૂષ હતો
તેના બળ વડે એ ઝુઝતો, તે સરદાર આષ્ટી આગળ મરાયો.

પ્ર૦ ઈંગ્રેજે સતારામાં કયા રાજાની સ્થાપના કરી?

ઉ૦ શિવાજીના વંશના એક માણસને સતારાની
ગાદી આપી તેની જોડે એવો ઠરાવ કરચો કે, ઈંગ્રેજના
અનુમતથી તમારે રાજ ચલાવવું. આ વેળા ત્રિંબકજી ના-
શીકમાંથી પકડાયો તેને ચુનારને કિલ્લે મોકલી દીધો.

પ્ર૦ હોલકરના તાબાનો ટાલનીઅરનો કિલ્લો કો
ણે ને ક્યારે જીતી લીધો?

ઉ૦ એ કિલ્લો સરટાંમસ હિસ્લોપ સાહેબ તેના
રઝેવાળ સાથે લઢાઈ કરી તા૦ ર૭મી ફેબ્રુવારી સન
૧૮૧૮માં જીતી લીધો બાદ થોડે દહાડે સિંધિયાના તા-
બાનો આશીઘઢનો કિલ્લો પણ સ્વાધિન કરી લીધો.

પ્ર૦ આપા સાહેબ ક્યાં નાશી ગયો?

ઉ૦ એણે ઈંગ્રેજના શત્રુને લઢાઈ કરવાને ઉશ્કેરયા
હતા તેથી ઈંગ્રેજે તેને કબજ કરવાનો મનસુબો કરચો.

એટલે તે નાસીને પંજાબ ગયો ત્યાંના રાજા રણજીતસિંગે તેને આશરો આપ્યો.

પ્ર૦ ઈંગ્રેજોને રંગુન કયારે ને શી રીતે મળ્યું?

ઉ૦ ગવર્નર હેસ્તિંગ્સ સ્વદેશ ગયો તેની જગાએ આમહર્સ્ત આવ્યો તેના વખતમાં બ્રહ્મી લોકોએ બંડ કરી શાહપુરી નામનો બેટ ૧૮૨૨ના સપ્તેંબરમાં તાબે કરચો, ને ત્યાંનું ઈંગ્રેજી લશ્કર કાઢી મૂકયુ, એટલુંજ નહીં પણ શાહાપુરી પાસેના સોફાયા વહાણના માણસોને છેતરી કેદ કરચા. તેથી ઈંગ્રેજે તેના ઉપર રંગુન નદીને રસ્તે ફોજ મોકલી. તે રંગુન પાસે પહોંચી એટલે તેના ઉપર દુશ્મનોએ ગાર ચલાવ્યો. આાણીમેર ઈંગ્રેજોએ પણ વહાણમાં રહી તોપોના બહાર ચલાવ્યા હતા. તેથી બ્રહ્મ લોકો ગામ છો ડી વગડે નાશી ગયા. અને આવાના રાજાનું રંગુન શેહેર તા૦ ૧૧મી મે સન ૧૮૨૪ને રોજ ઈંગ્રેજોને સ્વાધિન થયું.

પ્ર૦ બ્રહ્મી લોકોનું કેમેંડાઈન બંદર કેઈ રીતે જીતાયું?

ઉ૦ નાઠેલા બ્રહ્મી લોકે કાષ્ટમય કિલ્લો બાંધ્યો હતો, તેના ઉપર ઈંગ્રેજે ચઢાઈ કરી તા૦ ૨૬ મીએ તે લીધો. પછી ઈંગ્રેજોએ તેમના તાબાના કેમેંડાઈન બંદર ઉપર હલ્લાં કરી તા૦ ૧૦ મી જુને તે બંદર સ્વાધિન કરયું.

પ્ર૦ મારટાબાન,ટિનાસેરામ ટેવ્હાય અને મરગ્વી એ પ્રાંતો ઈંગ્રેજોને શી રીતે મળ્યા?

ઉ૦ બ્રહ્મા લોકના રાજાએ બીજી વાર લડાઈ કરવા સારૂ પિકિપાવોંગી નામના મોટા અમલદારને ઈંગ્રેજ સામે મોકલ્યો, એ સરદારે ઈંગ્રેજના તાબાના ડાગોનના દેવળ ઉપર તા૦ ૧ લી જુલાઈએ હલ્લાં કરી, તેને ઈંગ્રેજોએ તોપોના ઝપાટા મારી નસાડી મુક્યો. પિકિપાવોંગી હારી પાછો આવ્યો તેની જગાએ સુબાવોંગીને મોકલ્યો,એ સરદારે ભયભીત થઈ પોતાના રક્ષણાને અર્થ લક્કડકોટ બાંધી ત્યાં પડાવ નાખ્યો, તેના ઉપર ઈંગ્રેજની ફોજે જળમાર્ગે અને સ્થલ માર્ગે હલ્લાં કરી તા૦ ૨૮મી જુલાઈએ કોટ તોડી તેમને હરાવી આગળ ચાલતાં શિરિયામ તથા ડાલા નામનાં ગામ લીધાં. અને કર્નલ ગોડવીએ મારટાબાન જીતી લીધું, તથા કર્નલ માઈલ્સે ટિનાસરિમ,ટેવ્હાય અને મરગ્વી લીધાં. એ રીતે હાર થઈ તેથી આવાના રાજાએ મહાબળવાન સરદાર બંદુલાને ઈંગ્રેજ સામે મોકલ્યો. તેણે તા૦ ૧૭ મી ડીસેંબરે હુમલો કર્યો પણ તેમાં તેની હાર થઈ.

પ્ર૦ બંદુલાનું શી રીતે મૃત્યું થયું?

ઉ૦ બ્રહ્મી લોકોએ કપટથી રંગુનશેહેર બાળ્યું તેને શિક્ષા કરવા સારૂ ઈંગ્રેજે તેના તાબાના ડોનાબ્યુ ઉપર હલ્લાં કરીતેમાં તેની હાર થઈ એટલામાં તેમની મદદે સર આ

સિબાહ્દ કપાન્બલ આવી પહોંચ્યો, તેણે ફરીથી લડાઇ કરી. તેમાં બંદુલા ઝેહેરી ગોળો વાગવાથી મરણ પામ્યો. અને તેથી તા૦ ૨ અપ્રેલ સન ૧૮૨૫માં ડોનાબ્યુ તાબે થયું. ત્યારપછી મદદે આવનાર સરદારે તા૦ ૨૫મીએ પ્રોમ તાબે કરી લીધું તથા ઈંગ્રેજની બીજી ફોજે તા૦ ૧ લી અપ્રેલે લડાઇ કરીને આરાકાન લેઇ લીધું. આવા આવના રાજાએ બાતમીન થઇ સલાહનું કહેણ મોકલ્યું. પણ તેણે ઈંગ્રેજના કહ્યા પ્રમાણે સરતો કબુલ ન કરી તેથી લડાઇ ઉભી થઇ.

પ્ર૦ એએની લડાઇ ક્યારે ક્યારે અને ક્યાં ક્યાં થઇ?

ઉ૦ એક લડાઇ પ્રોમ પાસે થઇ. તેમાં પહેલી તો ઈંગ્રેજની હાર થઇ પણ પછીથી બ્રહ્મી લોકોને હરાવી તા૦ ૨૧મી જાનેવારી સન ૧૮૨૬માં મેનગ નામનું ગામ જીતી લીધું અને બીજીવાર પાગામ આગળ તા૦ ૯મી ફેબ્રુવારીએ આવ રાજાના સરદાર નિર્કાધિપતી જોડે દારૂણ સંગ્રામ થયો, તેમાં તેનો પરભાવ થયો તેથી રાજાએ ઈંગ્રેજને જીતવાની આશા છોડી સલાહનું કહેણ મોકલ્યું.

પ્ર૦ આવાના રાજાએ સલાહમાં ઈંગ્રેજોને કયા કયા પ્રાંતો આપ્યા?

ઉ૦ આસામ, કછર, જંટીઆ, મણીપૂર, આરાકાન અને તિનાશ્રીયમ, એ પ્રાંતો તા૦ ૧૪મી ફેબ્રુવારીએ આપ્યા.

પ્ર૦ આ વેળા ભરતપુરમાં શી ગડબડ ઉઠી હતી?

ઉ૦ ભરતપુરનો રાજા સન ૧૮૨૫માં મરી ગયો તેની ગાદીએ તેનો દીકરો બળવંતસિંહ બેઠો હતો એ રાજા ના નો હોવાથી તેના એક પીતરાઇએ તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકી કેદ કરયો હતો. આ વાત ઇંગ્રેજને ઠીક ન લાગવાથી બળવંતસિંહની વારે લાર્ડ કાંબર મિયરને મોકલ્યો. તેણે ભરતપુરનો મૃત્તિકા કોટ સુરંગ પાડી તોડયો અને બળવંતસિંહના શત્રુ દુર્જનને કેદ કરયો તા. ૧૮ મી જાનેવારી ઇ૦ સ૦ ૧૮૨૬.

પ્ર૦ હિંદુસ્તાનમાં સતી થવાનો ચાલ કોણે ને ક્યારે બંધ કરયો?

ઉ૦ આમહર્સ્ત પછી થએલા ગવર્નર જનરલ વિલ્યમ બેન્ટિકે તા૦ ૪ થા ડીસેંબર સન ૧૮૨૯ માં એ જુનો ચાલ બંધ કરયો, અને સતી થાય તેને વાસ્તે શિક્ષા ઠરાવી.

પ્ર૦ સન ૧૮૩૩-૩૪ માં શી બિના બની?

ઉ૦ ૩૩ માં ઇંગ્લાંડની સરકારે વેપાર કરવાની સૌને પરવાનગી આપી તથા કંપનીને બીજા વિશ વરસનો પટો કરી આપ્યો, અને ૩૪ માં ઇંગ્રેજે કુર્ગ દેશ જીત્યો.

પ્ર૦ ઇંગ્રેજે ઇરાન ઉપર ફોજ શા માટે મોકલી?

ઉ૦ બેન્ટિંકની જગાએ નવા આવેલા ગવર્નર જનરલ ઓકલાંડે અફગાનીસ્તાનમાં વકીલ મોકલ્યા હતા, તે

વેળા ઈરાનના રાજાએ અફગાનીસ્તાનના હિરાત શહેરને ઘેરો ઘાલ્યો હતો, તેમણે ઈંગ્રેજી વકીલનું અપમાન કર્યું; તેથી તેને શિક્ષા કરવા સારૂ ઈરાની અખાતને રસ્તે ઠર્કુ બેટમાં લશ્કર મોકલ્યું એટલે તેને હિરાતનો ઘેરો છોડી દેવો પડ્યો.

પ્ર૦ ઈંગ્રેજે કાબુલ ઉપર શા માટે ચઢાઈ કરી?

ઉ૦ કાબુલના રાજા શાહસુજાએને તેના ભાઈ મહમદે ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો, તેથી તે નાશીને હિંદુસ્તાનમાં આવ્યો. પછી મહમદ ગાદી ઉપર બેઠો. તેના સામા દોસ્ત મહમદે કાંઈ કારણસર બંડ ઉઠાવી અફગાનીસ્તાનની ધણીઆરી સત્તા પોતાને હાથ લીધી હતી. તેના દરબારમાં ઈંગ્રેજે વકીલ મોકલ્યો. પણ તેણે ઈંગ્રેજના વાત કબુલ ન કરી તેથી પંજાબના રાજા રણજીતસિંહને મેળામાં લેઈ શાહસુજાએ સહુવર્તમાન અફગાનીસ્તાન ઉપર ચઢાઈ કરી તા૦ ૮મી મે સન ૧૮૩૮માં શાહસુજાને કંદહારના તખ્ત ઉપર બેસાડ્યો. પછીથી તા૦ ૨૩મી જુલાઈએ ગીજની અને તા૦ ૬ઠી અગષ્ટ કાબુલ સ્વાધિન કર્યું: આ ફોજનો મુખ્ય સરદાર સરજોન લારેન્સ કીન હતો.

પ્ર૦ પછીથી દોસ્ત મહમદની શી વલે થઈ?

ઉ૦ એ નાશીને બુખારે ગયો હતો ત્યાં તેને ત્યાંના રાજાએ કેદ રાખ્યો, ત્યાંથી છાનોમાનો નાશી આવી

અફગાન લોકોનો જમાવ કરી ૫રવાન આગળ ઈંગ્રેજો જો ડે લડાઈ કરી, તેમાં તેને ઈંગ્રેજી સરદાર રોબર્ટસેલે તા૦ ૨૭ નવેંબર ૧૮૩૯ને રોજે હરાવ્યો. ત્યાર પછી તે બીજે દહાડે ઈંગ્રેજને સ્વાધિન થયો તેથી તેને હિંદુસ્તાનમાં કેદ કરવામાં આવ્યો.

પ્ર૦ ઈંગ્રેજે બીમાર ગામ ઉપર ક્યારે હુમલો કરયો ને તેમાં શું થયું?

ઉ૦ દોસ્ત મહમદને કેદ કરયા પછી સન ૧૮૪૦ માં અફગાન સરદારોએ બંડ કરી ઈંગ્રેજી ફોજ ઉપર જગડલર નામની જગા આગળ હલ્લો કરયો તેમાં તેમની હાર થઈ. ત્યાર પછી કાબુલમાં તા૦ ૨૭ નવેંબર સન ૧૮૪૧માં બંડ ઉઠ્યું. તે બંડ ખોરોએ કેટલાક ઈંગ્રેજોને મારી નાખ્યા અને શાહસુજાનો ખજાનો લૂટ્યો તથા બીજે દીવસે ઈંગ્રેજના એક કિલ્લા ઉપર ચઢી જઈ હલ્લો કરયો, તેથી ત્યાંનો અધિકારી તથા શિપાઈઓ નાશી ગયા. બાદ કેટલાક દહાડે એટલે તા૦ ૨૨મી નવેંબરે જનરલ સેલ્ટને અફગાન તાબાના બીમારૂ ગામ ઉપર હુમલો કરયો તેમાં તેની હાર થઈ.

પ્ર૦ ઈંગ્રેજો અફગાનીસ્તાનની લડાઈમાંથી કેઈ રીતે પરવારયા?

ઉ૦ ઉપર લખ્યા પ્રમાણે દોસ્ત મહમદને હિંદુસ્તાનમાં કેદ કરયો એ વાત ખરી. પરંતુ તેનો દીકરો અકબરખા-

ને ઈંગ્રેજોને જંપીને બેસવા દીધા નહીં, તેણે સલાહ કરવાને એકાંત મળવાનું ઠરાવી કપટથી તા૦ ૨૩મી ડીસેંબરે સર વીલીઆમ મેકનાટન વિગેરે કેટલાક ઈંગ્રેજનો ઘાત કર્યો, તોપણ અકબરખાન સાથે સલાહની ભાંજગડ ચાલું રાખી તેને ઘણું નાણું આપવું કરી કાબુલમાંથી નિર્વિઘ્ન ઈંગ્રેજોને જવા દેવું એવું તેની પાસે કબુલ કરાવ્યું. અને તા૦ ૬ઠીની જાનેવારી સન ૧૮૪૨માં કાબુલ મુકી જલાલાબાદ ભણી રવાને થયા, રસ્તામાં પર્વતના વિકટ માર્ગથી અને અફગાન લોકો ઓટે રહીને ગોળીઓ મારતા હતા તેથી તથા થાક, ભુખ અને ટાઢ એઓના દુખથી થોડાક ઈંગ્રેજો માત્ર બાચ્યા, તે જલાલાબાદ ગયા. પરંતુ આ દુઃખનો બદલો જનરલ નોટે તા૦ ૧૨મી જાનેવારીએ શત્રુઓને હરાવી કંદહાર કબજે કરી વાળ્યો. ત્યાર પછી સન ૧૮૪૨ના ફેબ્રુવારીની ૨૮ મીએ લાર્ડ આકલંડ ગવર્નર જનરલની જગાએ લાર્ડ એલેનબરો આવ્યો. તેણે અફગાન લોકો જોડે લડાઈ કરવાનો નિશ્ચય કર્યો. બાદ અકબરખાન જલાલાબાદને ઘેરો ઘાલવા આવ્યો હતો તેને રોબર્ટસેલ નામે મજકુર શેહેરનો કોટ સુધરાવતો હતો તેણે બે ત્રણ નાનાં યુદ્ધ કરી હરાવ્યો. તા૦ ૬ઠી અપ્રેલ સન ૧૮૪૨. એટલામાં તા૦ ૭ મી ને રોજે ઈંગ્રેજે અફગાન ઉપર હુમલો કરી અકબરખાનને નસાડ્યો. ત્યાર પછી થોડેક દહાડે તા૦ ૨૦ મીએ કાબુલ પર હલ્લો કરી આસપાસના શત્રુઓને નસાડ્યા.

તે નસાડેલા અફગાનોએ ઈંગ્રેજની ફોજને ગોળીઓ મારીને નસાડીને ગઝીનમાં મોટું યુધ્ધ કર્યું તા૦ ૧૫ મી સપ્ટેંબર. ત્યાર પછી જનરલ નોટ ગિજનીના સુબા સમસુદીનને તા૦ ૨૦ મીએ હરાવી જનરલ પોલોકને જ૦ ૪ મળ્યો. આ વાત અકબરખાને જાણી તેથી તેણે પોતાના તાબાના ઈંગ્રેજ બંધીવાનોને એક અફગાન સરદારને સોંપી દેશના માહેલા ભાગમાં લેઈ જવાનો હુકમ કર્યો. તે સરદારે રૂસવત લેઈ કેટલાકને છોડી મૂકયા અને બાજાઓને ઈંગ્રેજો છોડાવી લાવ્યા. એ પ્રકારે જેમ તેમ કરી ઈંગ્રેજી બંધીવાનો મૂકાવી અફગાનીસ્તાનની લડાઈઓમાંથી ઈંગ્રેજે મન કાઢી નાખ્યું.

પ્રકરણ ૭ મું.

સિંધના અમીરો, સિંધિયાના સરદારો અને શીખ લોક સાથે લડાઈ

ઈ૦ સ૦ ૧૮૪૨થી ૧૮૫૧ સુધી.

પ્ર૦ સિંધના અમીરો સાથે પહેલ વેહેલી કયાં આગળ લડાઈ થઈ?

ઉ૦ જે વેળા અફગાનીસ્તાનમાં લડાઈ ચાલતી હ

તી તે વેળા સિંધના અમિરોએ ઈંગ્રેજી લશ્કરને અફગા-નીસ્તાનમાં જતાં આવતાં નડાવ કરયો હતો. એટલુંજ ન-હી પણ પછીથીતો ઘણીજ બાબતોમાં ઈંગ્રેજથી વિરૂધ ચાલવા માંડ્યું, તેથી ગવર્નર એલેનબરોએ એકદસ્તાવેજમાં "સિંધના અમિરોએ ખંડણીને પેટે કેટલોક દેશ આપવો તથા સિંધુ નદીમાં ઈંગ્રેજી આગબોટો રહે તેના બળતણનું ખર્ચ આપવું. અને તેઓએ નાણાના સિક્કા પાડવા નહીં" એવા સખત ઠરાવ લખી કમીશનર મેજર ઔટરામ ઉપર મોકલ્યો. તેણે અમિરોને નહીં પસંદ છતાં બળાત્કારે સમજાવી લેખ ઉપર સહીઓ કરાવી, તેથી તેમણે ખીજવાઇને સન ૧૮૪૨ ના ફેબ્રુઆરીની ૧૫ મી તારીખે ઔટરામ ઉપર ધસારો કરયો. ત્યાં આગળ તેઓનું કંઇ પણ ચાલ્યું નહીં, તેથી તેમણે ઈંગ્રેજી અરમાર ઉપર ચઢાઇ કરી. એટલામાં સરચાર્લસ નેપિયર ફોજ લેઇને આવી પહોંચ્યો. તેણે અમિરોની સાથે તા૦ ૧૭મી ફેબ્રુવારીએ મ્યાની ગામ આગળ મહાભારથ લડાઇ કરી. (અમિરો ભેગા મરણિયા બલુચી લોકો પણ આવ્યા હતા.) પછી કેટલાક અમિરોએ લડવાનું મુકી દેઇ અધિયારો તથા હૈદ્રાબાદ ઈંગ્રેજોને સ્વાધિન કરયાં.

પ્ર૦ બીજી વાર ક્યાં આગળ લડાઈ થઈ?

ઉ૦ ઉપર લખ્યું કે કેટલાક અમિરોએ હૈદ્રાબાદ તથા અધિઆરો ઈંગ્રેજને સ્વાધિન કરયાં. પરંતુ યુધની

પૂર્ણાવતી થઈ નહોતી. ફરીથી હૈદ્રાબાદ પાસેના દબા ગામ આગળ તા. ૨૪મી માર્ચે દારૂણ યુદ્ધ થયું તેમાં શત્રુનો પરાભવ થયો.

પ્ર૦ સિંધ દેશ શી રીતે તાબે થયો?

ઉ૦ સિંધના અમીરોમાં મુખ્ય અમીર શેરમહમદ તથા શાહમહમદ હતા, તેઓમાંના શેરમહમદને મેજર જાબકે હરાવ્યો તેથી તે નાશી ગયો અને શાહમહમદને હરાવી કેદ કરયો એટલે સિંધ દેશ તાબે થયો.

પ્ર૦ પાનિયાર આગળ કયારે ને કોની કોની લડાઈ થઈ?

ઉ૦ સન ૧૮૨૭માં દોલતરાવ સિંધિયા મુઆ પછી ગોવાલિયરની ગાદીએ એક દત્તક બેસાડ્યો હતો, તે જ્યારે સન ૧૮૪૩ના ફેબ્રુવારીમાંમરી ગયો, ત્યારે ગાદીએ એક આઠ વર્ષના છોકરાને બેસાડવામાં આવ્યો, તે વેળા મરનાર રાજાની રાણી ફક્ત તેર વર્ષની હતી માટે આ રાજાની વતીથી રાજ કારભાર ઈંગ્રેજના અનુમતથી મામા સાહેબ નામે એક અમિર ચલાવતો હતો. તે અમિરને રાણી તથા બીજા કેટલાએક મળી કારભાર ઉપરથી દુર કરયો, અને તેની જગા દાદાજી ખાસજીવાળા નામે એક માણસને આપી. આથી ગવર્નરને ઘણું ખોટું લાગ્યું તેથી તેણે ગોવાલિયર ઉપર સર હ્યુગફના લશ્કરે સહવર્તમાન આવી ચંબલનદીના સામે કાંઠે મુકામ કરયો ને રાજા

સાથે એકાંત મળવાનું ઠરાવ્યું. પણ રાજા ઠરાવેલે વખતે આવ્યો નહીં, તેથી તેનાપર હલ્લાં કરી. તે વેળા તેણે ઈંગ્રેજની સાથે બાપુ સિતાવલીને સલાહ કરવા મોકલ્યો હતો. તેણે સલાહ ન કરતાં લશ્કર લેઈ ડીસેંબરની ૨૯મીએ મહારાજપુર આગળ સર હ્યુગફ જોડે દારૂણ સંગ્રામ કરી ઈંગ્રેજી લશ્કરનો ઘાણ કાઢી નાખ્યો, તોપણ એની જીત થઈ નહીં; પછીથી ઈંગ્રેજી ફોજે જોર માર્યું એટલે જનરલ વાઈસાઈટે મહારાજપુર લેઈ લીધું. ફરી એજ દહાડે પનિયાર આગળ જનરલ ગ્રેજે તેની જોડે લડાઈ કરી, તેમાં મરેઠાનો પરાભવ થયો અને રાણી ઈંગ્રેજને શરણે આવી.

પ્ર૦ એલેનબરો પછી કયો ગવર્નર નિમાયો?

ઉ૦ એ ગવર્નરના કામથી કોર્ટઆફ ડાઇરેકટરો ખુશી ન થયા, તેથી ઇંગ્લાંડના અભીપ્રાય વિના તેની જગાએ સર હેનરી હાર્ડિંજને નિમ્યો.

પ્ર૦ શીખ[1] લોક સાથે ઈંગ્રેજોને પહેલ વહેલી

---

૧ આ ધર્મના લોકો સન ૧૬૦૦ના સૈકામાં ઉત્પંન થયા હતા તેમનો પેહેલો આચાર્ય નાનક કરીને હતો, તેથી એ ધર્મના લોકોને નાનકસાઈ કહેછે નાનકથી છઠો પુરૂષ ગુરૂ ગોવિંદ થયો તેને ઔરંગજેબ અતિ પીડા કરવા લાગ્યો. તેથી તેણે ધર્મની વાત કોરે મેલી પોતાના શિષ્યોને શિપાઈનો વેશ આપી લડવા ઉશકેરયા; તેમણે મુ-

કયાં આગળ લઢાઈ થઇ?

ઉ૦ પંજાબનો રાજા રણજીતસિંગના મૃત્યુ પછી તેનો દિકરો દુલિપસિંગજી નાની અવસ્થાએ સન ૧૮૩૯માં રાજપદ પામ્યો, તેથી રાજ કારભાર રાજા રણજીતસિંગની સ્ત્રી ચલાવતી હતી અને તેણે પ્રધાનપદ પોતાના ભાઇને આપ્યું હતું, તેને મારી નાખીને કોઇ ગુલાબસિંગ નામના માણસે રાજકારભાર કરવા માંડ્યો. આ વેળા શીખ લોકે રાજ ચલાવનાર રાણીની ઉશ્કેરણથી ઈંગ્રેજના મુલક ઉપર ચઢાઈ કરવાનો મનસુબો કર્યો, હતો. શીખ લોકો ઈંગ્રેજના મુલક ઉપર પડશે એ વાત સર હેનરીહાર્ડિંજ ગવર્નર જનરલે જાણી, તેથી લુધિયાનાને તથા ફિરોજપુરને થાણે કેટલુંક લશ્કર મોકલ્યું તથા અંબાલામાંના સર હ્યુગફને પણ લખ્યું કે તમારે લુધિઆને જવું અને પોતે જાતે તેમનાપર જવા નિકળ્યો. તે વેળા શીખ લોકે ફિરોજપુરથી થોડે અંતરે ફિરોજશાહ ગામ આગળ પડાવ નાખ્યો હતો. તેના ઉપર તા૦ ૧૮ મી ડીસેંબર સન ૧૮૪૫ માં મુડકી ગામ આગળ ઈંગ્રેજોએ મોટી મજલ ચાંપી ધસારો કર્યો,ને તેમને હરાવી નશાડી મુકયા. આ લઢાઈમાં જલાલાબાદનો સરદાર

ગલાઇની પડતી અવસ્થામાં લુટફાટ કરી પંજાબના રાજા રણજીતસિંહના વખતમાં અતિ ઘણા પ્રબળ થયા

રાબર્ટસેલ તથા બીજાં ઘણાંક માણસ ઇંગ્રેજોનાં મરાયાં.

પ્ર૦ શીખ લોક સાથે બીજી વાર ક્યાં આગળ યુદ્ધ થયું?

ઉ૦ ઉપર લખેલા ફિરોજપુર આગળના સૈન્યને હારેલું સૈન્ય જઈ મળ્યું, તેમની સાથે તારીખ ૨૧માએ ઇંગ્રેજે મહાભારથ યુદ્ધ કરયું. તેમાં તેનો પરાભવ થયો આ લડાઈનાં ઘણાએક યુરોપીઅનો મરાયા તથા ઘવાયા હતા. બીજીવાર સરહ્યુગફ તથા હર્ડિંજે શીખ લોકોને તેમના સરદાર તેજાસિંગે સહવર્તમાન હરાવ્યા.

પ્ર૦ તેજાસિંહને હરાવ્યા પછી ફરી ક્યાં આગળ શીખ લોકોને હરાવ્યા?

ઉ૦ એ લોકોએ ફીરોજપુરથી હારયા પછી સતલજ નદીની આ પાર ઉતરી ઇંગ્રેજી રાજમાં આવવાનો નિશ્ચય કરયો, તેથી કમાંડર ઇન ચીફ સરહારી સ્મિથને લુધિઆનાના રક્ષણાર્થે મોકલયો. તેને રસ્તામાં શીખ લોકો સાથે બે ત્રણેક લડાઈઓ કરવી પડી, તેમાં બરોબર જીત થઈ નહી. પણ આગળ ચાલતાં આલીવલ આગળ તા૦ ૨૮મી જાનેવારીએ શત્રુનો પરાભવ કરી જાહેર હાથ કરયું. અને તેમના દારૂ ગોળા, તોપો અને બીજો કેટલોએક સામાન લેઈ લીધો, અને તેમને નસાડી મુક્યા.

પ્ર૦ શીખ લોક સાથે, સોબરેઓનની લડાઈમાં શું થયું?

ઉ૦ સરહાદી રિમથ અલિવલ આગળ શત્રુઓને હરાવી પોતાના મોટા સૈન્યને જઇ મળ્યો. ત્યાર પછી શીખ લોકના કેટલાક માણસોએ સોબરેઓન જગા આગળ સૈન્યનો જમાવ કર્યો હતો, તેના ઉપર તા. ૧૦મી ફેબ્રુવારીએ ઈંગ્રેજોએ હલ્લો કરી તેમનો પરાભવ કર્યો. આથી પંજાબના રાજા દુલિપસિંગજીના તરફથી કારભારી ગુલાબસિંગજીને સલાહ કરવાને મોકલ્યો, તેણે તા૦ ૮ મી માર્ચે બદ્દલ બદલ કેટલુંક નાણું અને બીઆ તથા સતલજ વચ્ચેનો મુલક આપી સલાહ કરી.

પ્ર૦ મિસ્તર વાન્સ એગન્યું અને એંડરસન એ વકીલોનું ખુન શી રીતે થયું?

ઉ૦ મુલતાનના રાજ્યાસનપર લાલા મુળરાજ કરીને રાજા હતો તેની અયોગ્ય વર્તણુંકને લીધે તેને પદભ્રષ્ટ કરી ગાદી ખાનસંગ નામના શુબાને આપી, અને તેની જોડે મજકુર વકીલો મોકલવામાં આવ્યા. તેમના ઉપર મુળરાજે ગુરખા તથા શીખ લોકે સહવર્તમાન ધસારો કરી તે બાપડા ઈંગ્રેજોને ઘાયલ કર્યા. એટલુંજ નહીં પણ તેની ફોજના માણસોએ અતી ક્રૂરતાએ તેને મારી નાંખ્યા. તેના મુડદાંને ઈંગ્રેજે મુલતાન લીધું ત્યારે કોટ ઉપર દટાવ્યાં.

પ્ર૦ મુળરાજને કયાં આગળ હરાવ્યો?

ઉ૦ ઉપરના કૃતની વાત સાંભળી સિંધુપરના લિહાગામમાંનો લેફટેનેન્ટ એડવર્ડસ તથા ઈંગ્રેજના પક્ષમાં-

નો શીખ શરદાર શેરસિંગ એ બંને જણા મુલતાન આવ્યા અને બાવલપુરના નવાબની મદદ મંગાવી. તેમના ઉપર મૂળરાજે હુમલાં કરી પણ તેમા તેની હાર થઈ. ત્યાંથી એડવર્ડસ કર્નલ કાર્ટલંડનને મળવા ઈસ્માઈલ ખાંનને કિલ્લે ગયો. એટલામાં બાવલપુરનું લશ્કર આવી મળ્યું તેથી તા. ૧૮મી જુને ચીનાબ નદીના કાંઠા ઉપરના સદ્દસામ ગામ આગળ મૂળરાજનો લઢીને કેવળ પરાભવ કરચો.

પ્ર૦ ચિલીઆનવલ્લા આગળ ઈંગ્રેજને કોની સાથે યુદ્ધ કરવું પડ્યું ને તેમાં શું થયું?

ઉ૦ શેરસિંગના બાપ છત્રસિંગે હજારા પ્રગણામા શીખ લોકોને એકઠા કરી બંડ ઉઠાવ્યું અને મુલતાનને ઘેરો ઘાલનારે જનરલ વિહિશનો ઘેરો ઉઠાવ્યો એટલે વિહિશના પક્ષનો શેરસિંગ ૫૦૦ શીખ લોક સહવર્તમાન પોતાના બાપની ફોજને મળી ગયો, તેની સામા ઈંગ્રેજે બાહાદુર સેનાપતી લોર્ડ ગફને મોકલ્યો. તેણે સન ૧૮૪૮ના નવેંબરની ૨૨મી તારીખે શેરસિંગ તથા છત્રસિંગ જોડે રામનગર આગળ યુદ્ધ કરયું, તેમા ઈંગ્રેજોની હાર થઈ, ત્યાર પછી સ૦ ૧૮૪૯ના જાનેવારીની ૧૩મી તારીખે ચિલીઆનવલા આગળ લોર્ડ ગફે ફરીવાર યુદ્ધ કરી શત્રુનો પરાભવ કરચો પરંતુ ઘણી હાની પોહોંચી. પછી તા. ૨૨મીએ મૂળરાજ પાશેથી જનરલ વિહિસ મુલતાન તાબે કરી લોર્ડ ગફના સૈન્યને જઈ મળ્યો.

પ્ર૦ પંજાબ પ્રાંત ઈંગ્રેજના કયા સરદારે ને કયારે જીતી લીધો.

ઉ૦ ચિલીઆન વલાની લડાઇથી ઈંગ્લાંડની સરકારે ખેદીત થઈ સરચાર્લસ નેપિયર નામના સરદારને પંજાબ ઉપર મોકલ્યો, તે પહેલાં શેરસિંગ તથા અફગાનીસ્તાન વાળા દોસ્ત મહમદના દીકરાની ફોજને તા૦ ૨૧ મી ફેબ્રુવારીએ ગુજરાત આગળ વાલ્ટર ગીલબર્ટ સાહેબે હરાવી ખેબર લગી તેમની પાછળ પડયો હતો આ લડાઈમાં અફગાન લોકો નાશી ગયા અને શીખ લોકના મુખ્ય સરદારો સ્વાધિન થયા, એટલે પંજાબ ઈંગ્રેજોએ લેઇ લીધુંને તા૦ ૨૯મી માર્ચ ૧૭૫૧માં પોતાના રાજ જોડે મેળવી દીધું.

પ્રકરણ ૮ મું.

પરચુરણ ઝઘડા ઈ૦ સ૦ ૧૮૫૧થી ૧૮૫૮ સુધી.

પ્ર૦ પેગુ પ્રાંત ઈંગ્રેજોને કેઈ રીતે મળ્યો?

ઉ૦ લોર્ડ ડેલોઝી ગવર્નર જનરલના રાજ કારભારમાં પંજાબ પ્રાંત જીતાયો, તે વેળા બ્રહ્મ દેશના તાબાના રંગુનના સુબાએ ઈંગ્રેજથી વિરૂધ ચાલી ઈંગ્રેજી વહાણના બે સરદારોને પીડા કરી. તે વાત ડેલોઝીએ જાણી. તેથી વહાણના અધિપતી લાંબર્ટને ફોજ આપી રંગુન મોક

લ્યો તેને એવું ફરમાવ્યું કે લડાઇ ન કરતાં સમાધાની થાય એમ કરવું. રંગુનના અધિકારીએ લાર્મ્હર્ટનો આદર સત્કાર ન કરચો, તે ઉપરથી તેણે આવાના રાજાને લખ્યું. રાજાએ તેની જગાએ બીજો સુબો નિમ્યો. એ સુબો આગલા સુબા કરતાં વધારે વિરૂધ ચાલ્યો તે ઉપરથી લાર્મ્હ-ર્ટે તેમના બીજા બંદરને ઘેરો ઘાલવાને જાહેર કર્યું ને આવાના રાજાને કાગળ લખી રંગુન નદીના જળ માર્ગે બરમી લોકનાં લડાઇનાં વહાણ ઉપર હલ્લાં કરી તેમનો નાશ કરચો. આવાના રાજાએ પત્રમાં લખ્યા પ્રમાણે નહીં કરતાં રંગુન ઉપર નવા મોકલેલા સુબાએ કરેલાં કામ કાયમ રાખ્યાં, તેથી ગવરનર જેનરલ ડેલોઝીએ જેનરલ ગોડવીને પુષ્કળ વહાણના લશ્કર સાથે જળ માર્ગે રવાને કરચો, તેણે માર્ટાબાન, રંગુન તથા બસિન એ બંદરો જીતી લોઅર-પેગુને ઘેરો ઘાલી સન ૧૮૨૫ ના જુને તે લીધું ને તા૦ ૨૦ મી ડીસેંબરે પોતાના રાજ જોડે ભેળવી દીધું. આ લડાઇમાં ઇંગ્રેજી ફોજમાં તાવ તથા કોલેરાના રોગે અતિ સંહાર કરચો હતો. આગળ આવાના રાજાને તેના ભાઇએ ગાદી ઉપરથી ઉઠાડી મુકી પોતે ગાદી ઉપર બેઠો અને સન ૧૮૫૩ ના જુન મહિનાની ૩૦ મી તારીખે ઇંગ્રેજ જોડે સંધી કરી.

પ્ર૦ સોંથળ લોકો કયાંના રેહેવાશી ને તેમણે શું કરચું.

ઉ૦ ભાગલપુર પ્રાંતના પહાડી પ્રગણમાં સોંથલ.

કરીને લોક હતા. તેમણે બ્યાજ ઓર સહુકારોના દમવાથી અમને ઇશ્વ આગ્ના થઇ છે એવું બોલી બંડ કરયું ને ટલાક ગામડાં લૂટયા તથા બાળ્યાં. તેમને જનરલ લોયલડે હરાવી નસાડી મૂકયા સન ૧૮૫૫.

પ્ર૦ અયોધ્યાનું રાજ ઇંગ્રેજી રાજય જોડે કયારે ભેળવ્યું?

ઉ૦ આગલા ઠરાવ પ્રમાણે નવાબથી રાજ થયું નહીં ને તેના રાજમાં ધર્મ સંબંધી ઉઠેલી પ્રીસાદ પણ મટાડી શકાઇ નહી, તેથી ઇ૦ સ૦ ૧૮૫૬ના ફેબ્રુવારીની ૬ઠીએ ગવર્નર ડેલાઝી એ ઇંગ્લાંડના અભીપ્રાય પ્રમાણે ઇંગ્રેજી રાજય ભેગું ભેળવી દીધું.

પ્ર૦ દેશી પલટણના લોકોએ બંડ શા માટે કરયું?

ઉ૦ ઇંગ્રેજ લોકો રાયફલ નામની બંધુક છોડવામાં કાર્ટિજ[1] (આમડાની ટોટાઓ) વેહેંચી અપવા માંડી, તે તેમણે લેવાની ના પાડી, તેથા તેમને બરાન પુરમાંથી બરાકપુરમાં લેઇ જઇ નોકરીમાંથી કાઢી મૂકયા. તેજ પ્રમાણે મીરતના સ્વારોએ "કાર્ટિજ" લેવાની ના પાડી તેથી તેનને કેદનો હુકમ કરી તેમને મેની ૯મી તારીખે કેદ કરવા લેઇ ગયા, તેને બીજે દહાડે છાવણીના માણસો એ બંડ ઉઠાવી પોતાના અમલદારોને ગોળીઓથી મારી

---

૧ ટોટીઓ ઉપર ગય તથા ભુંડની ચરબી ચોપડી આપણને વટલાવાને એ ઉપાય કરયોછે, એવી ગપ ચાલી હતી.

દિલ્લી નાશી ગયા.

પ્ર૦ તે વેળાએ બીજા કયા બંડ ખોરો હતા?

ઉ૦ પેશ્વાનો દત્તક નાના સાહેબ, દિલ્લીનો પાદશાહ, અયોધ્યાની બેગમ, ફીરોજશાહ, નાનાસાહેબનો સબો તાત્યા ટોપી અને ઝાંહાંસીની રાણી એ બંડ ખોરોમાં મુખ્ય હતાં.

પ્ર૦ એઓનો કયાં અને શી રીતે પરાજય થયો?

ઉ૦ નાના સાહેબે બંડ કરી અતિ ઘણું ક્રૂર કામ કર્યું, તેને ખાનપુર મુકામે જનરલ હેવ લોકે હરાવ્યો. દિલ્લીના પાદશાહને દિલ્લી આગળ હરાવ્યો તેથી તે નાઠો, તેને પકડીને કપતાન હડસને કેદ કરયો અને તેના બે શાહજાદાને પીસ્તોલથી મારી નાખ્યા. પછી નાના સાહેબ, અયોધ્યાની બેગમ અને ફીરોજશાહ એઓ બરેલીમા ભરાઇ બેઠાં હતાં, તેને સેન્યાપતી કયામ્બલે નશાડી મુકયાં. તાત્યા ટોપીને સાગરની પશ્ચિમની બેટવા નદી આગળ સરહેરોજે હરાવ્યો, અને એજ સરદારે ઝાંહાંસીનો કિલ્લો હાથ કરી ત્યાંની બાહાદુર રાણીને હરાવી તેના તાબાનો કાલ્પીનો કિલ્લો લેઇ લીધો. એ શિવાય કેટલાંક નાનાં બંડ થયાં પણ તે આવા પ્રકારના ઇતિહાસમાં લખવું હમે દુરસ્ત ન ધાર્યું. બંડ ખોરોના વખતના તોફાંનથી હિંદુસ્તાન દેશની અતિઘણી ખરાબી થઇને લોકોને મોટે [illegible] દુઃખ પડ્યું અને કોઇને જપીને બેસવાનો વારો આવ્યો નહોતો. પરંતુ તે સઘળું દુખ મટી ગયું અને [illegible] સરકારના હાથમાંથી વિક્ટોરિયા મોહા રાણી [illegible] ૧૮૫૮ના નવેંબર માસની પેહેલી તારીખે [illegible] રાજ્ય કારભાર પોતાના હસ્તક લીધો. [illegible]માં દીન નીરગમન કરે છે.

સૂચના—આ કોઠા વિદ્યાર્થિયોએ નીચેના અનુક્રમે શીખવા.

વંશાવળીનો અનુક્રમ.

નામ. ગા૦ બે૦ સન. ઉ૦ સન. રાજ કર્યું.

યુદ્ધાવળીનો અનુક્રમ.

નામ. તારીખ. માસ. સન. હરાવનાર. હારનાર.

હિંદુસ્તાનમાં થએલા રાજાઓ.

મહમદ ગજનવી	૯૯૭	૧૦૩૦	૩૩
ગોરી શાહાબુદીન	૧૨૦૨	૧૨૦૬	૪

ગુલામવંશ.

કુતબુદીન	૧૨૦૬	૧૨૧૦	૪
અલતમસ	૧૨૧૧	૧૨૩૬	૨૫
રૂકનુંદીન	૧૨૩૬	૧૨૩૬	૭ માસ
રજીયાબેગમ	૧૨૩૬	૧૨૩૯	૩
મોઝુદીન	૧૨૩૯	૧૨૪૧	૨–૨માસ
અલાઉદ્દીન	૧૨૪૧	૧૨૪૪	૩
નાસરૂદીન	૧૨૪૪	૧૨૬૬	૨૨
ગ્યાસુદીન	૧૨૬૬	૧૨૮૬	૨૦
કૈકુબાદ	૧૨૮૬	૧૨૮૮	૨

ખીલજીવંશ.

જલાલુદીન	૧૨૮૮	૧૨૯૫	૭
અલાઉદ્દીન	૧૨૯૫	૧૩૧૬	૨૧
કાફુર	૧૩૧૬	૧૩૧૭	૧
મુબારક	૧૩૧૭	૧૩૨૧	૪
ખુશરૂ	૧૩૨૧	૧૩૨૧	૫ માસ.

તગલખવંસ

ગાઝીખાં	૧૩૨૧	૧૩૨૫	૪
જુમાખાં	૧૩૨૫	૧૩૫૧	૨૬
ફીરોઝુદીન	૧૩૫૧	૧૩૮૮	૩૭
ગ્યાસુદીન	૧૩૮૮	૧૩૮૯	૫ માસ
અબુબકર	૧૩૮૯	૧૩૯૦	૧
નાસરૂદીન	૧૩૯૦	૧૩૯૪	૪
મહુમદ	૧૩૯૪	૧૪૧૨	૧૬

સૈયદવંશ.

ખીજરખાં
મુબારક
મહુમદ
અલાઉદીન

} એ વંશના રાજાઓએ ૧૪૧૨ થી ૧૪૫૦ સુધી ૩૮ વર્ષ રાજ કર્યું.

લોદીવંશ.

બહીલોલખાં	૧૪૫૦	૧૪૮૮	૩૮
સિકંદર	૧૪૮૮	૧૫૧૬	૨૮
ઇબ્રાહિમ	૧૫૧૬	૧૫૨૬	૧૦

મોગલવંશ.

બાબર	૧૫૨૬	૧૫૩૦	૪
હુમાયું	૧૫૩૦	૧૫૫૬	૨૬
અકબર	૧૫૫૬	૧૬૦૫	૪૯
જહાંગીર	૧૬૦૫	૧૬૨૭	૨૨
શાહાજહાં	૧૬૨૭	૧૬૫૮	૩૧
ઔરંગજેબ	૧૬૫૮	૧૭૦૭	૪૯

બાહાદુરશાહ	૧૭૦૮	૧૭૧૨	૪
જહાંદારશાહ	૧૭૧૨	૧૭૧૩	૮ મા
ફરોખશીર	૧૭૧૩	૧૭૧૯	૬
રફીઉદરજાત	૧૭૧૯	૧૭૧૯	૦
રફીઉદવલા	૧૭૧૯	૧૭૧૯	૦
મહમદશાહ	૧૭૧૯	૧૭૪૮	૨૯
અહમદશાહ	૧૭૪૮	૧૭૫૪	૬
આલમગીર	૧૭૫૪	૧૭૫૮	૪

મરેઠા રાજાઓ

શિવાજી	૧૬૬૫	૧૬૮૦	૧૫
સંભાજી	૧૬૮૦	૧૬૮૯	૯
રાજારામ	૧૬૮૯	૧૭૦૦	૧૧
શિવાજી બીજો	૧૭૦૦	૧૭૦૮	૮
શાહુરાજા	૧૭૦૮	૧૭૪૯	૪૨
રાજારામ બીજો	૧૭૪૯	૧૭૭૭	૨૮
શાહુમહારાજ	૧૭૭૭	૧૮૦૮	૩૧
પ્રતાપસિંહ	૧૮૦૮	૧૮૪૦	૩૨

હિંદુસ્તાનમાં થયેલા ઇંગ્રેજી ગવર્નર જનરલો.

લોર્ડવાર્નહેસ્ટિંગ	૧૭૭૩	૧૭૮૬	૩
લાર્ડકાર્નવાલીસ	૧૭૮૬	૧૭૯૩	૭
લોર્ડસરજાનશોર	૧૭૯૩	૧૭૯૮	૫
લાર્ડમોનિંગ્ટન	૧૭૯૮	૧૭૯૮	૦
લોર્ડમાર્કિવેલસ્લી	૧૭૯૮	૧૮૦૫	૭

લાર્ડકાર્નવાલીસ	૧૮૦૫	૧૮૦૫	૦
લાર્ડસરજ્યાર્જબારોલ	૧૮૦૫	૧૮૦૭	૨
લાર્ડમિન્ટો	૧૮૦૭	૧૮૧૩	૬
લાર્ડમાર્કિવસ આફ હેસ્ટિંગ્સ	૧૮૧૩	૧૮૨૩	૧૦
લાર્ડઆમહર્સ્ટ	૧૮૨૩	૧૮૨૭	૪
લાર્ડવિલ્યમબેન્ટિંગ	૧૮૨૭	૧૮૩૬	૯
લાર્ડઆકલાંડ	૧૮૩૬	૧૮૪૨	૬
લાર્ડએલેનબરો	૧૮૪૨	૧૮૪૪	૨
લાર્ડહાર્ડિંજ	૧૮૪૪	૧૮૪૭	૩
લાર્ડ ડેલહાઉસી	૧૮૪૭	૧૮૫૬	૯
લાર્ડ કેનિંગ	૧૮૫૬	૧૮૬૨	૬
લાર્ડ એલજીન	૧૮૬૨	૧૮૬૩	૧
લાર્ડસરજાનલારેન્સ	૧૮૬૩	૧૮૬૮	૫
લાર્ડ મેયો	૧૮૬૮ તા૦ ૧૯મી ડીસેંબરે નીમાયો.		

સ્થળવાર યુદ્ધાવળી.

પાણીપત ઇ૦ પૂ૦ ૧૪૦૦ પાંડવ-કૌરવ.

પ્રભાસપાટણ ૧૦૨૪ મહમદગીજનવી-વલભ.

પાણીપત ૧૧૯૨ શહાબુદ્દીન-પૃથુરાજ.

દિલ્લી ૧૩૯૮ તૈમૂર-મહમદતગલખ.

પાણીપત ૨૧ એ. ૧૫૨૬ બાબર-ઇબ્રાહિમ.

શીકરી ૧૬ મા. ૧૫૨૭ બાબર-સંગ.

ચંદેરી ૨૦ જા. ૧૫૨૮ બાબર-રજપૂત.

બક્સર ૧૫૩૯ શીરશાહ–હુમાયું
કનોજ ૧૫૪૦ શિરશાહ–હુમાયુ.
પણીપત ૧૫૫૬ બહેરામ–હેમુ
ક્ષીપ્રાનદી એ ૧૬૫૮ ઔરંગજેબ–જસવંતસિંગ.
સમઘઢ જુ ૧૬૫૮ ઔરંગજેબ–દારા.
પ્રયાગ ૩ જા. ૧૬૫૯ ઔરંગજેબ–શુજા.
આર્ની ૧૭૫૨ કલાઇવ–રાજાસાહેબ
પ્લાસી ૨૩ જુન. ૧૭૫૭ કલાઇવ–શુરાજઉદ્દવલા.
ચીનસુરા ૨૫ ન. ૧૭૫૯ ક૦ ફોર્ડ–વલંદા
વ. દેવાસ ૨૨ જા. ૧૭૬૦. ઇંગ્રેજ કે૦ બુસી ને લાલી
કંડોર ૯ ડી. ૧૭૬૦ ક૦ ફોર્ડ–ફ્રેંચ કાનફ્લાંસ.
પટણા ૧૭૬૦ ક૦ નોક્સ–શાહઆલમ.
પાણીપત ૬ જા. ૧૭૬૧ ક૦ અહમદ ભાઉ ને વિશ્વાસરાવ.
બક્સર ૨૩ અ. ૧૭૬૪ હે. મનરો–શુ ઉ શા આ મી.કા.
પટણા ૧૩ મે. ૧૭૬૪ મેજર કર્નાક–શુ ઉ.શા આ મી કા.
કોરાગામ ૩ મે ૧૭૬૫ જ૦ કર્નાક–સુજાઉદ્દવલા.
ચંગામ ૩ સ. ૧૭૬૭ ક૦ સ્મિથ–હૈદર.
ત્રીનોમાલી ૨૬ સ. ૧૭૬૭ ક૦ સ્મિથ–હૈદર.
લાહર ૨૧ એ. ૧૭૮૦ ક. પોફામ–સિંધિયા.
આર્કાટ ૧૦ સ. ૧૭૮૦ હૈદર–ક૦ બેલી.
પોર્ટોનોવા ૧ જુ. ૧૭૮૧ સ૦ પા૦ કુટ–હૈદર.
પાલીલોર ૨૧ આ. ૧૭૮૧ સ૦ પા૦ કુટ–હૈદર.
સોલીંગર ૨૭ સ. ૧૭૮૧ સ૦ પા૦ કુટ–હૈદર.
તંજાવર ૧૮ ફે. ૧૭૮૨ ટિપુ–ક૦ બ્રાયવેટ.

પનીઆની ૨૯ ન. ૧૭૮૨ કo હ્રેખરસ્ટૈન-ટિપુ.
સીડાસુર ૬ મા. ૧૭૯૯ જo સ્ટુઅર્ટ-ટિપુ.
માલવેલ્લી ૨૭ મા. ૧૭૯૯ જo સ્ટુઅર્ટ-ટિપુ.
શ્રીરંગપટણ ૪ મે. ૧૭૯૯ જo બેયર્ડ-ટિપુ.
દિલ્લી ૧૧ સ. ૧૮૦૩ નિઝામ-મરેઠા.
આસાઈ ૨૩ સ. ૧૮૦૩ નિઝામ-સિંધિયા.
લાસવારી ૧ ન. ૧૮૦૩ જo લેક-મરેઠા
દિગ ૧૩ ન. ૧૮૦૩ જo માનસન-હોલકર.
ફરૂકાબાદ ૧૭ ન. ૧૮૦૩ જo લોર્ડ લેક-હોલકર
આરગામ ૨૭ ન. ૧૮૦૩ જo વેલસ્લી-સિંધિયા.
કોરેગામ ૧૮ જા ૧૮૧૬ જo સ્ટાન્સન-પેશ્વા.
મકવાનપુર ૨૮ ફે. ૧૮૧૬ સo ઓક્ટરલોની-ગુરખા
ખડકી ૫ ન. ૧૮૧૭ રo એલફિન્સ્ટન-પેશ્વા.
નાગપુર ૧૬ ડી. ૧૮૧૭ જo હોપવેટન-આપાસાહેબ.
જબલપુર ૧૯ ડી. ૧૮૧૭ જo હાર્ડિંગન-આપાસાહેબ
માહીદપુર ૨૧ ડી. ૧૮૧૭ સo જોoમાલકમ-હોલકર
પાણીમ ૯ ફે. ૧૮૨૫ સo આર્શિબાલ્ડ-નરકાધીપતી.
પરવાન ૨ ન. ૧૮૩૯ સoરોo સેલ-દોસ્ત મહમદ.
મીયાની ૧૭ ફે. ૧૮૪૨ સoચાoનેપીયર-સિંo અમીરો.
હૈદરાબાદ ૨૪ મા. ૧૮૪૨ સoચાoનેપીયર સિંo અમિરો
માહરાજપુર ૨૯ ડી. ૧૮૪૩ સoહ્યુગફ-મo બાપુસિતાતજી
પનીઆર ૨૯ ડી. ૧૮૪૩ જo ગ્રે-મરેઠા.
મુડકી ૧૮ ડી. ૧૮૪૫ સo હ્યુગફ-શીખ.
ફીરોજશાહ ૨૧ ડી. ૧૮૪૫ સo હ્યુગફ-શીખ.

અલીવલ ૨૮ જા. ૧૮૪૬ જ૦ સ્મિથ-શીખ.
સોબરોન ૧૦ ફે. ૧૮૪૬ જ૦ સ્મિથ-શીખ.
સતસાંમ ૧૮ જુ. ૧૮૪૮ જ૦ એડવાર્ડ-લા૦ મુળરાજ.
રામનગર ૨૨ ન. ૧૮૪૮ લોર્ડગફ-શેરસિંગને છત્રસિંગ.
ચીનીઅવલા ૧૩ જા. ૧૮૪૯ લોર્ડગફ-શેરસિંગને છત્રસિંગ
ગુજરાત ૨૧ ફે ૧૮૪૯ લોર્ડ ગફ-શેરસિંને ગછત્રસિંગ

ખાનપુર	૧૮૪૯થી ૧૮૫૮સુધીમાં	જ૦ હેવલોક-નાનાસાહેબ
દિલ્લી		ક૦ હડસન-શાહઆલમ
બેટવા નદી		સ૦ હ્યુરોજ-તાત્પાટોપી.
ઝહાંસી		સ૦હ્યુરોજ-ઝાંસીની રાણી
ગોવાલીઅર		સ૦હ્યુરોજ-તાત્પને રાણી

ઇંગ્રેજી ઉપરથી સોધેલું શુદ્ધિપત્રક.

પાનું	ઓળ	અશુદ્ધ	શુદ્ધ.
૧૭	૧૪	૭	૨૧
૨૩	૪	૬૧	૬૨
,,	૧૪	૨	૮
,,	૧૭	૧૮	૫૮
૨૭	૧૨	૨૨ આગષ્ટ	૨૩ સપ્ટેંબર.
૨૮	૧૪	કોવરપાર	કોરેપાક.
૨૯	૨	૧૦૦૦	૧૪૦૦૦
૩૧	૨	૧૨૯	૧૪૬
,,	૨૨	૧૮૫૭.	૧૭૫૭
૩૩	૨	નવા	નવાબ
૩૪	૩	૧૭૫૯	૧૭૫૮

,,	૧૮	૧૭૫૯	૧૭૫૬
,,	૧૯	૧૭૬૦	૧૭૫૯
૩૫	૫	કુટમસ	કુટ
,,	૧૪	૧૬ મી ૧૭૬૧	૨૨મી ૧૭૬૦
૩૭	૫	૧૮૫૯	૧૭૫૯
૪૦	૮	૧૭૬૧	૧૭૬૩
૪૭	૬	૧૧મી	૨૧મી
૪૮	૧૨	૧૭૫૭	૧૭૭૫
૪૯	૧૫	૧૭૮૦	૧૭૭૯
૫૧	,,	૮	૧૮
,,	૨૨	૨૬	૨૭
૫૨	૪	૧૭૮૯	૧૭૮૨
૫૩	૧૫	૧૭૯૨	૧૭૮૧
૫૬	,,	૧૭મી	૨૭
૬૪	૧	રસે	ગુરસે
૬૯	૧૧	૧૮૧૫	૧૮૧૪
૭૭	૧૧	૨૮મી	૮મી
૭૮	૧૪	૨૧મી	૧૯મી
૮૦	૧૫	૧૮૩૮	૧૮૩૯
૮૨	૨૧	એ	આગળ
૮૪	૧૧	૧૮૪૨	૧૮૪૩
૯૨	૧૪	૧૮૨૫	૧૮૫૨

સમાપ્ત

જાહેરખબર

નીચેના લખેલી ચોપડીઓ અમદાવાદમાં મિશન ઇંગ્રેજી અને ગુજરાતી નિશાળોમાંથી અને ડાહ્યાભાઈના વાડામાં બુકસેલર ચુનીલાલ કાળીદાસ, મહુધામાં ઇંગ્રેજી સ્કૂલના આસિસ્ટન માસ્તર દુર્ગાશંકર મગનલાલ, ઉમરેઠમાં બારડીફળીયાને નાકે દાદાભાઈ ઈશ્વર, ભરૂચમાં ભુતનાથ મહાદેવ આગળ શાસ્ત્રી ગણપતરામ કાળીદાસ, જંબુસરની કન્યાશાળાના આસિસ્ટન ઓરછવરામ, સુરતમાં મિશન ગુજરાતી નિશાળના મેહેતાજી ઉત્તમરામ, રાજકોટમાં મિશન ગુજરાતી નિશાળમાંથી, મેહેમદાવાદમાં શાસ્ત્રી રેવાશંકર મયાશંકર અને કેટલાક મોટા ગામની સરકારી નિશાળોમાંથી પણ રોકડી કિમતે મળશે.

આ ચોપડીઓની દશથી વધારે નકલો રાખનારને ઉધારે સેંકડે દશ ટકા અને રોકડે પંદર ટકા કમીશન કાપી આપવામાં આવશે. બાહારના ઘરાકોએ ટપાલ ખરચ વધારે મોકલવું.

ચોપડીનું નામ.	કીમત
હિંદુસ્તાનના ઇતિહાસનો સંક્ષેપ પ્રશ્નોત્તર રૂપે નવા પાંચમા અને છઠ્ઠા ધોરણનો અભ્યાસ કરવા લાયક...	૦-૬-૦
ગુજરાતનો ઇતિહાસ વાઘેલા વંશ સુધી નવા ચોથા ધોરણનો અભ્યાસ કરવા લાયક ...	૦-૧-૩
હોપકૃત વ્યાકરણના પ્રશ્ન	૦-૧-૬

વ્યાસ માહાશંકર ઈશ્વર